RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ અષાઢ વદ - ૧૨ | સોમવાર તા.૧૦-૦૮-૨૦૨૬ | અંક : ૪૩ વર્ષ : ૨૨ | email :rajkot@aaspassindia.com | કિંમત રૂ. ૨-૫૦ | પાના - ૮

**અમેરિકાના સાંસદ ક્રિસ મર્ફીનો આરોપ**

# ઈરાન યુદ્ધના બહાને ટ્રમ્પ માર્કેટ મેનિપ્યુલેશન કરે છે

## ‘ટ્રુથ સોશિયલ’પર $૧૦૦,૦૦૦નું સબસ્ક્રિપ્શન અને ઈનસાઈડર ટ્રેડિંગનો આરોપ

વોશિંગટન,

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પર ઈરાન યુદ્ધને લઈ ગંભીર આરોપ લાગ્યા છે. ડેમોક્રેટિક સીનેટર ક્રિસ મર્ફીએ દાવો કર્યો કે, ટ્રમ્પ શાંતિ કરારના ખોટા સંકેતો આપી મિત્રો-પરિજનોને નાણાકીય ફાયદો કરાવી રહ્યા છે. ટ્રમ્પ ૬ મહિનામાં ૧૧ વખત યુદ્ધ સમાપ્તિની ખોટી જાહેરાતો કરી ચૂક્યા છે. મર્ફીએ 'ટ્રુથ સોશિયલ'ના ઈ૧૦૦,૦૦૦ના સબસ્ક્રિપ્શનને 'ઈનસાઈડર ટ્રેડિંગ' ગણાવી, યુદ્ધ



તાત્કાલિક સમાપ્ત કરવાની માંગ કરી છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પર ઈરાન યુદ્ધને લઈને દેશની જનતાને મહિનાઓથી ગેરમાર્ગે દોરવાનો અને માર્કેટને પ્રભાવિત કરવાનો ગંભીર આરોપ મૂકવામાં આવ્યો છે. ડેમોક્રેટિક સીનેટર ક્રિસ મર્ફીએ સેનેટમાં આકરા પ્રહારો કરતા દાવો કર્યો છે કે, ટ્રમ્પ ઈરાન સાથે શાંતિ કરાર થવાના ખોટા સંકેતો આપીને પોતાના મિત્રો અને પરિજનોને નાણાકીય ફાયદો કરાવી રહ્યા છે. મર્ફીના જણાવ્યા મુજબ, ઈરાન સાથે ચાલતી જંગને હવે ૬ મહિના જેટલો સમય થઈ ચૂક્યો છે અને આ દરમિયાન એક સ્પષ્ટ પેટર્ન જોવા મળી છે. ટ્રમ્પ અવારનવાર રવિવારે રાત્રે અથવા સોમવારે સવારે શેરબજાર (માર્કેટ) ખૂલે તે પહેલાં જ એવી જાહેરાત કરે છે કે ઈરાન સાથે યુદ્ધ પૂરું થવાનું છે અથવા સમજૂતી નજીક છે. મર્ફીએ ઉમેર્યું કે, વિતેલા સમયમાં ટ્રમ્પે ૧૧ અલગ-અલગ પ્રસંગોએ આવા દાવા કર્યા હતા, પરંતુ તેમાંથી એક પણ વાસ્તવિક સાબિત થયા નહોતા. સીનેટર ક્રિસ મર્ફીએ સીનેટમાં એક નવો જ ધડાકો કરતાં કહ્યું કે, આ યુદ્ધ માત્ર બેદરકારીના કારણે લાંબુ ખેંચાઈ રહ્યું નથી, પરંતુ પ્રમુખ ટ્રમ્પે આમાંથી પૈસા બનાવવાનો નવો રસ્તો શોધી લીધો છે.

# મુર્શિદાબાદમાં ૭ બાંગ્લાદેશી ઝડપાયા ઘૂષણખોરીને રોકવા પોલીસ એલર્ટ

## ચેન્નઈમાં મજૂરી કામ કરતા હોવાનો ખુલાસો, માનવ તસ્કરીની દિશામાં પણ તપાસ શરૂ

મુર્શિદાબાદ,

પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદમાં પોલીસે મોટી કાર્યવાહી કરી છે. મળતી જાણકારી પ્રમાણે મુર્શિદાબાદ પોલીસે સાત બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરી છે. પોલીસને ખાનગી રાહે બાતમી મળી હતી કે, કેટલાક લોકો ગેરકાનૂની રીતે આંતરરાષ્ટ્રીય બોર્ડર પાર કરવાનો પ્રયત્ન કરી રહ્યાં છે. આ મામલે જાણ થતાની સાથે જ પોલીસે કાર્યવાહી અને તપાસના ચક્રો ગતિમાન કરી નાખ્યાં હતાં. પોલીસે કાર્યવાહી કરતા બોયરા મીરપુરમાં આવેલા ખેતરમાથી ૭ બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરી લીધી છે. તેમની સામે આગળની કાર્યવાહી પણ શરૂ કરી દેવામાં આવી છે.

પોલીસ દ્વારા કરવામાં આવેલ પ્રાથમિક તપાસ પ્રમાણે આ દરેક લોકોએ પોતાને બાંગ્લાદેશના ચપાઈ નવાબગંજ જિલ્લાના રહેવાસી હોવાનું જણાવ્યું છે. આ દરેક લોકો ચેન્નઈમાં મજૂરી કામ કરતા હોવાનો પણ ખુલાસો થયો છે. આરોપ એવો છે કે, આ લોકો કોઈ પણ પ્રકારની કાનૂની ઈમિગ્રેશન પ્રક્રિયા પૂર્ણ કર્યા પછી બાંગ્લાદેશ પાછા ફરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. જેની પોલીસને બાતમી મળી હતી.અત્યારે આ તમામ સાથે પોલીસ પુછપરછ કરી રહી છે. પોલીસે એ દિશામાં પણ તપાસ કરી રહી છે કે, આ લોકો સાથે કોઈ અન્ય વ્યક્તિ સામે છે કે નહીં? આ લોકોને આવવા અને જવા માટેની વ્યવસ્થા કરતો દલાલ છે કે નહીં? આ સાથે પોલીસ માનવ તસ્કરીની દિશામાં પણ તપાસ કરી રહી છે. પ્રાથમિક પુછપરછમાં તેઓ બાંગ્લાદેશના હોવાનું જાણવા મળ્યું છે. પરંતુ સૌથી મોટો પ્રશ્ન એ છે કે, આ લોકો ભારતમાં આવ્યાં કઈ રીતે? અત્યારે આ તમામ લોકોને લાલગોળા હોલ્ડિંગ સેન્ટર મોકલી દેવામાં આવ્યાં છે.

બોર્ડર પાસેથી બાંગ્લાદેશી લોકોની ધરપકડ થઈ હોવાથી સુરક્ષા એજન્સીઓ પણ સતર્ક થઈ ગઈ છે. પશ્ચિમ બંગાળમાં આવી રીતે થતી ઘૂષણખોરીને રોકવા માટે પોલીસ બોર્ડર વિસ્તારમાં સતત નજર રાખી રહી છે.

તાજેતરમાં ત્રિપુરાના ઉનાકોટી જિલ્લામાં ભારત-બાંગ્લાદેશ આંતરરાષ્ટ્રીય સરહદ પર એક બાંગ્લાદેશી દાણચોરનો સામનો થયો હતો. જોકે, મ્જીહ્વ દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં તેનું મોત થયું હતું. દાણચોર બર્મીઝ સિગારેટનો મોટો જથ્થો ભારતમાં લાવવા માટે આંતરરાષ્ટ્રીય સરહદ પાર કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો.

# ચીન પર ‘ડોલ્ફિન’ વાવાઝોડાએ મચાવ્યો કહેર

## જેઝિયાંગ પ્રાંતના યેકિંગ શહેરમાં ૧૬૨ કિ.મીની ઝડપે લેન્ડફોલ કરતા ૨૩૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ

બેઈજિંગ,

જાપાન અને તાઈવાનમાં ભારે વિનાશ વેર્યા પછી ડોલ્ફિન વાવાઝોડું રવિવારે ચીનના પૂર્વીય કાંઠા પર ત્રાટક્યું હતું. ડોલ્ફિન વાવાઝોડાંએ જેઝિયાંગ પ્રાંતમાં પૂર્વીય દરિયાકાંઠે યેકિંગ શહેરમાં પ્રતિ કલાક ૧૬૨ કિ.મી.ની ગતિએ લેન્ડ ફોલ કર્યું હતું. વાવાઝોડાંના પગલે ચીનના હવામાન વિભાગે વાવાઝોડાના સંભવિત માર્ગના વિસ્તારમાં રેડ એલર્ટ જાહેર કરી હતી. આ પહેલાં વાવાઝોડાંની વિનાશક્તાને ધ્યાનમાં રાખીને ૧૦ લાખ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરાયું હતું જ્યારે ચીનના બે મુખ્ય એરપોર્ટ પર ૨૩૦૦થી વધુ ફ્લાઈટ રદ કરાઈ હતી.

ડોલ્ફિન વાવાઝોડાંએ જાપાનના કાગોશિમા તથા તાઈવાનના તાઈપેઈ સહિત ઉત્તરીય તાઈવાનમાં ભારે વિનાશ વેર્યા પછી રવિવારે ચીનના જેઝિયાંગ



પ્રાંતના ગીચ વસતીવાળા યુહુન શહેર પર પ્રતિ કલાક ૧૬૨ કિ.મી.ની ઝડપે ત્રાટક્યું હતું. ચીનમાં એક વર્ષમાં આ ૧૩મા વાવાઝોડાંએ ભારે વિનાશ વેર્યો છે. વાવાઝોડાંના પગલે જેઝિયાંગ પ્રાતના પાટનગર હેન્ગઝોઉ શહેરમાં હેન્ગઝોઉ એરપોર્ટમાં ૨૩૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ કરાઈ હતી. શાંઘાઈના બે મુખ્ય એરપોર્ટમાં પણ ૮૦ ટકા દૈનિક ફ્લાઈટ્સ રદ કરી દેવાઈ હતી. ચીનના હવામાન વિભાગે વાવાઝોડાંની અસર હેઠળ મૂશળધાર વરસાદના પગલે ચીનના અનેક વિસ્તારોમાં રેડ એલર્ટ જાહેર કરી છે.

# ચીનની મોબાઈલ કંપનીઓના ડિવાઈસમાં ગુપ્તચર એજન્સીઓને બગ હોવાની આશંકા

## સરકાર હવે આ કંપનીઓના સંચાલન મોડેલની સમીક્ષા કરશે

નવી દિલ્હી,

ભારતીય કાયદાઓના પાલન મુદ્દે વોટ્સએપ, ફેસબૂક, ઈન્સ્ટાગ્રામ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સની પેરેન્ટ કંપની મેટા સામે આકરું વલણ અપનાવ્યા પછી હવે કેન્દ્ર સરકાર ચીનની મોબાઈલ કંપનીઓને સાણસામાં લેવાની તૈયારી કરી રહી છે. ગુપ્તચર એજન્સીઓએ ચીનની કેટલીક મોબાઈલ કંપનીઓની ડિવાઈસીસમાં વપરાતા ચીપસેટ, સોફ્ટવેરમાં સંભવિત બગની આશંકા વ્યક્ત કરી છે, જેના મારફત ભારતીય યુઝરનો ડેટા વિદેશી સર્વરમાં ખાસ કરીને ચીનમાં સ્થિત સર્વરોમાં ટ્રાન્સફર થઈ શકે છે, જે સુરક્ષા માટે જોખમી બની શકે છે.

ગુપ્તચર એજન્સીઓએ ચીનની કેટલીક મોબાઈલ કંપનીઓમાં ઉપયોગમાં લેવાતા ચિપસેટ, સોફ્ટવેર અને ડેટા ટ્રાન્સફર અંગે સુરક્ષાની દૃષ્ટિએ ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. ગુપ્તચર એજન્સીઓને ચીનની કંપનીઓના મોબાઈલ ફોનમાં યુઝરનો ડેટા કેવી રીતે સ્ટોર કરાય છે અને તેની પ્રોસેસ કેવી રીતે થાય છે તે અંગે વિસ્તૃત તપાસની જરૂરિયાત અનુભવાઈ છે. એજન્સીઓએ અગાઉ પણ ચીનની કેટલીક કંપનીઓ અંગે ચેતવણી આપી હતી. હવે નવા ઈનપુટ્સ બાદ સરકાર આ સમગ્ર મામલાની પુનઃ સમીક્ષા કરી રહી છે. સૂત્રો મુજબ સરકા ચીનની મોબાઈલ કંપનીઓના પ્રતિનિધિઓને સમન્સ પાઠવી શકે છે. કેન્દ્ર સરકાર કંપનીઓને તેમના ડેટા સ્ટોરેજ, સોફ્ટવેર કંટ્રોલ, ચિપસેટ અને અન્ય મહત્વપૂર્ણ હાર્ડવેર કમ્પોનન્ટ્સ સાથે સંકળાયેલા સવાલ પૂછે તેવી સંભાવના છે. એજન્સીઓએ કેટલી કંપનીઓના સંચાલન મોડેલમાં અનેક પ્રકારની એવી બાબતો ઓળખી કાઢી છે, જે સુરક્ષાની દૃષ્ટિએ ચિંતાજનક બાબત છે. આ બાબતોમાં આઈપીની માલિકી-કંટ્રોલનું વિદેશમાં હોવું, સોફ્ટવેરનું નિયંત્રણ વિદેશથી થવું, રોયલ્ટી અને લાઈસન્સ ફીના નાણાં વિદેશ જવા, ચિપસેટની વિદેશથી આયાત, ડિસ્પ્લે અને કેમેરા મોડયુલની આયાતનો સમાવેશ થાય છે. એજન્સીઓ મોબાઈલ ડિવાઈસના હાર્ડવેર અને સોફ્ટવેરની સંપૂર્ણ સપ્લાય ચેન અને ડેટા ફ્લો પર વાસ્તવિક

આભાર - નિહારીકા રવિયા

નિયંત્રણ કોની પાસે છે તેની પાસ કરી રહી છે. સરકારી સૂત્રો મુજબ છેલ્લા ૧૨ મહિનામાં અલગ અલગ કેન્દ્રીય અને રાજ્ય એજન્સીઓ તરફથી ચીની કંપનીઓ સાથે સંકલાયેલા ૧૦,૦૦૦થી વધુ કેસ સામે આવ્યા છે. કેટલાક મામલામાં કંપનીઓ તરફથી અપેક્ષિત સહયોગ નથી મળી રહ્યો. કંપનીઓની દલીલ છે કે ચીનના કાયદા અને નિયમોના કારણે તેમને સંબંધિત ડેટા શૅર કરવાની મંજૂરી નથી.સોશિયલ મીડિયા પ્લેટફોર્મ મેટા પર સરકારની કડકાઈ પછી હવે ચીનની મોબાઈલ કંપનીઓ સંબંધિત આ ઈનપુટ પણ કેન્દ્ર સરકાર માટે ડેટા સુરક્ષા અને રાષ્ટ્રીય સુરક્ષાનો મહત્વનો મુદ્દો બની રહ્યા છે. જોકે, ચીનની કંપનીઓ તરફથી આ આક્ષેપો અંગે સત્તાવાર રીતે હજુ કોઈ પ્રતિક્રિયા સામે આવી નથી.

# લોકસભામાં આજે ચાર મુખ્ય બિલ રજૂ કરાશે

નવીદિલ્હી,

કેન્દ્ર સરકાર તેના કાયદાકીય કાર્યસૂચિના ભાગ રૂપે સોમવારે લોકસભામાં ચાર મહત્વપૂર્ણ બિલ રજૂ કરવા જઈ રહી છે. આમાં કેરળનું નામ "કેરળ" કરવાથી લઈને સહકારી, ટ્રિબ્યુનલ સિસ્ટમ અને ખાણકામ ક્ષેત્રોમાં મોટા ફેરફારોનો સમાવેશ થાય છે. આ બિલો પર રાજકીય અને વહીવટી સ્તરે નજીકથી નજર રાખવામાં આવી રહી છે.

ગૃહમંત્રી અમિત શાહ લોકસભામાં કેરળ (નામમાં ફેરફાર) બિલ, ૨૦૨૬ રજૂ કરશે. આ બિલ કેરળ વિધાનસભામાં પસાર થયા પછી છે. કેન્દ્ર સરકારની કેબિનેટે આ ફેરફારને પહેલાથી જ મંજૂરી આપી દીધી છે. આ બિલ બંધારણની પ્રથમ અનુસૂચિમાં સુધારો કરશે અને રાજ્યનું સત્તાવાર નામ "કેરળ" થી "કેરળ" કરશે.અમિત શાહ ગૃહમાં રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ બિલ, ૨૦૨૬ પણ રજૂ કરશે. આ બિલનો હેતુ સહકારી ક્ષેત્રને વધુ નાણાકીય મજબૂતી આપવાનો છે. તેના અમલીકરણથી પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓઅને અન્ય સહકારી સંસ્થાઓને લોન અને નાણાકીય સહાય સીધી પહોંચાડવામાં સરળતા રહેશે.કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલ ટ્રિબ્યુનલ સુધારા બિલ, ૨૦૨૬ રજૂ કરશે. આ બિલનો હેતુ વિવિધ ટ્રિબ્યુનલની કામગીરીને સરળ બનાવવા અને વધુ અસરકારક બનાવવાનો છે.

# ઝારખંડમાં વિધાનસભા માર્ચ પહેલા પ્રશાસન એલર્ટ

## JPSC અને JSSC પરીક્ષાઓમાં કથિત ગેરરીતિ અને ધાંધલીના વિરોધમાં વિદ્યાર્થીઓનું આંદોલન સતત ચાલુ

રાંચી,

મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ રાંચીના જયપાલસિંહ મુંડા સ્ટેડિયમમાં ધરણા પર બેઠા છે. સરકાર સાથે ત્રણ તબક્કાની વાતચીત નિષ્ફળ ગયા બાદ હવે વિદ્યાર્થીઓએ ઝારખંડ વિધાનસભાનો ઘેરાવ કરવાનો નિર્ણય લીધો છે.આ માર્ચને ધ્યાનમાં રાખીને પોલીસ પ્રશાસને સુરક્ષાની કડક વ્યવસ્થા કરી છે. વિધાનસભાની આસપાસ અનેક સ્તરની સુરક્ષા ગોઠવવામાં આવી છે અને કાંટાળા તાર લગાવીને બેરિકેડિંગ કરવામાં આવ્યું છે.

વિદ્યાર્થીઓએ સ્પષ્ટ કર્યું છે કે જ્યાં સુધી તેમની તમામ માગણીઓ સ્વીકારવામાં નહીં આવે ત્યાં સુધી તેમનું આંદોલન ચાલુ રહેશે. રવિવારની સવારથી જ ઝારખંડના વિવિધ જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ રાંચી પહોંચવા લાગ્યા હતા. જૂની વિધાનસભા પરિસર અને મોરહાબાદી મેદાન નજીક ઉમેદવારોની ભીડ એટલી વધી ગઈ હતી કે ત્યાં બનાવવામાં આવેલો પંડાલ પણ નાનો પડી ગયો હતો. વિદ્યાર્થીઓની વધતી સંખ્યાને કારણે પ્રશાસન પણ એલર્ટ મોડમાં છે.વિદ્યાર્થીઓના વિધાનસભા માર્ચને ધ્યાનમાં રાખીને રાંચી જિલ્લા પ્રશાસને આંદોલનકારીઓને શાંતિ જાળવવાની અપીલ કરી છે. પ્રશાસને વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારના ઉગ્ર પ્રદર્શનથી દૂર રહેવા જણાવ્યું છે. સાથે જ વિધાનસભા માર્ચ દરમિયાન હિંસા અથવા ગેરકાયદેસર પ્રવૃત્તિમાં સામેલ થનારાઓ સામે કાર્યવાહી કરવાની ચેતવણી પણ આપવામાં આવી છે.




Exclusively focused on premium, value-added dairy products (Source: 1Lattice Report)
Diversified product categories
Manufacturing facilities equipped with advanced machinery to ensure consistent quality of products and operational efficiency

*(Among companies with revenue scale of more than ₹15,000 million) in India in terms of revenue, growing at a CAGR of 31.26% from Fiscal 2024 to Fiscal 2026. (Source: 1Lattice Report) | # As of March 31, 2026

**MILKY MIST DAIRY FOOD LIMITED** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the RHP with RoC, SEBI and the Stock Exchanges on August 4, 2026. The RHP shall be available on the website of SEBI at www.sebi.gov.in, and is available on the websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of the Company at www.milkymist.com and the websites of the BRLMs, i.e., JM Financial Limited, Axis Capital Limited and IIFL Capital Services Limited (formerly known as IIFL Securities Limited) at www.jmfl.com, https://www.axiscapital.co.in/ and www.iiflcapital.com, respectively. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see "Risk Factors" beginning on page 23 of the RHP. Potential investors should not rely on the DRHP and should instead rely on their own examination of our Company and the Offer, including the risks involved, for making any investment decision.
The Equity Shares offered in the Offer have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (the "U.S. Securities Act") or any state securities laws in the United States and, unless so registered, may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, such Equity Shares are being offered and sold (i) outside of the United States in offshore transactions in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdiction where those offers and sales occur; and (ii) within the United States to "qualified institutional buyers" (as defined in Rule 144A under the U.S. Securities Act), pursuant to the private placement exemption set out in Section 4(a) of the U.S. Securities Act. The Equity Shares have not been and will not be registered, listed or otherwise qualified in any other jurisdiction outside India and may not be offered or sold, and Bids may not be made by persons in any such jurisdiction, except in compliance with the applicable laws of such jurisdiction. There will be no public offering in the United States.

# માનવ હુમલામાં સંડોવાયેલા સિંહોને રાખવા માટે આંબરડી સફારી પાર્કમાં ખાસ સીમિત ક્ષેત્ર બનાવવામાં આવશે

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે સિહ સંરક્ષણ-સંવર્ધનની યોજનાઓ અને પ્રોજેક્ટ્સનું અસરકારક અમલીકરણ કર્યું



અમરેલી,

માનવ હુમલામાં સંડોવાયેલા સિંહોને ખાસ સીમિત ક્ષેત્રમાં રાખવા માટે ગુજરાત સરકારના વન વિભાગ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે. આંબરડી સફારી પાર્કમાં ૧૦૦ હેક્ટર વિસ્તારમાં એક ખાસ સીમિત ક્ષેત્રના નિર્માણ માટે વન વિભાગ દ્વારા કામગીરી શરૂ કરવામાં આવી છે. માનવ હુમલામાં સંડોવાયેલા સિંહોને આ ક્ષેત્રમાં તેમની કુદરતી હેબિટેટ અંતર્ગત રાખવામાં આવશે. આંબરડી સફારી પાર્ક એ અમરેલી જિલ્લાના ધારીમાં સ્થિત ગીર સંરક્ષિત વિસ્તારનું આરક્ષિત જંગલ છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે સિહ સંરક્ષણ-સંવર્ધનની યોજનાઓ અને પ્રોજેક્ટ્સનું અસરકારક અમલીકરણ કર્યું છે. સિંહોની સુરક્ષા અને સંરક્ષણ અંગે જાગૃતિ લાવવા માટે ૧૦ ઓગષ્ટે 'વિશ્વ સિંહ દિવસ' મનાવવામાં આવે છે.

આ વિષય અંગે અગ્રમુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ધી ફોરેસ્ટ ફોર્સ, ડૉ. જયપાલ સિંઘ, IFS દ્વારા જણાવ્યા અનુસાર, "માનવ હુમલામાં સંડોવાયેલા સિંહોને સીમિત ક્ષેત્રમાં રાખવા માટે આંબરડી સફારી પાર્કમાં ફેન્સિંગ કરીને તેમને અનુકૂળ વાતવરણ અંતર્ગત રાખવામાં આવશે. આ કામગીરી માટે જરૂરી સૂચનો આપવામાં આવ્યા છે અને તે અંગેની જરૂરી કામગીરી શરૂ કરવામાં આવી છે."

મનુષ્યો અને વન્યજીવો વચ્ચે સંઘર્ષ ઘટાડવા, પ્રાણીઓને સુરક્ષિત રહેઠાણ ઉપલબ્ધ કરાવવા, જૈવિક સંતુલન જાળવવા અને પ્રજાતિઓના લાંબા ગાળાના સંરક્ષણ માટે વન વિભાગ દ્વારા સમયાંતરે વૈજ્ઞાનિક રીતે સ્થળાંતરની કામગીરી હાથ ધરવામાં આવે છે.

વન્ય પ્રાણીઓના સ્થળાંતર પાછળ સામાન્ય રીતે અનેક કારણો જવાબદાર હોય છે. જ્યારે પ્રાણી ગામડાં કે વસ્તીવાળા વિસ્તારોમાં ઘૂસી જાય ત્યારે તેને સુરક્ષિત રીતે પકડીને જંગલમાં પાછું છોડવામાં આવે છે. આ ઉપરાંત, ઘાયલ કે બીમાર પ્રાણીઓની સારવાર માટે, વસ્તી નિયંત્રણ અને યોગ્ય રહેઠાણ (હેબિટેટ) પૂરું પાડવા માટે પણ સ્થળાંતર કરવામાં આવે છે. સિંહ અને દીપડાના કિસ્સામાં ઘણી વખત તેઓ ખેતરો કે રહેણાંક વિસ્તારોમાં ભટકી જતાં હોવાથી તેમને પકડીને સુરક્ષિત અભયારણ્ય કે જંગલ વિસ્તારમાં છોડવામાં આવે છે, જ્યારે મગરના કિસ્સામાં તળાવો કે નદીકિનારે વસ્તીની નજીક જોવા મળે ત્યારે તેમને સલામત જળાશયોમાં ખસેડવામાં આવે છે.

આંબરડી સફારી પાર્ક પ્રવાસીઓમાં બન્યું આકર્ષણનું કેન્દ્ર

અમરેલી જિલ્લાના ધારી નજીક આવેલું આંબરડી સફારી પાર્ક ગુજરાતનું એક મહત્વપૂર્ણ વન્યજીવ પ્રવાસન કેન્દ્ર છે.

# જેદ્દાહથી અમદાવાદ આવેલા યુવાન પાસેથી ૬૬ લાખ રૂપિયાની કિંમતનું સોનું ઝડપાયું

## વિદેશથી આવતી ફ્લાઈટ્સમાં સુરક્ષા એજન્સીઓની નજરથી બચવા માટે કરવામાં આવેલ યુક્તિનો થયો પર્દાફાશ



અમદાવાદ,

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી સોનાની દાણચોરીનો એક મોટો અને ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. કતાર એરવેઝની ફ્લાઈટમાં દોહા થઈને જેદ્દાહથી અમદાવાદ આવેલા એક ૨૪ વર્ષીય યુવાન પાસેથી અંદાજે ૬૬ લાખ રૂપિયાની કિંમતનું સોનું ઝડપાયું છે. કસ્ટમ્સ એઆઈયુના અધિકારીઓએ પ્રોફાઈલિંગના આધારે શંકાસ્પદ મુસાફરને અટકાવીને સઘન તપાસ હાથ ધરી હતી, જેમાં આ ભાંડો ફૂટ્યો હતો.

તપાસ દરમિયાન અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા

તપાસ દરમિયાન અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા કારણ કે પકડાયેલા મુસાફરે સોનાની હેરાફેરી માટે અનોખી જ પદ્ધતિ અપનાવી હતી.

# પેરોલ જમ્પ કરી ફરાર થયેલ ડબલ મર્ડર કેસનો આરોપી મહારાષ્ટ્રથી ઝડપાયો

સુરત,

સુરત ગ્રામ્ય એલસીબી અને પેરોલ ફર્લો સ્ક્વોડે ઉમરપાડાના ચર્ચાસ્પદ ડબલ મર્ડર કેસમાં પેરોલ જમ્પ કરીને ફરાર થયેલા આરોપી પ્રજ્ઞેશ દિલીપભાઈ ગામીતને મહારાષ્ટ્રના ભુસાવલ રેલ્વે સ્ટેશનથી ઝડપી પાડ્યો છે. રજા પૂરી થયા બાદ જેલમાં હાજર ન થતાં તે નાસી છૂટ્યો હતો. જેને પોલીસે દબોચીને લાજપોર મધ્યસ્થ જેલ ખાતે પરત મોકલી આપ્યો છે.

હત્યા પાછળનું કારણ અદાવત હતી. અગાઉ મૃતક બિલાલ અને એઆઈએમઆઈએમ નેતા ખુર્શીદ સૈયદ વચ્ચે ઝઘડો થયો હતો. જેમાં બિલાલે ખુર્શીદ પર હુમલો કર્યો હતો. આ બાબતની અદાવત રાખીને જ ખુર્શીદ સૈયદે આ ડબલ મર્ડરનું કાવતરું રચ્યું હતું.

આ ડબલ મર્ડર કેસમાં સજા ભોગવી રહેલા આરોપી પ્રજ્ઞેશ દિલીપભાઈ ગામીતે ગુજરાત હાઈકોર્ટમાંથી ૨૭ જૂન ૨૦૨૬થી ૩ જુલાઈ ૨૦૨૬ સુધી સાત દિવસની પેરોલ રજા મેળવી હતી. જોકે મુદત પૂરી થયા બાદ તે જેલમાં હાજર ન થઈને ફરાર થઈ ગયો હતો.

આ ડબલ મર્ડરની ઘટના જૂન ૨૦૨૪માં ઉમરપાડાના ઉચવાણ ગામે બની હતી. તપાસમાં ખુલાસો થયો હતો કે ઓવૈસીની એઆઈએમઆઈએમ પાર્ટીના સુરતના નેતા ખુર્શીદ સૈયદે અદાવત રાખીને ૧૬ લાખ રૂપિયાની સોપારી આપી હતી. આ સોપારી દ્વારા બિલાલ ઉર્ફે ચાંદી જમીલ સૈયદ અને અઝરુદ્દીન ઉર્ફે અજજુ કાદર શેખની હત્યા કરવામાં આવી હતી. સુરત જિલ્લામાં પેરોલ અને ફર્લો રજા પરથી ફરાર કેદીઓને ઝડપી પાડવા માટે વિશેષ એક્શન પ્લાન બનાવવામાં આવ્યો હતો.

# અમદાવાદ ખાતે સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલ્વેઝના ડીજીપી ડો. કે. એલ. એન. રાવના અધ્યક્ષસ્થાને ક્રાઈમ કોન્ફરન્સ યોજાઈ

## રેલ્વે વિસ્તારમાં મુસાફરોની સુરક્ષા, e-FIR, સીસીટીવી સર્વેલન્સ અને નશીલા પદાર્થોની હેરફેર સામે કડક કાર્યવાહી અંગે ગહણ સમીક્ષા કરાઈ

અમદાવાદ,

પશ્ચિમ રેલ્વે વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને વધુ સુદ્રઢ બનાવવા તેમજ ગુના નિયંત્રણ અર્થે સી.આઈ.ડી. ક્રાઈમ ॰ રેલ્વેઝના ડીજીપી ડો. કે. એલ. એન. રાવના અધ્યક્ષસ્થાને અમદાવાદ ખાતે પશ્ચિમ રેલ્વે માટે ક્રાઈમ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું.



ક્રાઈમ કોન્ફરન્સમાં ટ્રેન અને રેલ્વે સ્ટેશનો પર થતી ચોરી, લૂંટફાટ અને પોકેટમારી જેવી ઘટનાઓ અટકાવવા માટે કડક કાર્યવાહી કરવા તથા રેલવે સ્ટેશનો, ટ્રેનમાં પોલીસ બંદોબસ્ત તથા નિયમિત પેટ્રોલિંગમાં વધારો કરવા સૂચના આપવામાં આવી. મહિલાઓ અને વરિષ્ઠ નાગરિકોની સુખદ અને સુરક્ષિત મુસાફરી માટે સુરક્ષાત્મક પગલાં લેવા જણાવાયું છે. ડો. રાવે ગુનાઓની ઝડપી ફરિયાદ અને ઉકેલ માટે e-FIR પ્રક્રિયાની વિગતવાર સમીક્ષા કરી હતી. સમગ્ર રેલવે સ્ટેશન પરિસરમાં CCTV સર્વેલન્સ અને ટેકનોલોજી આધારિત મોનીટરીંગ મજબૂત બનાવવા પર ભાર મૂક્યો હતો. આ ઉપરાંત તપાસ ક્ષમતા વધારવા માટે 'સુદર્શન', 'ગાંડીવ' અને NATGRID- નેશનલ ઈન્ટેલિજન્સ ગ્રીડ જેવા આધુનિક સોફ્ટવેર/ટૂલ્સની ઉપયોગીતા અંગે કોન્ફરન્સમાં વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું.

# વડોદરાના સયાજીગંજ સ્થિત પ્રેસિડેન્સી હોટલમાં આગની ઘટના

વડોદરા,

શહેરના સયાજીગંજ વિસ્તારમાં આવેલી કાલાઘોડા નજીકની પ્રેસિડેન્સી હોટલમાં આગ લાગવાની ઘટના બની હતી. હોટલમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા જોઈને ત્યાં રોકાયેલા ગ્રાહકો, કર્મચારીઓ અને આસપાસના વિસ્તારમાં ભારે અફરાતફરી અને દોડધામ મચી ગઈ હતી.

આ બનાવની ખબર મળતા જ ફાયર બ્રિગેડને તાત્કાલિક કોલ કરવામાં આવ્યો હતો. આ બનાવની ગંભીરતા સમજીને વડોદરા ફાયર ફાઈટરોની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી. ફાયર ટીમે તાત્કાલિક હોસ પાઈપ ગોઠવીને પાણીનો મારો ચલાવવાનું શરૂ કર્યું હતું અને આગને વધુ ફેલાતી અટકાવી હતી. ફાયર બ્રિગેડના જવાનોએ સમયસૂચકતા અને ઝડપી કામગીરી દાખવીને ટૂંક સમયમાં જ આગ પર સંપૂર્ણપણે કાબૂ મેળવી લીધો હતો. જે સમયે આગ લાગી ત્યારે હોટલ પરિસરમાં લોકો હાજર હતા, પરંતુ ત્વરિત કામગીરીના કારણે તમામ લોકોને સુરક્ષિત બહાર કાઢી લેવાયા હતા. સદનસીબે આ ઘટનામાં કોઈ પણ પ્રકારની જાનહાનિ કે મોટી હોનારત સર્જાઈ નથી.

પ્રાથમિક તપાસ અને માહિતી અનુસાર, આ આગ શોર્ટ સર્કિટના કારણે લાગી હોવાનું અનુમાન વ્યક્ત કરવામાં આવી રહ્યું છે. હાલ ફાયર વિભાગ અને સ્થાનિક પ્રશાસન દ્વારા આગ લાગવાના ચોક્કસ કારણો અને હોટલના ફાયર સેફ્ટી સાધનોની તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

# FIBA અંડર-૧૮ બાસ્કેટબોલ ચેમ્પિયનશિપ- અમદાવાદમાં ગુજરાતનું નામ ગજવશે રોનાલ્ડો

## મૂળ ભાવનગરના રોનાલ્ડો હોપકિન્સને રમતના સંસ્કારો વારસામાં મળ્યા છેઃ માતા પણ નેશનલ બાસ્કેટબોલ પ્લેયર હતાં

અમદાવાદ,

અમદાવાદના વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે ૧૩મી ઑગસ્ટથી યોજાનારી એશિયા-ઓશિનિયા ક્વૈમ્છ અંડર-૧૮ બાસ્કેટબૉલ ચેમ્પિયનશિપમાં ભાગ લેનારી ભારતીય ટીમમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે, મૂળ ભાવનગરનો રોનાલ્ડો હોપકિન્સ.

બાસ્કેટબોલની રમત પ્રત્યે આકર્ષણથી માંડીને ભારતીય ટીમમાં સ્થાન મેળવવા સુધીની પોતાની યાત્રા વિશે વાત કરતાં રોનાલ્ડો જણાવે છે કે બાસ્કેટબોલની રમત તેને વારસામાં મળી છે. રોનાલ્ડોનાં માતા પણ બાસ્કેટબોલનાં નેશનલ લેવલના ખેલાડી હતાં, જેના કારણે તેને આ રમત પ્રત્યે સહજ જ રસ જાગ્યો હતો.

રોનાલ્ડો કહે છે કે જ્યારે તે સાતમા ધોરણમાં હતો, ત્યારથી તેણે સ્કૂલની બાસ્કેટબોલ ટીમ માટે રમવાનું શરૂ કર્યું હતું. ત્યારબાદ સ્થાનિક ક્લબમાંથી અને સમયાંતરે સ્ટેટ અને નેશનલ ટીમ સુધી પહોંચ્યો.

દરમિયાન, ગયા મે-૨૦૨૬માં શ્રીલંકા ખાતે સાઉથ એશિયન બાસ્કેટબોલ એસોસિએશન (SABA) દ્વારા યોજાયેલી ક્વૉલિફાઈંગ ચેમ્પિયનશિપમાં પણ તે ભારતીય ટીમ સાથે રમ્યો હતો. જે સ્પર્ધામાં ભારતીય ટીમ વિજેતા બની હતી અને હવે અમદાવાદ ખાતે યોજાનારી એશિયા-ઓશિનિયા ચેમ્પિયનશિપમાં ભાગ લઈ રહી છે.

રોનાલ્ડોને તેની કારકિર્દીની ઊંચાઈઓ સુધી પહોંચવામાં ખેલાડીઓ માટેની વિવિધ સરકારી યોજનાઓ એક પછી એક સીડીની જેમ મદદરૂપ સાબિત થઈ છે. આ અંગે રોનાલ્ડો જણાવે છે કે રાજ્ય સરકાર દ્વારા ડિસ્ટ્રિક્ટ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલ-DLSS, એકેડેમી, શક્તિદૂત જેવી વિવિધ સહાય યોજનાઓ ખેલાડીઓને પ્રોત્સાહન પૂરું પાડે છે, જે રાજ્યમાં ઊભરતી ખેલ પ્રતિભાઓને તેમની સ્પોર્ટ્સ જરૂરિયાતો પૂરી કરવામાં મદદરૂપ બને છે.

પોતાના અનુભવો શૅર કરતાં રોનાલ્ડો હોપકિન્સે જણાવ્યું કે આજે તેને સરકાર દ્વારા દર મહિને આર્થિક સહાય મળે છે. વધુમાં, વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સની સ્ટેટ-ઑફ-ધ-આર્ટ સુવિધાઓમાં અનુભવી આહારશાસ્ત્રી (ડાયેટિશિયન) દ્વારા સૂચવાયેલો આહાર અને વર્લ્ડ ક્લાસ સુવિધાઓ તેની રમતને નવો વળાંક આપી રહી છે.

આ તમામ સુવિધાઓ બદલ તેણે ગુજરાતમાં ખેલ મહાકુંભ જેવી સ્પર્ધાઓનો પ્રારંભ કરાવનારા દીર્ઘદૃષ્ટા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો અને આ પરંપરાને આગળ ધપાવનાર મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

અંતમાં, પોતાના હોમ ગ્રાઉન્ડ પર એશિયા કપમાં ભારત માટે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવાને જ પોતાનો મુખ્ય લક્ષ્યાંક ગણાવી, રમતગમત ક્ષેત્રે આગળ વધવા માગતાં બાળકો-યુવાનો માટે પ્રેરણારૂપ પ્રદર્શન કરવાનો તેણે દૃઢ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

# પેથાપુરમાં દુષ્કર્મના ૩ દિવસે સગીરાનું સારવાર દરમિયાન મોત : આરોપી યુવકની ધરપકડ

## પેથાપુરમાં રહેતા યુવાને સગીરાને ગેસ્ટ હાઉસમાં લઈ જઈને દુષ્કર્મ ગુજાર્યું હતું

ગાંધીનગર,

ગાંધીનગરની પાસે પેથાપુરમાં રહેતા યુવાને સગીરાને સેક્ટર-૧૬ ના ગેસ્ટ હાઉસમાં લઈ જઈને દુષ્કર્મ ગુજાર્યું હતું. દુષ્કર્મના બનાવમાં પીડિતાને અતિશય રક્તસ્રાવ થતાં પિતાને જાણ કર્યા બાદ સારવાર માટે અલગ-અલગ હોસ્પિટલોમાં ખસેડવામાં આવી હતી. જો કે, ૮ ઓગસ્ટે મોડી રાત્રે મલ્ટી ઓર્ગન ફેઈલ્યોર થતાં સગીરાનુ મોત નીપજ્યું હતું. પોલીસે આરોપી યુવાનની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

જિલ્લાના કલોલ તાલુકાની એક ૧૭ વર્ષીય સગીરા પર પેથાપુર ખાતે રહેતા દિશાંત ઉર્ફે દીપ ભરતભાઈ શર્મા(ઉં.વ.૨૨) દ્વારા આચરવામાં આવેલા અમાનુષી દુષ્કર્મ બાદ સારવાર દરમિયાન પીડિતાનું મોત નીપજતાં ભારે અરેરાટી સાથે ચકચાર મચી ગઈ છે. યુવકે સગીરાને જાળમાં ફસાવી સેક્ટર-૧૬ના કેપિટલ ગેસ્ટ હાઉસમાં અમાનુષી અત્યાચાર ગુજાર્યો હતો. ચાર હોસ્પિટલો બદલવા છતાં અને ત્રણ દિવસ સુધી બેભાન હાલતમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાધા બાદ મલ્ટી ઓર્ગન ફેઈલ્યોર થવાના કારણે મધ્યરાત્રિએ સગીરાનું મોત નીપજ્યું હતું.

આ મામલે મીડિયા સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, સગીરા કોલેજ ગઈ હતી અને ગત ગુરુવારે(૬ ઓગસ્ટ) બપોરે પરિવાર સાથે વાતચીત થયા મુજબ સરખેજ માસીના ઘરે જવાની હતી. પરંતુ સગીરા મોડે સુધી ઘરે ન પહોંચતાં પરિવારે આખી રાત તેની શોધખોળ કરી હતી. જો કે, બીજા દિવસે સવારે દિશાંતના પિતા ભરતભાઈ અન્ય લોકો સાથે સગીરાના ઘરે પહોંચ્યા હતા અને દીકરીને દિશાંત સાથે પ્રેમ સંબંધ હોવાનું જણાવ્યું હતું.

પીડિતાના પરિવારનો આરોપ છે કે, સગીરાના પિતા કે પરિવારને અંધારામાં રાખીને આરોપી યુવાનના પિતાએ પોતે વાલી હોવાનો કારસો રચી સગીરાને એડમિટ કરાવી દીધી હતી. બાદમાં પરિવારને જાણ થતાં સગીરાને અન્ય ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં અતિશય રક્તસ્રાવને કારણે ફેફસાં અને આંતરડામાં ઈન્ફેક્શન ફેલાઈ જતાં તેને વેન્ટિલેટર પર રાખવામાં આવી હતી.

# કપડવંજમાં બાળકો માટેની રતવાની દવાના નામે ચાલતા બિનઅધિકૃત ઉત્પાદન અને વેચાણ નેટવર્કનો પર્દાફાશ

## નડિયાદ મદદનીશ કમિશનરની ટીમે રૂ. ૬૬,૪૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો

કપડવંજ,

રાજ્યમાં ગેરકાયદેસર અને નકલી દવાઓ સામે ચાલી રહેલી 'ઝીરો ટોલરન્સ' નીતિ અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાની સૂચનાથી નડિયાદ મદદનીશ કમિશનરની ટીમે સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. આ દરોડા દરમિયાન ટીમ દ્વારા ગેરકાયદેસર રીતે થતા દવાના ઉત્પાદનનો મોટો પર્દાફાશ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

નાગરિકોના આરોગ્યની સુરક્ષા અને બિનઅધિકૃત તબીબી પ્રેક્ટિસ અટકાવવાના ભાગરૂપે નડિયાદ વિભાગીય કચેરી દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી હતી. મળેલી ચોક્કસ બાતમીના આધારે પ્રવર ઔષધ નિરીક્ષક કુ. ભૂમિ વી. પટેલ તથા ઔષધ નિરીક્ષક શ્રી વિશાલ આર. રૂપાપરાની ટીમે ૭ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ ધોળીકૂઈ (તા. કપડવંજ) ખાતે આવેલ "ડોક્ટર સોની, બાવીશી વાળાનું દવાખાનું" પર દરોડો પાડ્યો હતો અને ક્લિનિક સંબંધિત તમામ દસ્તાવેજો તથા દવાઓના જથ્થાની તપાસ હાથ ધરી હતી. તપાસ કરતી ટીમ દ્વારા સ્થળ પરથી વેચાણ માટે રાખવામાં આવેલો શંકાસ્પદ પ્રવાહીનો જથ્થો પકડી પાડવામાં આવ્યો હતો. લેબલ વગરની ૧૦૦ મિ.લી. ક્ષમતા ધરાવતી પારદર્શક પ્લાસ્ટિકની ૧૬૦ બોટલોમાંથી લાલ રંગનું પ્રવાહી મળી આવ્યું હતું, જેને ટીમે સીઝ કરી વધુ તપાસ અર્થે સેમ્પલ લીધા હતા.

દરોડા દરમિયાન સ્થળ પરથી "રતવાની દવા" દર્શાવતા લેબલ, આશરે ૧,૦૦૦ ખાલી બોટલો તથા 'વિટામિન B-Complex' દવાની ૪.૫ લીટર ક્ષમતા ધરાવતા ૯૨ ભરેલા પ્લાસ્ટિક કન્ટેનર અને વપરાયેલા ખાલી કન્ટેનર જપ્ત કરવામાં આવ્યા હતા. ટીમે સ્થળ પરથી કુલ રૂ. ૬૬,૪૦૦/- ની કિંમતનો મુદ્દામાલ કાયદેસર રીતે સીઝ કર્યો છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, આ દવાખાનું ચલાવતા ડૉ. સોની (મ.ઉઁ.સ.જી.) છેલ્લા પાંચ વર્ષથી આ પ્રેક્ટિસ કરતા હતા. તેઓ અમદાવાદની 'પરેશ ટ્રેડીંગ કોર્પોરેશન' નામની પેઢી પાસેથી 'Euphoria Pharmaceuticals, Mumbai' દ્વારા ઉત્પાદિત 'ENGE PLEX' (વિટામિન B-Complex) દવા ૪.૫ લીટરના કન્ટેનરમાં ખરીદતા હતા. ત્યારબાદ આ દવાને પોતાના દવાખાનામાં જ ૧૦૦ મિ.લી.ની નાની બોટલોમાં રીપેક કરી, પોતાનું બ્રાન્ડેડ લેબલ લગાવી દર્દીઓને બોટલ દીઠ રૂ. ૮૦/- ના ભાવે બિનઅધિકૃત રીતે વેચતા હતા.

# સુરતમાં તબીબની આત્મહત્યાની તપાસ માટે કમિટીની રચના કરવામાં આવી

## આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાએ મૃતક તબીબના પરિવાર સાથે વાત કરી ન્યાયની ખાતરી આપી

અમદાવાદ,

સુરતની સિવિલ હૉસ્પિટલમાં પીજીમાં અભ્યાસ કરતા ૩૦ વર્ષીય ડૉ. હર્ષ પંડ્યાએ કરેલા આપઘાતની ઘટનાની ગંભીરતાથી લઈ આરોગ્ય પ્રધાન પ્રફુલ પાનશેરીયાએ તપાસ માટે કમિટીની રચના કરી હતી. આ સાથે તેમણે મૃતકના પિતા સાથે ફોન પર વાતચીત કરી તેમને સાંત્વના આપી હતી તેમ જ ન્યાયની ખાતરી આપી હતી.

રાજ્ય સરકારે આપેલી વિગતો અનુસાર નવી સિવિલ હૉસ્પિટલના સુપરિટેન્ડન્ટ અને ડીનની અધ્યક્ષતામાં કમિટીની રચના કરવામાં આવી છે. આરોગ્ય પ્રધાને ૨૪ કલાકમાં રિપોર્ટ તૈયાર કરવાની કડક સૂચના આપી હોવાનું જાણવા મળ્યું હતું. તેમણે તપાસ પૂર્ણ થયા બાદ જ તપાસ કમિટીના સભ્યોને ઘરે જાય તેવી સૂચના પણ આપી હતી. રવિવારે જ રાત સુધીમાં તમામ વિદ્યાર્થીઓના નિવેદન લેવામાં આવશે અને રિપોર્ટ તૈયાર કરી ગાંધીનગર ખાતે નિયામકને મોકલવામાં આવશે, તેવી માહિતી મળી હતી. મૃતક ડો. હર્ષને કોઈ પરેશાન કરતું હતું અથવા તેમની સાથે રેગિંગ જેવી કોઈ ઘટના ઘટી હતી કે શું તે અંગે પણ તપાસ થશે. દરમિયાન મૃતકનું પેનલ ફોરેન્સિક પોસ્ટ મોર્ટ્મ કરવામાં આવ્યું હોવની માહિતી પણ મળી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે સુરતમાં સિવિલ હૉસ્પિટલ કેમ્પસમાં આવેલી પીજી હોસ્ટેલમાં ૩૦ વર્ષીય રેસિડેન્ટ ડોક્ટર હર્ષ પંડ્યાએ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.

હર્ષ મૂળ અરાવલ્લી જિલ્લાના મોડાસા ગામનો વતની હતો ને નવી સિવિલ હૉસ્પિટલમાં માર્કોબાયોલોજીમાં પોસ્ટ ગ્રેજ્યુએશન કરી રહ્યો હતો. આ સાથે તે રેસિડેન્ટ ડોક્ટર તરીકે પણ ફરજ બજાવતો હતો. હર્ષ નિયત સમયે હૉસ્પિટલે ન આવતા તેના રૂમમ પર તપાસ કરવા ગયેલા સાથી ડોકટરને તેણે જવાબ ન આપતા દરવાજો તોડવો પડ્યો હતો અને તેની પંખા સાથે લટકેલી લાશ મળી હતી.

સૌરાષ્ટ્ર આસપાસ

# જેતપુર પાલિકામાં મહિલા અનામતના નામે મજાક પ્રમુખ અને ઉપપ્રમુખની ખુરશી પર બેસી તેમના પતિદેવો ચલાવે છે 'પરોક્ષ' વહીવટ!

## જેતપુર-નવાગઢ નગરપાલિકાના ચીફ ઓફિસરે પ્રમુખ અને ઉપપ્રમુખને નોટિસ ફટકારતા સ્થાનિક રાજકારણમાં ભડકો

જેતપુર:રાજકારણમાં મહિલા સશક્તિકરણ અને અનામતના નામે કેવો ખુલ્લો તમાશો ચાલી રહ્યો છે, તેનું જીવંત ઉદાહરણ જેતપુર-નવાગઢ નગરપાલિકામાં સામે આવ્યું છે. પાલિકામાં ચૂંટાયેલા મહિલા પ્રમુખ અને ઉપપ્રમુખ માત્ર 'રબર સ્ટેમ્પ' સમાન બની રહ્યા છે, જ્યારે સાચી સત્તા તેમના પતિદેવો ભોગવી રહ્યા છે. સ્થાનિક નાગરિકની ચોંકાવનારી ફરિયાદ બાદ પાલિકાના ચીફ ઓફિસરે સીધી જ પ્રમુખ અને ઉપપ્રમુખને કડક નોટિસ ફટકારીને આ બિન-અધિકૃત 'પતિરાજ'નો પર્દાફાશ કર્યો છે.

પ્રાપ્ત સત્તાવાર દસ્તાવેજો અને વિગતો અનુસાર, જેતપુરના જાગૃત નાગરિકે ગત તા. ૨૯/૦૭/૨૦૨૬ ના રોજ પાલિકામાં એક ગંભીર લેખિત રજૂઆત કરી હતી. આ ફરિયાદમાં ખુલ્લો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, શહેરના નાગરિકો જ્યારે પોતાના પ્રાણપ્રશ્નો કે રજૂઆતો લઈને નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખને મળવા જાય છે, ત્યારે આ બંને મહિલા પદાધિકારીઓ મોટાભાગે ત્યાં ઉપલબ્ધ હોતા નથી.

સૌથી શરમજનક બાબત તો એ છે કે, આ ચૂંટાયેલા પ્રતિનિધિઓની ગેરહાજરીમાં તેમના પતિઓ તેમની જગ્યાએ બેસીને અરજદારોની રજૂઆતો સાંભળે છે, તેમને વિવિધ પ્રશ્નોના જવાબો આપે છે અને નગરપાલિકાના વહીવટી કામકાજમાં અત્યંત સક્રિય અને બિન-અધિકૃત ભૂમિકા ભજવે છે. લોકશાહીના આ ખુલ્લા ચીરહરણ અંગેની ફરિયાદ મળતા જ પાલિકા તંત્રમાં દોડધામ મચી ગઈ હતી.

આ ગંભીર આક્ષેપોને પગલે, જેતપુર-નવાગઢ નગરપાલિકાના ચીફ ઓફિસરે પ્રમુખ અને ઉપપ્રમુખ બંનેને (જા.નં. ૧૮૫ અંતર્ગત) સત્તાવાર નોટિસ ફટકારી છે. ચીફ ઓફિસરે કડક ભાષામાં તાકીદ કરતા જણાવ્યું છે કે, જો આપશ્રીના પતિશ્રીઓ દ્વારા નગરપાલિકાના વિવિધ વહીવટી કામકાજ, રજૂઆતો અને અન્ય રોજીંદી કામગીરીમાં હસ્તક્ષેપ કરવામાં આવે તો તે જાહેર વહીવટી પારદર્શિતા, જવાબદારી અને કાયદાકીય દ્રષ્ટિએ અત્યંત ગંભીર પ્રશ્નો ઉભા કરી શકે છે

ચીફ ઓફિસરે બંને મહિલા પદાધિકારીઓને સીધો આદેશ આપ્યો છે કે, તેઓ નાગરિકોને મળવા માટે પોતાનો ચોક્કસ સમય નક્કી કરે અને પોતાના પતિઓ કે અન્ય પ્રતિનિધિઓ દ્વારા પાલિકાના વહીવટી કાર્યમાં કોઈપણ પ્રકારનો હસ્તક્ષેપ ન થાય તેની કડક ખાતરી આપે. લોકશાહીના નામે ચાલતા આ પરોક્ષ 'પતિ-શાસન' પર ચીફ ઓફિસરે લાલ આંખ કરતા શહેરીજનો અને સ્થાનિક રાજકારણમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

# રાજકોટ ભક્તિનગર પોલીસ સ્ટેશન દ્વારા ઓદ્યોગિક સુરક્ષા અને જાગૃકતા સેમિનારનું આયોજન

## કારખાનેદારો, ગુંદાવાડીના વેપારીઓને મહત્વની સમજ આપી અને પ્રશ્નોના નિરાકરણની ખાત્રી આપી





રાજકોટ, રાજકોટ શહેરમાં ઔદ્યોગિક વિસ્તા રોની સુરક્ષા મજબૂત કરવા તેમજ વેપારીઓ અને ઉદ્યોગપતિઓમાં કાયદાકીય જાગળતિ લાવવાના હેતુથી ભક્તિનગર પોલીસ સ્ટેશન દ્વારા ૮૦ ફૂટ રોડ, બાપુનગર ઈન્ડિસ્ટ્રીયલ એરિયા ખાતે 'ઔદ્યોગિક સુરક્ષા તથા જાગતિ સેમિનાર' યોજાયો હતો. આ કાર્યક્રમમાં ડીસીપી હેતલ પટેલ, એસીપી બી. વી. જાધવ, પીઆઇ જે. ડી. પરમારએ અધ્યક્ષસ્થાને હાજરી આપી હતી. સેમિનારમાં પટેલનગર, અટીકા, બાપુનગર, વીરાણી અઘાટ ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન તેમજ ગુંદાવાડી માર્કેટના વેપારીઓ, કારખાનેદારો, માલિકો, સંચાલકો અને મેનેજરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં સ્થા નિક પોલીસ સ્ટાફ દ્વારા ઉપસ્થિત તમામ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું.

ડીસીપી હેતલ પટેલે હાજર રહેલા ઉદ્યોગપતિઓ અને વેપારીઓને મુદ્દાસર માર્ગદર્શન પુરું પાડ્યું હતું. તેમણે જણાવ્યુંપ હતું ક બહારના રાજ્યો કે વતનમાંથી આવતા મજૂરો કોઈ ગુનાહિત પ્રવત્તિમાં સંડોવાયેલા નથી તેની ખાતરી કરવી જરૂરી છે. આ માટે રાજકોટ શહેર પોલીસ કમિશનરના જાહેરનામા અન્વયે મજૂરો, ભાડૂઆતો અને મકાનમાલિકોની માહિતી સંબંધિત પોલીસ સ્ટેશનમાં નોંધાવવી ફરજિયાત છે. આ ઉપરાંત, કુવાડવા ઈન્ડસ્ટ્રીયલ ઝોન ખાતે તાજેતરમાં ચોરી કરવા આવેલા શખ્સને ફેક્ટરીના માલિક અને માણસો દ્વારા માર મારતા થયેલા મોતના બનાવની ગંભીરતાથી નોંધ લેવા અને કદી પણ કાયદો હાથમાં ન લેવા તેમજ કોઈ ઘટના બને તો તુરત પોલીસને જાણ કરવા સમજ આપી હતી.

તાજેતરમાં અમદાવાદ ખાતે ગેરકાયદેસર ફટાકડા ફેક્ટરીમાં થયેલા બ્લાસ્ટો અને આજીડેમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સોફા બનાવતી ફેક્ટરીમાં લાગેલી ભીષણ આગમાં માલિકના થયેલા કરૂણ મોત જેવા બનાવો અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

પોલીસે ઔદ્યોગિક એકમોમાં ફાયર સેફ્ટીના સાધનો વસાવવા, ફેક્ટગરી સેફ્ટીના નિયમોનું કડકપણે પાલન કરવા અને સમયાંતરે મોકડ્રિલનું આયોજન કરવા ભારપૂર્વક જણાવ્યું હતું જેથી જાનમાલનું નુકસાન અટકાવી શકાય.

અન્ય રાજ્યોમાંથી મજૂરી અર્થે આવતા શ્રમિકો નાની વયે લગ્ન કરી લેતા હોય તેવા કિસ્સાઓ ધ્યાને આવતા, પોલીસે ફેક્ટ રી માલિકોને સ્પષ્ટ હુકમ કર્યો હતો કે સગીર વયના કે નાની વયના મજૂરોને કામે રાખતા પહેલા તેમની સાચી ઉંમરની ખાતરી કરવી. કોઈ પણ સંજોગોમાં પોક્સો જેવા ગંભીર ગુનાઓમાં સંડોવણી ન થાય તે માટે સંપુર્ણ સજાગતા રાખીને જ નોકરી પર રાખવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ઔદ્યોગિક એકમોની મિલકતો અને માલસામાનની સુરક્ષા માટે સારી ક્વોલિટીના સી.સી.ટી.વી. કેમેરા લગાવવા અને તેનું યોગ્ય સ્ટોરેજ રાખવા સૂચન કરાયું હતું. આ ઉપરાંત કિંમતી કાચો માલ કે રોકડ રકમની હેરફેર કરતા વાહનો અને બેગમાં જીપીએસ ટ્રેકિંગ સિસ્ટમનો ઉપયોગ કરવા જણાવવામાં આવ્યું હતું. નવા કાયદાઓ અન્વયે સાયબર ક્રાઇમ, સિવિલ દાવાઓ, છેતરપિંડી, વિશ્વાસઘાત, નોકરચોરી અને દસ્તાવેજો સાથે થતી ચેડાં અંગે કાયદાકીય સમજ પુરી પાડવામાં આવી હતી. તેમજ સાયબર ફ્રોડ કે ડીજીટલ એરેસ્ટ જેવા બનાવો બન્યે સાયબર ક્રાઇમ હેલ્પલાઇન ૧૯૩૦, જનરક્ષક ૧૧૨ અને ઇ-એફઆઇઆર સુવિધા વિશે વિગતવાર જાણકારી આપી હતી.

કાર્યક્રમના અંતમાં વિવિધ એસોસિએશનના હોદ્દેદારો અને ઔદ્યોગિક એકમોના માલિકો તેમજ મેનેજરોના સ્થાનિક પ્રશ્નો વિગતવાર સાંભળવામાં આવ્યા હતા. પોલીસે ખાતરી આપી હતી કે પોલીસ તંત્રને લગતા તમામ પ્રશ્નોનુ ત્વિત અને અસરકારક નિરાકરણ લાવવામાં આવશે. આ સેમિનારથી વેપારીઓ અને પોલીસ વચ્ચે સુમેળભર્યો અને અસરકારક સંવાદ સર્જાયો હતો. અંતમાં સ્થાનિક પોલીસ સ્ટાવફ દ્વારા ઉપસ્થિત તમામ ઉદ્યોગપતિઓ અને વેપારીઓનો આભાર માની કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા તથા અધિક પોલીસ કમિશનર ચૈતન્ય મંડલિકની સુચનાથી આ કાર્યક્રમ યોજાયો હતો.

# પ્રિન્સિપલ ચીફ કમર્શિયલ મેનેજર દ્વારા રાજકોટ ડિવિઝનના પાંચ કર્મચારીઓ PCCM એવોર્ડથી સન્માનિત

રાજકોટ:પશ્ચિમ રેલવેના પ્રિન્સિપલ ચીફ કમર્શિયલ મેનેજર શ્રી તરુણ જૈન દ્વારા ૦૮ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ અમદાવાદ ખાતે યોજાયેલા વિશેષ સંવાદ સમારોહ દરમિયાન રાજકોટ ડિવિઝનના પાંચ કર્મચારીઓને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન વાણિજ્ય વિભાગમાં ઉત્કૃષ્ટ અને પ્રશંસનીય કામગીરી કરવા બદલ PCCM એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે શ્રી તરુણ જૈને સમારોહમાં ઉપસ્થિત અધિકારીઓ અને કર્મચારીઓને સંબોધિત કરતા તમામ કર્મચારીઓને સતત ઉત્કૃષ્ટ કામગીરી કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે પશ્ચિમ રેલવે વાણિજ્યિક ક્ષેત્રમાં દેશના અગ્રણી રેલવે સંગઠનોમાંનું એક છે અને આ સિદ્ધિ અધિકારીઓ તેમજ કર્મચારીઓના સામૂહિક પ્રયાસો અને સતત ઉત્કૃષ્ટ કામગીરીથી જ શક્ય બની છે.

સમારોહ દરમિયાન અધિકારીઓ અને કર્મચારીઓએ પોતાના કાર્યના અનુભવો શેર કર્યા હતા તેમજ વાણિજ્ય વિભાગની કાર્યપદ્ધતિને વધુ અસરકારક અને કાર્યક્ષમ બનાવવા, મુસાફરોને વધુ સારી સુવિધાઓ પૂરી પાડવા અને વાણિજ્યિક પ્રવૃત્તિઓમાં ગુણાત્મક સુધારો લાવવાના વિવિધ ઉપાયો પર વિગતવાર ચર્ચા કરી હતી.




વાણિજ્ય વિભાગના વિવિધ હોદ્દાઓ પર કાર્યરત કર્મચારીઓએ દૈનિક કામગીરીમાં આવતી પડકારો અને મુસાફરોને લગતી સમસ્યાઓ પણ પ્રિન્સિપલ ચીફ કમર્શિયલ મેનેજર શ્રી તરુણ જૈન સમક્ષ રજૂ કરી હતી. આ વિષયો પર ચર્ચા કરતી વખતે કાર્યપદ્ધતિમાં જરૂરી સુધારા કરવા અને મુસાફરોને બહેતર સેવા તેમજ સુવિધા પૂરી પાડવા માટે જરૂરી પગલાં લેવાની ખાતરી આપવામાં આવી હતી.

રાજકોટ ડિવિઝનના સન્માનિત કર્મચારીઓ:

૧) શ્રી વિશાલ એમ. ભટ્ટ – ડિવિઝનલ કમર્શિયલ ઈન્સ્પેક્ટર, રાજકોટ

૨) શ્રી પાલવ જોશી – ડિવિઝનલ કમર્શિયલ ઈન્સ્પેક્ટર, જામનગર

૩) શ્રી વિકાસ અધ્યારૂ – ડિવિઝનલ કમર્શિયલ ઈન્સ્પેક્ટર, ફરિયાદ સેલ

૪) શ્રી બાલસુબ્રમણ્યમ એ. – ચીફ કમર્શિયલ સુપરવાઈઝર, રાજકોટ

૫) શ્રી જય જોશી – લગેજ સુપરવાઈઝર, રાજકોટ

રાજકોટ ડિવિઝનના વાણિજ્ય વિભાગના આ કર્મચારીઓની આ સિદ્ધિ ડિવિઝનની કાર્યક્ષમતા અને ઉત્કૃષ્ટ વાણિજ્યિક સેવાઓને દર્શાવે છે. આ સન્માન રાજકોટ ડિવિઝનની વાણિજ્યિક કાર્યક્ષમતા અને મુસાફરોની સેવા પ્રત્યેની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત કરે છે તેમજ વાણિજ્ય વિભાગના કર્મચારીઓના ઉત્કૃષ્ટ યોગદાનને રેખાંકિત કરે છે.

આ પ્રસંગે રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કમર્શિયલ મેનેજર શ્રી સુનીલ કુમાર મીનાએ PCCM એવોર્ડથી સન્માનિત તમામ કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા અને તેમની ઉત્કૃષ્ટ કામગીરીની પ્રશંસા કરી હતી. તેમણે વાણિજ્ય વિભાગના તમામ અધિકારીઓ અને કર્મચારીઓને આ જ સમર્પણ, કાર્યક્ષમતા અને ઉત્કૃષ્ટતા સાથે કાર્ય કરીને મુસાફરોને વધુ સારી સેવાઓ પૂરી પાડવા માટે પ્રેરિત કર્યા હતા.

## રાજકોટ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંકના

# સી.ઈ.ઓ. વી.એમ. સખિયાએ જન્મદિવસ નિમિત્તે સેવાકિય કાર્યે કરીને ઉજવણી કરી





ધોરાજી:બેંકિંગ ક્ષેત્રે આપનું કુશળ નેતૃત્વ, દીર્ઘદ્રષ્ટિ અને અથાક પરિશ્રમ માત્ર RDC બેંક માટે જ નહી, પરંતુ સમગ્ર સહકારી ક્ષેત્ર માટે પ્રેરણારૂપ બન્યા એવા વિ,એમ.વિ,એમ સખીયાએ પોતાનાં જન્મ દિવસ નિમિત્તે સેવાકિય પ્રવૃત્તિઓ સાથે અનાથ આશ્રમ, વુધ્ધાઆશ્રમ, ગૌશાળા દિવ્યાંગ અને બહેરા મુંગા અંધ આશ્રમો બાળકો સાથે જન્મ દિવસ ની ઉજવણી કરી હતી

આપના સબળ માર્ગદર્શન હેઠળ બેંકે અનેક નવી સિદ્ધિઓ સર કરી જન્મ દિવસ નિમિત્તે વિ,એમ સગીરાને સુભેક્ષા આપતા ઈફ્કો બેંકના ચેરમેન જયેશ ભાઈ રાદડીયા અને વાઈસ ચેરમેન મગનભાઈ વડાવીયા અને એમ,ડી ધનશ્યામભાઈ ખાટરીયાઅને તમાંમ ડિરેક્ટર શ્રીઓ, સહકારી અનેરાજકીય આગેવાનો, અને સ્ટાફ પરીવાર અને મીત્રો સ્નેહીઓ એ જન્મદિવસ નિમિત્તે સુભેક્ષાઓ આપેલ હતી અને તેમની કામગીરી ને બિરદાવી ને જણાવેલ કે ઈફ્કો બેન્ક ને

### RDC બેંકના ચેરમેન જયેશભાઈ રાદડીયાએ જન્મ દિવસ ની શુભકામના પાઠવી

રાષ્ટ્રીય તથા રાજય કક્ષાએ અનેક ગૌરવવંતા એવોર્ડ્સ પ્રાપ્ત કર્યા છે.ખેડૂતો અને સહકારી માળખાના સશક્તિકરણ માટે આપનું સમર્પણ પ્રશંસનીય છે. આપની નેતૃત્વ ક્ષમતા અને કાર્યનિષ્ઠાથી બેંક સતત પ્રગતિના નવા શિખરો સર કરતી રહે તેવી પ્રાર્થના.ઈશ્વર આપને ઉત્તમ સ્વાસ્થ્ય, દીર્ઘાયુ અને ઉન્નતિ અર્પે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી

## રાજકોટ ડિવિઝનની મહત્વપૂર્ણ સુરક્ષા પહેલ

# જામનગર યાર્ડમાં વિન્ડમિલ લાઈનના ટ્રેક લેઆઉટમાં સુધારો,ટ્રેન સંચાલનની સુરક્ષા વધુ મજબૂત થશે

રાજકોટ:પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝને રેલ પરિચાલનની સુરક્ષાને વધુ શ્રેષ્ઠ બનાવવાના દિશામાં એક મહત્વપૂર્ણ કાર્ય કરતા જામનગર રેલવે યાર્ડમાં વિન્ડમિલ લાઇનના ફોર્સ્ડ ટ્રેક લેઆઉટનો સુધારાત્મક કાર્ય પૂર્ણ કરી લીધું છે. આ સુધારાથી સંબંધિત સ્થાન પર ટ્રેકની જ્યોમેટ્રીને વધુ સુચારુ બનાવવામાં આવી છે.

રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કમર્શિયલ મેનેજર શ્રી સુનીલ કુમાર મીના ના જણાવ્યા અનુસાર જામનગર યાર્ડમાં પોઇન્ટ નંબર ૧૦૭ ની આગળ વિન્ડમિલ લાઇન તરફ ટ્રેકના એક ભાગમાં સતત વળાંક હોવાને કારણે લેઆઉટ અપેક્ષાકૃત જટિલ હતો. સુધારાત્મક કાર્ય અંતર્ગત રિવર્સ કર્વ ને અંદરની તરફ સ્થાનાંતરિત કરવામાં આવ્યો તથા ટ્રેપ પોઇન્ટ ને રાજકોટ તરફ શિફ્ટ કરવામાં આવ્યો. આનાથી ટ્રેપ પોઇન્ટના પહેલા અને પછી હાજર બિનજરૂરી વળાંકોને સીધા કરવામાં અને ટ્રેકની જ્યોમેટ્રીને બહેતર બનાવવામાં મદદ મળી.




આ સુધારાત્મક કાર્ય એટલા માટે પણ મહત્વપૂર્ણ છે કારણ કે ભૂતકાળમાં આ જ સ્થાન પર ટ્રેન પાટા પરથી ઉતરી જવાની ઘટના બની હતી. વર્તમાન સુધારાથી આ સ્થાન પર ટ્રેકની જ્યોમેટ્રી વધુ સંતુલિત થઈ છે, જેનાથી ટ્રેન પાટા પરથી ઉતરી જવાના સંભવિત જોખમને ઘટાડવામાં મદદ મળશે.

આ કાર્યને જામનગર યાર્ડના ડબલિંગ કાર્ય દરમિયાન ઉપલબ્ધ કાર્ય-અવસર સાથે સમન્વય કરીને પૂર્ણ કરવામાં આવ્યું, જેનાથી રેલ વાહનવ્યવહાર પર પડતા પ્રભાવને ન્યૂનતમ રાખી શકાયો.

ટ્રેકના વળાંકની ડિગ્રી ઓછી થવાથી ભવિષ્યમાં આ સ્થાન પર ટ્રેકના જાળવણી (મેન્ટેનન્સ) માટે જરૂરી પ્રયાસો પણ ઓછા થશે. આનાથી રેલવેના જાળવણી સંસાધનોનો વધુ અસરકારક ઉપયોગ કરી શકાશે.

રાજકોટ ડિવિઝનના ડિવિઝન રેલ પ્રબંધક શ્રી ગિરિરાજ કુમાર મીણાએ જણાવ્યું કે, "રેલ પરિચાલનમાં સુરક્ષા અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. જામનગર યાર્ડમાં કરવામાં આવેલું આ સુધારાત્મક કાર્ય આ જ પ્રતિબદ્ધતાનો એક ભાગ છે. ટ્રેક લેઆઉટને બહેતર બનાવીને અમે આ મહત્વપૂર્ણ સ્થાનની સુરક્ષા અને જાળવણી, બંને પાસાઓમાં સુધારો કર્યો છે. રાજકોટ ડિવિઝનમાં આવા સ્થાનોની સતત ઓળખ કરીને જરૂરી સુધારાત્મક કાર્યો પ્રાથમિકતાના ધોરણે કરવામાં આવી રહ્યા છે."

રાજકોટ ડિવિઝન દ્વારા મુસાફરો અને માલગાડીઓના સુરક્ષિત, સુચારુ અને વિશ્વસનીય પરિચાલન માટે ટ્રેક અને અન્ય રેલ અસ્કયામતો થી સંબંધિત સુરક્ષા કાર્યોને નિરંતર પ્રાથમિકતા આપવામાં આવી રહી છે.

# રેસકોર્સ રીનોવેશનના પ્લાન વચ્ચે ઉંદરોએ 'આવાસ' બનાવી લીધા!

## મનપાના વિનંતી સાથેના બોર્ડ છતાં ભોજન પીરસતા નાગરિકોના કારણે હાલત બગડી

રાજકોટ:રાજકોટમાં ફરવાના સૌથી પ્રિય સ્થળ રેસકોર્સ ગાર્ડનના ૧૦ કરોડના ખર્ચે સંપૂર્ણ નવનિર્માણની યોજના ગત વર્ષના બજેટમાં મંજૂર કરવામાં આવી હતી અને આ માટેની પ્રાથમિક ડિઝાઇન પણ તૈયાર કરવામાં આવી છે.

બીજી તરફ રેસકોર્સના જુદા જુદા ગાર્ડનમાં ગંદકી સહિતના પ્રશ્નો વચ્ચે વધેલા ઉંદરના ત્રાસને દુર કરવા તંત્રએ લોકોને અપીલ કરવાની નોબત આવી છે. જુદી જુદી જગ્યાએ ઉંદરોએ ખોરાક ન નાંખવા અપીલ કરતા બોર્ડ મુકવા છતાં ગાર્ડનમાં ઠેર ઠેર ઉંદરના દર થઇ જતા કરોડોની યોજના વચ્ચે ઉંદરોનો ત્રાસ દુર થઇ શકતો નથી તે પણ હકીકત છે.

શહેરના રેસકોર્સ સંકુલમાં જુદા જુદા ભાગમાં લોકો રોજ ફરવા આવે તેવા ગાર્ડન બનેલા છે. ગાર્ડન શાખા દ્વારા સિકયુરીટી ગાર્ડ અને મેન્ટેનન્સ સહિતનું કામ પણ સારૂ કરવામાં આવે છે. પરંતુ ઉંદરોના ત્રાસને દુર કરવામાં અધિકારીઓ અને સ્ટાફ પણ થાકી ગયા છે. બહુમાળી ભવન સામેના ગાર્ડનમાં રોજ સેંકડો લોકો વોંકિંગ અને કસરત કરવા જાય છે. પરિવારો ફરવાથી માંડી પીકનીક કરવા પણ આવે છે.




આ ગાર્ડનમાં ઠેર ઠેર ઉંદરોના ઘર બની ગયા છે. તો અમુક ભાગમાં અવારનવાર પાણી છલકાતું હોય, દરમાંથી ઉંદરો બહાર આવતા રહે છે. ઘણી વખત તો બાળકો નાની બિલાડી જેવડા કદના ઉંદરને જોઇને ડરી પણ જાય છે.

રેસકોર્સમાં જ શિવાજી મહારાજના સ્ટેચ્યુવાળા ગાર્ડનમાં પણ આ જ હાલત છે. આર્ટ ગેલેરીથી જમણી તરફ જતા છેક કિસાનપરા ચોક સુધી રહેલા ગાર્ડનના જુદા જુદા ભાગમાં ઉંદરોના ઘર બની ગયા છે. પ્લેનેટોરીયમ સામેના મેદાનમાં પણ ઠેર ઠેર ઉંદરોની દોડાદોડી જોવા મળે છે. વૃક્ષોના કયારા અને આર્ટ ગેલેરી પાછળના પગથિયા હેઠળ પણ માટી ઉંદરો ખોદી નાંખે છે. આથી ઝાડના અને ગાર્ડન વચ્ચેના વોક-વેના પથ્થરો નબળા પડી જાય છે.

આ સંજોગોમાં તાજેતરમાં મહાપાલિકાએ ગાર્ડનની ફેન્સીંગ પર થોડા થોડા અંતરે બોર્ડ માર્યા છે. ઉંદરોને ખાદ્ય પદાર્થો, શાકભાજી, લોટ ન નાંખવા અપીલ કરવામાં આવી છે. લોકોની સલામતી માટે પણ તે જરૂરી છે. આ અપીલ છતાં ઘણા લોકો ખોરાક નાંખે છે અને કીડીયારૂ પણ પુરે છે. જે કારણે ઉંદરોના દર વધતા જાય છે. તાજેતરમાં ઉંદરોના કારણે પરિવાર સાથે આવેલા બાળકો સહિતના ઘણા લોકોમાં દોડાદોડી થઇ ગઇ હતી.

એક બે કિસ્સામાં તો ખતરનાક ઉંદરો કરડી ગયાની ઘટનાઓ પણ બની છે. તો રવિવારે પરિવાર સાથે નાસ્તો કરવા બેસતા લોકોના ભોજન પર તો કયારેક ઉંદરો સીધો હુમલો કરે છે! આ સંજોગોમાં લોકો જાગૃત બને અને મનપા પણ નિયમમાં આવતી હોય તે કાર્યવાહી કરે તેવી રેસકોર્સ ફરવા આવતા લોકોની લાગણી છે.શહેરના રેસકોર્સ સંકુલના જુદા જુદા ગાર્ડનમાં ઉંદરોને નાંખવામાં આવતા ખોરાકથી ઠેર ઠેર દર થઇ ગયા છે અને ફરવા આવતા લોકો પણ ફરિયાદો કરતા હોય, ગાર્ડન શાખાએ ચેતવણી મારતા બોર્ડ માર્યા છે.

# રાજકોટની ઘંટેશ્વર ચોકડી પાસે ટ્રાફિક પોલીસ સાથે બાઈક ચાલકની દાદાગીરી : ફરજમાં રૂકાવટનો ગુનો દાખલ



રાજકોટ. રાજકોટ જામનગર રોડ નજીક ઘંટેશ્વર ચોકડી ખાતે ટ્રાફિક પોલીસની વાહન ચેકિંગ ડ્રાઇવ દરમિયાન બે બાઇક સવારોએ ફરજ પરના ફોજદાર સાથે ઉગ્ર બોલાચાલી ફાર્મા રૂકાવટ ઊભ કરતાં યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરજમાં રૂકાવટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધવાની તજવીજ હાથ ધરાઈ છે.

મળતી વિગતો મુજબ, ઘંટેશ્વર ચોકડી પાસે ટ્રાફિક ડ્રાઈવ અનુસંધાને આજે બપોરના સમયે પીએસઆઇ ડી. પી.ગોહેલ અને જવાનો વાહનોનું ચેકિંગ કરી રહ્યા હતા. આ દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલી એક શંકાસ્પદ બાઈકને પોલીસે અટકાવી હતી.

બાઈક ઉભી રખાવી પોલીસે ચાલક પાસે વાહનના જરૂરી કાગળો અને લાયસન્સની માંગણી કરી હતી. સામાન્ય પૂછપરછ શરૂ થતાં જ બાઈક પર સવાર બંને શખ્સો એકાએક ઉશ્કેરાઈ ગયા હતા. તેમણે પોલીસ સાથે સહકાર આપવાને બદલે ઘટનાસ્થળે જ હોબાળો મચાવવાનું શરૂ કરી દીધું હતું.

વાત આટલેથી ન અટકતા, આ બેલડી જાહેરમાં બેફામ બની ગઈ હતી. ફરજ પરના ટ્રાફિક ફોજદાર જ્યારે તેમને શાંત પાડવા અને નિયમ મુજબ દંડનીય કાર્યવાહી કરવા આગળ આવ્યા, ત્યારે આ શખ્સોએ તેમની સાથે સીધી દાદાગીરી શરૂ કરી દીધી હતી. જાહેર રોડ પર ઉભા રહીને બંને જણાએ ઓન-ડ્યુટી ફોજદાર સામે આંગળી ચીંધીને અત્યંત તોછડું વર્તન અને અભદ્ર વાણી વિલાસ કર્યો હતો.

ટ્રાફિક પોલીસના જવાનોએ તાત્કાલિક આ અંગે કંટ્રોલ રૂમ અને સ્થાનિક પોલીસને જાણ કરી હતી. જાહેર સેવકને તેમની કાયદેસરની ફરજ બજાવતા રોકવા, ધમકી આપવી અને અપશબ્દો બોલવા બદલ આ બંને બાઈક સવારો સામે યુની. પોલીસ મથકમાં ફરજમાં રૂકાવટ એકટ હેઠળ ગુનો નોંધવા માટેની તજવીજ હાથ ધરવામાં આવી છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

# મીડિયા જગતની સૌથી મોટી નામોશી

ભારતના મીડિયા જગતમાં ક્યારેક નૈતિકતાના પ્રતીક તરીકે જોવાતા તહેલકા સામયિકના સ્થાપક તરૂણ તેજપાલની કહાની એક પત્રકારત્વના પતનની કહાની છે. નવેમ્બર ૨૦૧૩માં ગોવાના એક પંચતારક હોટલમાં થિંક ફેસ્ટ નામના કાર્યક્રમ દરમિયાન જે ઘટના બની તેણે આખા દેશના મીડિયા અને બૌદ્ધિક વર્ગને હચમચાવી દીધો હતો. તહેલકામાં જ કામ કરતી એક યુવા મહિલા પત્રકારે તેજપાલ પર જાતીય સતામણીનો ગંભીર આરોપ લગાવ્યો હતો. ફરિયાદ મુજબ હોટલની લિફ્ટમાં બે વખત તેજપાલે તેની સાથે બળજબરીથી અયોગ્ય શારીરિક ચેષ્ટા કરી હતી. પીડિતાએ તેની સહકર્મચારીઓને આ અંગે જાણ કરી અને ત્યારબાદ તહેલકાના મેનેજિંગ એડિટર શોમા ચૌધરીએ આ મામલે પગલાં લેવાને બદલે તેને દબાવવાનો પ્રયાસ કર્યો હોવાના આક્ષેપો પણ થયા હતા. ઘટના જાહેર થતાં જ ગોવા પોલીસે સુઓ મોટો કોગ્નિઝન્સ લઈને એફઆઈઆર નોંધી હતી.શરૂઆતમાં તેજપાલે પોતાના કૃત્યને 'અયોગ્ય વર્તન' ગણાવીને માફી માંગતો પત્ર લખ્યો હતો અને તહેલકાના તંત્રી પદેથી છ મહિના માટે દૂર રહેવાની વાત કરી હતી, પરંતુ કાયદાની નજરમાં આ અયોગ્ય નહીં પરંતુ અક્ષમ્ય અપરાધ હતો. ગોવા પોલીસે તેમની ધરપકડ કરી અને તેઓ લગભગ નવ મહિના સુધી જેલમાં રહ્યા. ત્યારબાદ તેમને શરતી જામીન મળ્યા. આ કેસની સુનાવણી ગોવાની સેશન્સ કોર્ટમાં લાંબા સમય સુધી ચાલી. વર્ષ ૨૦૨૧માં સેશન્સ કોર્ટે તેજપાલને પુરાવાના અભાવે નિર્દોષ જાહેર કર્યા હતા, જે ચુકાદાએ અનેક સવાલો ઉભા કર્યા હતા. ચુકાદામાં પીડિતાના ચારિત્ર્ય પર ટિપ્પણી કરવામાં આવી હોવાથી મહિલા સંગઠનો અને કાનૂની નિષ્ણાતોએ તેની ઝાટકણી કાઢી હતી.ગોવા સરકારે આ નિર્દોષ જાહેર કરવાના ચુકાદાને બોમ્બે હાઈકોર્ટની ગોવા બેન્ચમાં પડકાર્યો. હાઈકોર્ટે સેશન્સ કોર્ટના ચુકાદા પર સ્ટે મૂક્યો અને તેને પૂર્વગ્રહયુક્ત ગણાવ્યો. આ દરમિયાન તેજપાલે સુપ્રીમ કોર્ટમાં જામીન ચાલુ રાખવા અને ટ્રાયલ પર સ્ટેની માંગ સાથે અરજી કરી હતી. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે ભલે તેજપાલ પોતે તેને 'અયોગ્ય વર્તન' કહે પરંતુ તેમનું વર્તન અક્ષમ્ય હતું. કોર્ટે એ પણ નોંધ્યું કે તેજપાલની ઉંમર બાસઠ વર્ષ છે તેથી માનવતાના ધોરણે જામીન પર વિચાર થઈ શકે છે, પરંતુ તેમના કૃત્યના કારણે તેમની છબી પર જે કાળી ટીલી લાગી છે તે ક્યારેય ભૂંસાશે નહીં. કોર્ટે એમ પણ કહ્યું કે અમને તારા ભાષણ સાંભળવામાં રસ નથી, પોતાના જ શબ્દો એને કાનમાં વારંવાર વાગી રહ્યા હતા. આ ટિપ્પણી એ સંકેત આપે છે કે પોતાને બૌદ્ધિક અને નૈતિકતાના મસીહા તરીકે રજૂ કરનાર વ્યક્તિ જ્યારે પોતાની જ ઓફિસની જુનિયર સાથી પર આવું કૃત્ય કરે છે ત્યારે તેને કોઈ પણ રીતે હળવાશથી લઈ શકાય નહીં.આ ઘટનાનું મહત્વ માત્ર એક વ્યક્તિના ગુનાની સજા પૂરતું મર્યાદિત નથી. તે ભારતીય પત્રકારત્વના એક આખા યુગના અંતનું પ્રતીક છે. તહેલકા એ સામયિક હતું જેણે સ્ટિંગ ઓપરેશન દ્વારા દેશના રાજકારણમાં ભૂકંપ લાવી દીધો હતો. ઓપરેશન વેસ્ટ એન્ડથી લઈને ગુજરાત રમખાણોના ખુલાસા સુધી તહેલકાએ સત્તાને સવાલ પૂછવાની હિંમત બતાવી હતી. તેથી જ જ્યારે તેના જ સ્થાપક પર આવો આરોપ લાગ્યો ત્યારે લોકોનો વિશ્વાસ તૂટી ગયો. સત્તાના દુરુપયોગનું સૌથી ઘૃણાસ્પદ સ્વરૂપ ત્યારે જોવા મળે છે જ્યારે કોઈ વ્યક્તિ પોતાના હોદ્દા, ઉંમર અને પ્રભાવનો ઉપયોગ પોતાનાથી નબળી સ્થિતિમાં રહેલી વ્યક્તિનું શોષણ કરવા માટે કરે છે.

# સુખથી આનંદ અને આનંદથી ઉર્જા ઉદ્ભવે છે જે બીજા જીવને સુખ આપનાર બને છે

**વિકાસ અને વિકલ્પ**

-ડૉ. નાનક ભટ્ટ

ઉપનિષદ કહે છે "માનવ શરીર દ્વંદ્વ છે. જો પશુતા (શરીર) તરફ ગતિ કરતો સુઃખમાં જીવે છે (અને) ઐશ્વર્ય (ચેતના) તરફ ગતિ કરે તો આનંદમાં રહે છે." પૌરાણિક કથા અનુસાર નચિકેતા વરસો વરસની તપશ્ચર્યા પછી પિતા ઉદ્દાલકને પોતાને જેઠલા પરમ સત્યને ઉજાગર કરતા રહે છે "આનંદો પરમો ધર્મ" ભગવાન કૃષ્ણ પણ ગીતામાં મનુષ્ય શરીરની સત્ ચિત્ત અને આનંદની અવસ્થા વર્ણવે છે.

માનવ શરીરને મળેલ પાંચ ઈન્દ્રિયો (રિસિવર)થી મધુર સ્પર્શ, સ્વાદ, શ્રવણ, દ્રવ્ય અને સુવાસથી અંતતોગત્વા શરીરને સુખ મળે છે. શરીર વિજ્ઞાન જેને બાયો કમ્ફર્ટ કહે છે તેનું મેંકેનિઝમ ખોલવાનું કામ ગુજરાતનાં ચિંતક, લેખક પ્રાધ્યાપક શ્રી પ્રવીણભાઈ ઠક્કરે ૩૮ પાનાની પુસ્તિકા "યાત્રા સુઃખ અને આનંદની" માં મુક્યું છે.

લેખક નોંધે છે કે મનુષ્યનાં ૧૨૦૦થી ૧૪૦૦ ગ્રામનાં મસ્તિષ્કમાં રહેલા ૧૦૦ અબજથી વધુ ન્યુરોન્સની પરસ્પરની પ્રતિક્રિયામાંથી આનંદની અનુભૂતિ નિષ્પન્ન થાય છે. માનવ મસ્તિષ્કમાં ડોપામાઈન નામના રસાયણના સ્ત્રાવથી શરીર આનંદની અનુભૂતિ કરે છે. આ રસાયણ યુવાનોને વધુ સાહસી, સક્રિય અને રોમાન્સ તરફ ધકેલે છે. જ્યારે મગજ દ્વારા વહેતા સેરાટોનિનના સ્ત્રાવથી વ્યક્તિનું વર્તન આત્મવિશ્વાસથી સભર બની જાય છે. તે વધુ પૈસા કમાવવા, વધુ સાધન સુવિધા જોડવા જોખમ ખેડવા તત્પર રહે છે. માણસની પાછલી ઉંમરે ઓક્સિટોસીનનો પ્રભાવ વધતાં વ્યક્તિ વધુને વધુ પ્રેમાળ, સહુના આદર અને સન્માનને ઝંખનાર બને છે. ભારતીય દર્શન શાસ્ત્ર વ્યક્તિનાં વર્તન આધારે તેને તમસ, રજસ અને સત્વ તેમ ત્રણ સ્તરમાં વિભાજિત કરે છે. સિગ્મન્ડ ફ્રોઈડ પણ વ્યક્તિ ૧૮થી ૩૫ વર્ષની વય, ૩૫ થી ૬૦ વર્ષ અને ત્યારબાધની વયમાં સ્વાકેન્દ્રથી ઉપર ઉઠી સમાજ અને સૃષ્ટિમાં પોતાની જાતને આનંદિત રાખી શકે છે. તેનું અવલોકન આપે છે. માનવીય સુઃખ અને આનંદ યાત્રાનાં તાણાવાણા ઉકેલતા લેખક નોંધે છે "સુઃખ સાપેક્ષ છે" જે વ્યક્તિ વ્યક્તિ એ અલગ પ્રકારે જોવા મળે છે.

વર્તન વિજ્ઞાન કહે છે માણસ માત્ર ૨૫% સમજ જ્ઞાન, શિક્ષણ અથવા તાલીમમાંથી મેળવે છે. બાકી બધું ડાહપણ તેને માતા-પિતાનાં પક્ષે મળેલ પાછલા ૩૦૦ વર્ષનાં જૈવિક વારસા (જેનેટીકલ મેમરી)માંથી ઉપજે છે. અને આથી જ તો કોઈની સ્વાકેન્દ્રિય ને આઈસ્ક્રીમ સુઃખ આપે તો કોઈને બટર ચિકન. કોઈની કર્ણેન્દ્રિયને પ્રભુ ભજન સુઃખ આપે તો કોઈને ડિસ્કો. માનવ શરીરના સંસ્કાર સુઃખ નક્કી કરે છે. આમ છતાં જીવ વિજ્ઞાનના સંશોધનો અનુસાર "સુઃખનાં છેવાડે મળતો આનંદ પશુ-પ્રાણી અને વનસ્પતિમાં સમાન રીતે પરિણામદાયી રહે છે."

પૃથ્વી ઉપર છેલ્લા ૨૯-૩૦ લાખ વર્ષથી વિકસેલ બૌદ્ધિક માનવનાં ઈતિહાસની નોંધ "હ્યુમન કાઈન્ડ" નામના સંશોધનમાં રુત્ઝેર બ્રેગમાન દ્વારા અંકિત થતા એક વાત સ્પષ્ટ થઈ શકે છે કે, "પૃથ્વીનો ગોળો સ્વયં ચૈતન્ય છે. અહીં કશું નિર્જીવ નથી" એટલું જ નહી પરંતુ થડ અને પાંદડાથી એક સ્થળે સ્થિર રહેતી વનસ્પતિ પણ સંવેદનાની આપ-લે કરે છે. જળ અને ખોરાક જેવી બાબતોમાં માનવ સમાજ માફક વૃક્ષો પણ પરસ્પરને ઉપયોગી થઈ આનંદની અનુભૂતિ કરે છે. પ્લાંટ સાયકોલોજી (સાયકેડેલીક્સ) ઉપરનાં અભ્યાસો જણાવે છે કે માનવ શરીરના રંગસૂત્રો માફક વૃક્ષનાં કલોરોફિલમાં આનંદનો અહેસાસ યાદદાસ્ત તરીકે સચવાય છે. અને પરંપરાગત રીતે ફળનાં બીજ સ્વરૂપે વારસામાં ઉતરે છે. વનસ્પતિનાં જૈવિક અને માનસિક વિકાસ પ્રક્રિયાનાં અભ્યાસને ફાયરો સાયકોલોજી તરીકે જાણવામાં આવે છે. પ્લાન્ટ ન્યુરો બાયોલોજીની શાખા વનસ્પતિ વાતચીત અને નિર્ણય લેવાની ક્ષમતા ઉપરાંત તેની સંવેદનશીલતા ઉપર કામ કરે છે. વનસ્પતિ વિજ્ઞાનનાં જનક થીયો થ્રેસ્ટસ અને ભારતીય વિજ્ઞાની જગદીશ ચંદ્ર બોઝનાં સંશોધનો જણાવે છે કે જમીન (વાતાવરણ) અને વૃક્ષનાં વિકાસમાં અનુકૂલન તેના થડ અને પાનનાં રંગ, ફૂલોનો જથ્થો અને સુવાસ તેમજ ફળોની સંખ્યાથી નક્કી થાય છે. પરંતુ વૃક્ષનું આભામંડળ (ઓરા) ની કિર્લિયન ફોટોગ્રાફી થી વિજ્ઞાન માપી શકે છે. કે વૃક્ષ કેટલું ઉર્જાવાન (રી પ્રોડક્ટીવ-એનર્જી) છે.

આ અવલોકનથી મનુષ્ય શરીરની સફળતા અંકિત કરવામાં આવે તો "વ્યક્તિ તેનાં પૈસા, પદવી, કે રુઆબ થી નહી પણ તેની આનંદ ક્ષમતા અને તેથી વિશેષ તેના સંપર્કમાં આવતા સમુદાયમાં તે કેટલી ક્રિયાશીલતા સ્થાપી શકે છે. તે આકલનનો વિષય બને છે."

અહીં એક બીજો ચમત્કાર એ જોવા મળે છે કે, એક સેકંડમાં અનેકવાર પાંખો ફફડાવી ફૂલો પર બેસતા પતંગિયા અને ભમરાનાં અભ્યાસથી ખ્યાલ આવે છે કે આનંદની અવસ્થા માણસમાં પણ જૈવિક વિદ્યુત તરંગો (બાયો ઈલેક્ટ્રીક વેવ્ઝ) ઉત્પન્ન કરે છે. અને આથી જ તો આનંદમાં રહેનાર વ્યક્તિનાં હૃદયમાં સ્ટેન્ટ નથી મૂકવા પડતા!!! પ્રાણની સાધના કરનાર સાચુકલા અધ્યાત્મ ગુરૂજીનો પાસે બેસવાથી તેમની ઓરા શાંતિ અને ઉર્જાની અનુભૂતિ આપે છે!!! રમણ રેતીમાં ચાલેલા ભગવાન કૃષ્ણ કે હજારો સાધકો સાથે પગપાળા પ્રવાસ ખેડી સ્થાન પવિત્ર કરતા ભગવાન બુદ્ધ અને મહાવીરનો પ્રયાસ આજે પણ યથાર્થ જણાય છે!!!

ઔદ્યોગિક ક્રાંતિ પછીનાં વિશ્વનું બાળક સહજ રીતે જ મહત્વકાંક્ષા, સ્પર્ધા, ઈર્ષ્યા, નિષ્ફળતાનાં ભય વચ્ચે કસાતું જાય છે, ત્યારે દુનિયા હેપીનેસ (સુઃખ)નાં ઈન્ડેક્સ તૈયાર કરી શિક્ષણ અને બાળ ઉછેરમાં રહેલ ભૂલો સુધારી રહ્યું છે. પણ જીવ વિજ્ઞાન અને મનોવિજ્ઞાન કહે છે હવે પીસ ઈન્ડેક્સ (મનની શાંતિના ધોરણો) વિકસાવવાની જરૂરીયાત છે. કારણ નવી પેઢી અત્યંત ઝડપથી નિરાશાની આંધીથી ઘેરાઈ રહ્યાંના લક્ષણો જોવા મળી રહ્યા છે. અંતે રહયું કે માણસ ખાલી હાથે આવે છે અને સિકંદર સહિત સહુ ખાલી હાથે જતા રહે છે. પરંતુ માનવ શરીરને મળેલ સુઃખની યાત્રા આનંદ ઉર્જામાં પરીવર્તિત કરી શકાય તો મહર્ષિ અરવિંદ કહેતા તેમ જગતને થોડું વધુ ઉર્જાવાન કર્યાનો આત્મસંતોષ મળી શકે તેમ છે.

# ધ્યેય અને ધગશ હશે તો જ ધાર્યું કામ થશે

**વિશેષ**

સતત પ્રયત્નથી સાદા દોરામાંથી બનેલું મજબૂત દોરડું પથ્થરમાંય આંકા પાડી શકે છે. તો માણસ કોશિશ કરે તો શું ના કરી શકે?

ઔર્વ ઋષિના ઉપદેશ પ્રમાણે ચક્રવર્તી સમ્રાટ સગરે અશ્વમેઘ યજ્ઞાનું આયોજન કર્યું. યજ્ઞા માટે જે ઘોડો છોડવામાં આવ્યો તે ઈન્દ્રએ ચોરી લીધો. ઘોડા વગર યજ્ઞા સંપૂર્ણ ના થાય. સગરના પુત્રો ઘોડો શોધવા નીકળ્યા. એ દરમ્યાન સમજફેરથી તેમને મહર્ષિ કપિલમુનિ પર શંકા ગઈ. તેમને લાગ્યું ઘોડો મહર્ષિ એ જ ચોર્યો છે. યજ્ઞાના ઘોડા માટે પુત્રોથી મહર્ષિનું અપમાન થઈ ગયું. આ અપમાનના લીધે મહર્ષિના તપોબળથી પુત્રોના શરીરમાંથી સ્વયંભૂ અગ્નિ પ્રકટયો. અને પળવારમાં બધા પુત્રો ભડભડ બળીને ભસ્મ થઈ ગયા. રાજમહેલનો ખૂણે ખૂણો હીબકે ચઢયો. રાજકુટુંબમાં શોક છવાઈ ગયો. પુત્રો તો ગયા પણ તેમનો જીવ અવગતે ના જાય તેના માટે ગુરૂને એક ઉપાય બતાવ્યો. સ્વાહા થઈ ગયેલા પુત્રોની ભસ્મ અને અસ્થિઓને જો ગંગા નદીમાં પધરાવાય તો જીવોનો ઉધ્ધાર થાય. પણ આ એ યુગની વાત છે જ્યારે ગંગાજી ધરતી પર નહોતાં. તે વખતે ગંગાજી બ્રહ્મલોકમાં બ્રહ્માજીના કમંડળમાં હતાં. હવે શું કરવું? જ્યાં સુધી ગંગાજીનું અવતરણ ના થાય ત્યાં સુધી પુત્રોના જીવનો ઉધ્ધાર પણ ના થાય!!

મહારાજા સગરનો અંશુમાન નામે એક પૌત્ર હતો. તે ધર્મિષ્ઠ અને લાગણીશીલ હતો. તે કપિલમુનિને મળ્યો. ભૂલ સ્વીકારી. ચરણ-વંદના કરી. સ્તુતિ કરી. વિનંતી કરી. કપિલમુનિએ પ્રસન્ન થઈ એક યજ્ઞાપશુ આપી યજ્ઞાની બાકીની વિધિ પૂરી કરવા આશીર્વાદ આપ્યાં. યજ્ઞા તો સમાપ્ત થયો પણ અંશુમાને મરેલા જીવોની ભસ્મ અને અસ્થિઓ એક મોટા પોટલાંમાં સલામત સ્થળે સાચવી રાખ્યાં. તેનો જીવ કકળતો હતો. તેણે ગંગાજીને ધરતી પર ઉતારવાનો દઢ સંકલ્પ કર્યો. (ના પ્રાપ્યં તપસઃ કિંચિત) આ જગતમાં એવું કશું જ નથી જે તપથી ભરપૂર કોશિશથી ના મેળવી શકાય. જ્યારે ધ્યેય નજર સામે હોય, ઉત્સાહ જીવંત હોય તો સંકલ્પ પૂરો કેમ ના થાય ?

અંશુમાને વર્ષો સુધી ઘોર તપ કર્યું. છેલ્લા શ્વાસ સુધી તપથી ચલિત ના થયો. છતાં સફળતા ના મળી. અંશુમાનના પુત્ર દિલીપે વિચાર્યું. પિતાજીનો સંકલ્પ પિતૃઓના ઉધ્ધાર માટે હતો. તેણે અધુરા રહેલા સંકલ્પને પૂરો કરવા પ્રયત્ન કરવો જોઈએ. તેમના તપને નકામું ના જવા દેવાય. (યત્નો હિ સતતં કાર્યસ્તતો દેવેન સિધ્યતિ) મારે સતત પ્રયત્ન ચાલુ રાખવો જોઈએ. જો કોશિશ ચાલુરહેશે તો ગમે ત્યારે ઈશ્વર સાથ આપશે અને કાર્ય પૂર્ણ થશે.

જોકે દિલીપના જીવંતા પણ સફળતા ના મળી. ત્યારપછી દિલીપના પુત્ર ભગીરથમાં ધ્યેય હાસિલ કરવાનો તલસાટ વધી ગયો. ભગીરથે અખંડ તપ કર્યું. તેના જીવનનો એક એક શ્વાસ ગંગા અવતરણ માટે ખર્ચવા લાગ્યો. છેવટે ગંગાજીના દર્શન થયાં.જોકે દિલીપના જીવંતા પણ સફળતા ના મળી. ત્યારપછી દિલીપના પુત્ર ભગીરથમાં ધ્યેય હાસિલ કરવાનો તલસાટ વધી ગયો. ભગીરથે અખંડ તપ કર્યું. તેના જીવનનો એક એક શ્વાસ ગંગા અવતરણ માટે ખર્ચવા લાગ્યો. છેવટે ગંગાજીના દર્શન થયાં. ''ભગીરથ, હું ધરતી પર આવું તો મારી ગતિ, મારો વેગ, મારો જુસ્સો કોણ ઝીલશે ? જો કે હું ધરતી પર આવવા રાજી નથી. કારણ કે અહીં પાપીઓ મારામાં સ્નાન કરી મને મેલી કરશે! એમના ધોવાયેલા પાપનો નાશ ક્યારે થશે ?'' ભગીરથે કહ્યું, ''માતા ભગવાન શિવજીની હું આરાધના કરીશ, તે આપનો વેગ ઝીલશે, અને તમે પાણની ચિંતા ના કરશો. અહીંના સંતો, ભક્તો અને મહાત્માઓના અંતઃકરણમાં શ્રીહરિનો વાસ હોય છે. તેમના સ્પર્શમાત્રથી આપનું વહેણ શુધ્ધ જ રહેશે!!''

ગંગાજી પ્રસન્ન થયાં. શિવજીએ તેમની જટામાં ગંગાજી ધારણ કર્યાં અને જટા નીચોવી ગંગાજીનું અવતરણ કરાવ્યું. ભગીરથે તેમનો જ નહિં સંસારનો પણ ઉધ્ધાર કર્યો. આપણને ગંગાજળ આપી આપણા સૌનું કલ્યાણ કર્યું. ભગીરથ ગંગાસાગર-સંગમે ગયા. ત્યાં ગંગા માતાની સ્તુતિ કરી ભસ્મ અને અસ્થિઓનું વિસર્જન કર્યું. આમ અંશુમાન, દિલીપ અને ભગીરથની તપસ્યા, શ્રધ્ધા, ધગશ, ધૈર્ય અને સહિયારા પ્રયત્નોથી તેમના પૂર્વજોના આત્માને શાંતિ મળી.

ઉત્સાહનો સૂર્ય યાતનાની અંધારી રાતમાંથી પસાર થયા પછી ઉગે છે. જેનામાં ચેતના અને સંવેદનશીલતા જાગતી રહે તેને ધાર્યું મળતાં વાર નથી લાગતી. હા, ધ્યેય સુધી પહોંચવા નીરવ પગલે એકધારૃં ચીવટથી ચાલવું પડે છે.ઉત્સાહનો સૂર્ય યાતનાની અંધારી રાતમાંથી પસાર થયા પછી ઉગે છે. જેનામાં ચેતના અને સંવેદનશીલતા જાગતી રહે તેને ધાર્યું મળતાં વાર નથી લાગતી. હા, ધ્યેય સુધી પહોંચવા નીરવ પગલે એકધારૃં ચીવટથી ચાલવું પડે છે.

દક્ષિણમાં દેવગિરિની પાઠશાળામાં બોપદેવ નામનો વિદ્યાર્થી ભણતો હતો. તેને સંસ્કૃતિ વ્યાકરણ બિલકુલ ગમતું નહોતું. પરિણામે ગુરૂજી તેને રોજ સોટી મારતા. રોજેરોજનો માર ખાઈ કંટાળી ગયો હતો. સોટીના મારથી તેનું શરીર દુખતું. એક દિવસ ઘર છોડીને જંગલ તરફ ચાલી ગયો. બે દિવસ ભૂખ્યો. તરસ્યો રહ્યો. પછી એક ધર્મશાળામાં આશરો મળ્યો. એક દિવસ વહેલી સવારે પાસે આવેલા કૂવા પાસે સ્નાન કરવા ગયો. ત્યાં ગામની સ્ત્રીઓ ઘડાને દોરડું બાંધી કૂવામાંથી પાણી ભરતી હતી. દોરડાને લીધે કૂવાની ધાર પર આંકા પડી ગયા હતા. તેણે પૂછયું 'આ આંકા કેવી રીતે પડયા છે ?' એક સ્ત્રીએ કહ્યું, ''અમે રોજ અહીં આવીએ છીએ, પાણી ભરીએ છીએ. દોરડાના ઘસારાથી આંકા તો પડે ને!'' બોપદેવે જોયું, સતત પ્રયત્નથી સાદા દોરામાંથી બનેલું મજબૂત દોરડું પથ્થરમાંય આંકા પાડી શકે છે. તો માણસ કોશિશ કરે તો શું ના કરી શકે ? તેની ચેતના જાગૃત થઈ. તે શાળામાં પાછો ગયો. વ્યાકરણ શીખવાનું શરૂ કર્યું. તેણે એટલી ધગશથી. ઉત્સાહથી અભ્યાસ કર્યો કે તેના ગુરૂ પણ પ્રસન્ન થઈ ગયા. આ જ બોપદેવે આગળ જતાં 'મુગ્ધ બોધ' નામનું વ્યાકરણ વિષે પુસ્તક લખ્યું.

માણસની પહોંચ હોય તો તે ધારે ત્યાં પહોંચી શકે, ધારે તે મેળવી શકે. બસ લોહીના બુંદે બુંદમાં મંઝિલ સુધી પહોંચવાનું ઝનૂન જોઈએ. ધ્યેય અને ધગશના હલેસાંથી ઈચ્છાની નાવ ગમે તેવા તોફાનોમાં મઝધાર પાર કરી ઈચ્છિત કિનારે નાંગરી શકે છે. જેની પાસે શુભ હેતુ હોય, નિશ્ચિત લક્ષ્ય હોય, થનગનતો ઉત્સાહ હોય, છલાંગ લગાવવાની હોંશ હોય તેને તેની ઈચ્છિત વસ્તુ મેળવતાં કોણ રોકી શકે ? હા, 'હાશ' ના હિંડોળે ઝૂલવું હોય તો પ્રયત્નની ઠેસ તો મારવી પડે.

# સંઘપ્રમુખ મોહન ભાગવતે ઝેન-ઝીના દિલ જીતી લીધા

**નવી પેઢીના આકરા સવાલો સામે સંઘ પ્રમુખનો વિનમ્ર સંવાદ. યુવાનો સાથે વાત ન કરી એટલે આંદોલન થયું આપણે તેને સમજવા જોઈએ તેમ કહી મોહન ભાગવતે ટકોર કરી સાથે એ પણ કહ્યું કે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ મૂકવોના જોઈએ પરંતુ ઈનફ્લુએન્સરને રાષ્ટ્રહિત માટે ચેતવણી પણ આપી, અફવા ન ફેલાવે**

**આસપાસ ચોપાસ**

સુરેશ ભટ્ટ


સાચું નેતૃત્વ એટલે શું? આપણે ત્યાં સામાન્ય રીતે એવું માની લેવાય છે કે જે સારું બોલી શકે, ભીડને આકર્ષી શકે અને ચૂંટણી જીતી શકે તે જ નેતા. પરંતુ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક ડો. મોહન ભાગવતે મુંબઈમાં યોજાયેલા એક કાર્યક્રમમાં આ વ્યાખ્યાને જ મૂળથી ફેરવી તોળી. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે નેતૃત્વ એ માત્ર ભાષણ આપવાની કળા નથી, ચૂંટણી જીતવાનું ગણિત નથી કે ખુરશી મેળવવાની દોડ નથી. સાચા નેતામાં સૌથી પહેલા જ્ઞાન હોવું જોઈએ, વિષયની ઊંડી સમજ હોવી જોઈએ અને સૌથી અગત્યનું, બીજાના ગુણોને ઓળખીને તેની ખુલ્લા દિલથી પ્રશંસા કરવાની મોટી ક્ષમતા હોવી જોઈએ. જે વ્યક્તિ પોતે આગળ રહેવા માટે બીજાને નાનો બતાવે છે તે નેતા નથી, તે માત્ર સત્તાનો આકાંક્ષી છે. અસલી નેતા તો પાછળ રહીને પણ ટીમને આગળ લઈ જાય છે, બીજાના કામનું ગૌરવ કરે છે અને સંકટ સમયે પોતાની ટીમની જેમ અડીખમ ઉભો રહે છે. આ વિચાર આજના રાજકારણ માટે એક અરીસા સમાન છે, જ્યાં નેતૃત્વનો અર્થ ઘણીવાર માત્ર સોશિયલ મીડિયા પર છવાઈ જવું એવો થઈ ગયો છે. મોહન ભાગવતે નિર્ભયતા પૂર્વક પોતાના વિચારો રાષ્ટ્ર સામે મૂક્યા છે જેને કારણે યુવા પેટી તેની પ્રશંશક બનીને તાલીઓના ગડગડાટ થી તેમને વધાવી લીધા હતા.

મુંબઈમાં ગુરુવારે યોજાયેલા આ ખાસ કાર્યક્રમમાં લગભગ બે હજાર જેટલા જેન-ઝી અને જેન-આલ્ફા યુવાનોએ ભાગવતને સીધા, આકરા અને તાજેતરના દેશના ઘટનાક્રમ સાથે જોડાયેલા પ્રશ્નો પૂછ્યા હતા. આ સંવાદનું સૌથી મહત્વનું તારણ એ હતું કે લોકો રસ્તા પર કેમ ઉતરે છે. આજકાલ નેપાળ, બાંગ્લાદેશ કે આપણા દેશના કેટલાક ભાગોમાં જે યુવા આંદોલનો દેખાય છે તેના મૂળમાં શું છે, તેવા પ્રશ્નના જવાબમાં ભાગવતે ખૂબ ગંભીર વાત કહી. તેમણે કહ્યું કે જ્યારે સમાજની ચિંતાઓ, ખાસ કરીને યુવાનોની ચિંતાઓ, સંવાદ દ્વારા સાંભળવામાં આવતી નથી, ત્યારે જ લોકો આંદોલનનો માર્ગ અપનાવે છે. આંદોલન કોઈને શોખ નથી. કોઈ પણ વ્યક્તિ પોતાના કામધંધા છોડીને રસ્તા પર આવવાનું પસંદ કરતું નથી. પરંતુ જ્યારે વ્યવસ્થાને લાગે છે કે બધું બરાબર છે અને નીચે જે અસંતોષનો લાવા ધગધગી રહ્યો છે તેની ઉપેક્ષા કરવામાં આવે છે, ત્યારે તે લાવા ફાટે જ છે. તેમણે કહ્યું કે આંદોલનનો મૂળ હેતુ પણ સમાજમાં ભાગલા પાડવાનો નથી હોતો, પરંતુ ચર્ચા દ્વારા સર્વસંમતિ સુધી પહોંચવાનો હોય છે. જો આ સંવાદની ભૂમિકા શાસન કે સમાજના વડીલો ન નિભાવે તો વિદ્રોહ જન્મે છે. નેપાળના ઉદાહરણનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે ત્યાં પણ જ્યારે યુવાનોને એવું લાગ્યું કે તેમનું ભવિષ્ય સુરક્ષિત નથી અને તેમની વાત સાંભળનાર કોઈ નથી ત્યારે પરિસ્થિતિ વણસી. તેથી લોકશાહીમાં સૌથી મોટી જવાબદારી સાંભળવાની છે.

સંવાદનો અભાવ અને સોશિયલ મીડિયાનો ભ્રમ પણ મોહન ભાગવતે સ્પષ્ટ કર્યો

આજના સમયમાં સંવાદનું સૌથી મોટું માધ્યમ સોશિયલ મીડિયા બની ગયું છે. મુંબઈના કાર્યક્રમમાં યુવાનોએ સોશિયલ મીડિયા પર પ્રતિબંધ અને તેના નિયંત્રણ અંગે પણ સવાલ પૂછ્યો હતો. આના જવાબમાં મોહન ભાગવતનો દૃષ્ટિકોણ ખૂબ સ્પષ્ટ અને પ્રગતિશીલ હતો. તેમણે કહ્યું કે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ મૂકવો એ કોઈ ઉકેલ જ નથી. ટેકનોલોજી આજે કોઈ એક વ્યક્તિ, સરકાર કે સંસ્થાના કાબૂમાં નથી. તે એક નદીના પ્રવાહ જેવી છે, તમે તેને રોકી ન શકો, તેનો યોગ્ય ઉપયોગ કરતા શીખવું પડે. બેન કરવાથી તો લોકોમાં વધુ આકર્ષણ અને અફવાઓ વધે છે. સાચો રસ્તો પ્રતિબંધ નથી, વિવેક છે. તેમણે ખાસ કરીને ઈન્ફ્લુઅન્સર સમુદાયને ચેતવણી આપતા કહ્યું કે તમારી પાસે લાખો લોકો સાંભળે છે, તેથી તમારી જવાબદારી પણ એટલી જ મોટી છે. કોઈ પણ વસ્તુને શેર કરતા પહેલા, તેની સત્યતા ચકાસવી જોઈએ. બીજાને ગેરમાર્ગે દોરે તેવી અધકચરી માહિતી, ખોટા સમાચાર કે સનસનાટી ફેલાવવાનું કામ ઈન્ફ્લુઅન્સરે ન કરવું જોઈએ. તેમણે યુવાનોને પણ કહ્યું કે સોશિયલ મીડિયા પર આવતી દરેક વસ્તુ પર આંખ બંધ કરીને ભરોસો ન કરો, તેને તર્કની કસોટી પર ચકાસો. માહિતીના આ યુગમાં સત્યને શોધવું એ જ સૌથી મોટી સાધના છે.

ઈમાનદારી, દેશભક્તિ અને આર્થિક ચિંતાઓ અંગે મનની વાત કરતા મોહન ભાગવત જણાવ્યું હતું કે આખા કાર્યક્રમનો સૌથી વધુ ચર્ચાયેલો અને હૃદયસ્પર્શી આ મુદ્દો એ હતો જ્યારે મોહન ભાગવતે નવી પેઢીના વખાણ કર્યા. ઘણીવાર વડીલો એવું કહેતા હોય છે કે આજની પેઢી બગડી ગઈ છે, તેને દેશની પડી નથી. પરંતુ ભાગવતે આ વાતને સંપૂર્ણપણે નકારી કાઢી. તેમણે કહ્યું કે જેન-ઝી અમારી પેઢી કરતા વધુ ઈમાનદાર અને વધુ દેશભક્ત છે. તેઓ દંભ કરતા નથી, જે મનમાં છે તે સ્પષ્ટ કહે છે. તેમની ફરિયાદો પણ વાજબી છે અને મને તેમની પ્રામાણિકતા પર સંપૂર્ણ વિશ્વાસ છે. આ એક મોટું નિવેદન હતું, કારણ કે એક વરિષ્ઠ વિચારક જ્યારે યુવાનો પર ભરોસો મૂકે છે ત્યારે સમાજમાં એક નવી આશા જન્મે છે.




યુવાનોએ દેશની વર્તમાન સ્થિતિ વિશે પણ પ્રશ્ન પૂછ્યો હતો કે શું દેશની સ્થિતિ ખરેખર સારી છે. આના જવાબમાં ભાગવતે સંતુલિત જવાબ આપ્યો. તેમણે કહ્યું કે જેમની સ્થિતિ સારી થઈ ચૂકી છે, તેઓ જ ફરિયાદના મોડમાં આવી ગયા છે. પરંતુ જો તમે સામાન્ય માણસને જુઓ તો તેની સ્થિતિમાં સુધારો થયો છે. સામાજિક ભેદભાવ ઓછો થયો છે, લોકોની આવક વધી છે. તેમ છતાં તેમણે આર્થિક અસમાનતાની ચિંતાને પણ સ્વીકારી. તેમણે કહ્યું કે આજે પણ સમાજમાં એક વર્ગ એવો છે જે આર્થિક રીતે સંઘર્ષ કરી રહ્યો છે અને તેની ચિંતા કરવી એ આપણા બધાની સામાજિક જવાબદારી છે. આર્થિક વિકાસની સાથે સામાજિક સમરસતા પણ જરૂરી છે. અંતમાં તેમણે એ સંદેશ આપ્યો કે ભારતનું ભવિષ્ય તેના યુવાનોના હાથમાં સુરક્ષિત છે, બસ જરૂર છે તો એકબીજાને સાંભળવાની, સમજવાની અને સાથે મળીને ચાલવાની.

માત્ર એક સભામાં ઉપસ્થિત રહીને સંઘના સર સંચાલક મોહન ભાગવતે યુવા પેઢીને વધુ ઈમાનદાર વધુ દેશભક્ત દર્શાવીને સાચી રાષ્ટ્રીય તાના દુનિયાને દર્શન કરાવ્યા!!!

# ક્રિકેટર રમણદીપ સિંહ પંજાબી અભિનેત્રી ચાર્લી ચૌહાણ સાથે લગ્નગ્રંથિથી જોડાયો





અમૃતસર,

કોલકાતા નાઈટ રાઈડર્સના ઑલરાઉન્ડર રમણદીપ સિંહે ઉંમરમાં પોતાનાથી સાત વર્ષ મોટી પંજાબી અભિનેત્રી ચાર્લી ચૌહાણ સાથે ગુપચુપ લગ્ન કરી લીધા છે. તેમના આ લગ્નમાં બન્નેના નજીકના સગાસંબંધીઓ, મિત્રો, અમુક ક્રિકેટરો અને ટેલિવિઝન ઉદ્યોગના કેટલાક સેલિબ્રિટીઝ હાજર હતા.

રમણદીપએ લગ્ન બાદ સોશ્યલ મીડિયા પર તસવીરો શૅર કરી હતી અને કૅપ્શનમાં લખ્યું હતું, 'આઠ વર્ષથી અમે સાથે રહ્યા, અને હવે...કાયમ માટે એકમેકના થઈ ગયા.'

સોશ્યલ મીડિયામાં વાઈરલ થયેલા ફોટો અને વીડિયોમાં જોવા મળ્યું છે કે તેઓ એક ગુરુદ્વારામાં પરંપરાગત વિધિ સાથે લગ્નગ્રંથિથી જોડાઈ ગયા હતા. લગ્ન સમારોહમાં ક્રિકેટરો અર્શદીપ સિંહ, નમન ધીર, અશ્વિની કુમાર અને જસિન્દર સિંહ હાજર હતા. શુભમન ગિલ, આર. અશ્વિન અને અભિષેક શર્માએ સોશ્યલ મીડિયા પર રમણદીપ સિંહને શુભેચ્છા આપી હતી.

હિમાચલ પ્રદેશના શિમલામાં જન્મેલી ટીવી અભિનેત્રી ચાર્લી ચૌહાણ ૩૬ વર્ષની છે. તે સૌથી પહેલાં એમટીવી રૉડિઝ નામના શૉથી મનોરંજન જગતમાં જાણીતી થઈ હતી.

# ફિલ્મ વારાણસી ઉપરાંત હોલિવૂડના ચાર પ્રોજેક્ટમાં પણ પ્રિયંકા ચોપરા જોવા મળશે



મુંબઈ,

બોલીવુડની સફળ અભિનેત્રી પ્રિયંકા ચોપરા ફિલ્મ 'વારાણસી'ના પ્રોજેક્ટમાં વ્યસ્ત છે. એક લાંબા સમયના બ્રેક બાદ તે એક બિગ બજેટ ફિલ્મથી ઈન્ડસ્ટ્રીમાં કમબેક કરી રહી છે. પણ 'વારાણસી' ફિલ્મ સિવાય પણ ઘણા એવા ફિલ્મના પ્રોજેક્ટ છે જેના પર તે ખૂબ સારી રીતે કામ કરી શકે છે. બોલીવુડમાં કામ કર્યા બાદ હવે હોલીવુડની ફિલ્મમાં તે ફરી પોતાની એક્ટિંગનો અંદાજ બતાવવા માટે તૈયારીઓ કરી રહી છે. બોલીવુડની આ ફિલ્મનું કામ કરીને તે હોલીવુડના એક પ્રોજેક્ટ સાથે જોડાય એવા રિપોર્ટ મળ્યા છે.જો બધુ વ્યવસ્થિત રહ્યું અને એક્ટ્રેસના શેડ્યુલ પ્રમાણે થયું તો હોલિવૂડ સ્ટાર રસલ ક્રો સાથે તે સ્ક્રીન શૅર કરતી જોવા મળશે. આ સિવાય તે એન્જેલીના જોલી સાથે પણ સ્ક્રિન શૅર કરશે. આ બન્ને હોલીવુડની ફિલ્મ છે. આ સિવાય ફિલ્મનિર્માતા મીરા નાયરની ફિલ્મ અમરીમાં જોવા મળી શકે છે. આ ફિલ્મમાં તેની ભૂમિકા ખૂબ મોટી અને મહત્ત્વની માનવામાં આવે છે. મેડમ અજુરીનો રોલ તે પ્લે કરી રહી છે. આ ફિલ્મમાં જયદીપ અહલાવત અને અંજલી શ્રીવર્મન જેવા કલાકારો પણ જોવા મળશે. આ ફિલ્મને લઈને એક્ટ્રેસે ખાસ કોઈ વાત તો સ્પષ્ટ કરી નથી પણ બોલીવુડ ઈન્ડસ્ટ્રીમાં આ ફિલ્મ સાથે પ્રિયંકાનું નામ જોડાયું હોવાનું જાણવા મળ્યું છે. આ ફિલ્મ એકાદ વર્ષ પછી રિલીઝ થાય એવી પૂરી શક્યતાઓ છે.

આ સિવાય 'જજમેન્ટ ડે' જેવી ફિલ્મમાં પણ તે જોવા મળી શકે છે. નિકોલસ સ્ટોલર નામના ફિલ્મમેકર આ ફિલ્મ તૈયાર કરી રહ્યા છે. વિલ ફેરેલ, જૈક એફ્રોન અને બિલી ઈનચર જેવા કલાકારો આ ફિલ્મમાં જોવા મળશે.

આ સિવાય 'બ્લુફ્લાઈ' ફિલ્મમાં પણ તેની એન્ટ્રી થઈ ગઈ છે. આ ફિલ્મમાં તે રસેલ ક્રો સાથે જોવા મળી શકે છે. હોલીવુડના મોટા કલાકારોની વાત થાય છે ત્યારે ટોપ પાંચમાં રસેલ ક્રોનું નામ લેવામાં આવે છે. રસેલે 'ધ ગ્લેડિયેટર' અને 'અ બ્યૂટીફૂલ માઈન્ડ' જેવી ફિલ્મોમાં બેસ્ટ કામ કર્યું છે. એન્જેલીના જોલી સાથેના પ્રોજેક્ટ અંગે ખાસ કોઈ વિગત કે ફિલ્મનું નામ સામે આવ્યું નથી. પણ તેની સાથે કોઈ ફિલ્મમાં તે સ્ક્રિન શૅર કરી શકે છે. આ માટે કોઈ પ્રોજેક્ટનું નામ સત્તાવાર રીતે તો સામે આવ્યું નથી પણ આ કોઈ વેબસિરીઝ હોવાનું કેટલાક પ્રોડ્યુસર્સનું માનવું છે. મોટા ભાગના કેસમાં એમના પ્રોજેક્ટ હોલીવુડ સાથે છે. એવામાં વચ્ચેથી કોઈ બોલીવુડની ફિલ્મમાં તે કામ કરે અને ફરી ભારતમાં શૂટિંગ માટે આવે તો શેડ્યુલમાં ફેરફાર થશે.

# શ્રીલંકા સામેની વોર્મ-અપ મેચમાં યશસ્વી,ગિલ અને સિરાજ છવાયા



કોલંબો,

શ્રીલંકાના પ્રવાસમાં રવિવારે ભારતની શાનદાર જીત સાથે પૂરી થયેલી એકમાત્ર વૉર્મ-અપ મૅચમાં ઓપનર યશસ્વી જયસ્વાલ (૬૧ રન રિટાયર્ડ આઉટ, ૪૬ બૉલ, બે છગ્ગા, નવ ચોગ્ગા)એ પ્રથમ દાવના શૂન્યને ભૂલીને અને કૅપ્ટન શુભમન ગિલ (૪૪ રન, ૫૪ બૉલ, સાત ચોગ્ગા)એ ઈજા બાદ હાથની આંગળીનો રહ્યો સહ્યો દુખાવો અવગણીને ઉપયોગી બૅટિંગ-પ્રૅક્ટિસ કરી હતી. બન્નેની ૧૦૫ રનની ભાગીદારીએ ત્રણ દિવસીય મૅચના અંતિમ દિવસે ભારતના વિજયનો પાયો નાખ્યો હતો.ટીમ ઈન્ડિયાએ શ્રીલંકાની ટૂરમાં વિજયી શરૂઆત કરી જેમાં આ પ્રૅક્ટિસ-મૅચ છ વિકેટે જીતી લીધી. મૅચની અંતિમ ક્ષણોમાં મોહમ્મદ સિરાજે પાંચ બૉલમાં ચાર છગ્ગા ફટકારીને ભારતને જિતાડી દીધું હતું. સિરાજે ૧૫ બૉલમાં ચાર સિક્સર અને એક ફોરની મદદથી અણનમ ૩૨ રન બનાવ્યા હતા. ભારતે ૨૦૭ રનનો લક્ષ્યાંક ચાર વિકેટના ભોગે મેળવી લીધો હતો. ભારતીય ટીમ ૪/૨૦૮ રનના સ્કોર સાથે જ વિજયી ઘોષિત થયું હોત, પરંતુ આ પ્રૅક્ટિસ-મૅચ હતી જેમાં ભારતીય ઈનિંગ્સની ૪૫મી ઓવર (દિવસની કુલ ૯૦ ઓવર) પૂરી કરવાની હોવાથી અમ્પાયરે ભારતના વિજય પછી પણ રમત ચાલુ રહેવા દીધી હતી અને ૪૫મી ઓવરને અંતે ભારતના ૪/૨૧૪ના સ્કોર સાથે મૅચ સમાપ્ત જાહેર કરવામાં આવી હતી.સિરાજને આખી મૅચમાં ૬૯ રનમાં ફક્ત એક વિકેટ મળી હતી, પણ તેણે છેલ્લે બૅટિંગમાં ટૂંકી ઈનિંગ્સમાં પરચો બતાવ્યો હતો.

# ભારતીય બેડમિન્ટન ખેલાડી અસ્મિતા ચલિહા બની કોરિયા માસ્ટર્સ સુપર૩૦૦ ચેમ્પિયન




અસાન (કોરિયા),

ભારતની ૨૬ વર્ષીય બૅડમિન્ટન ખેલાડી અશ્મિતા ચલીહા એ રવિવારે કોરિયા માસ્ટર્સ સુપર-૩૦૦ બૅડમિન્ટન ટૂર્નામેન્ટની ફાઈનલમાં પોતાનાથી ચડિયાતા ક્રમની ચીની ખેલાડી હૅન કિઆન શી (XI)ને હરાવીને પહેલી વખત આ સ્તરની ટૂર્નામેન્ટ (બીડબ્લ્યૂએફ વર્લ્ડ ટૂર)નું ટાઈટલ જીતી લીધું હતું. ગયા રવિવારે ભારતની તાઈપેઈ ઓપનનું ટાઈટલ જીતી હતી. એ સાથે, દક્ષિણ કોરિયાના ભૂતપૂર્વ બૅડમિન્ટન ખેલાડી પાર્ક તાએ-સૅન્ગના કોચિંગમાં અઠવાડિયામાં બીજી ભારતીય ખેલાડી ઐતિહાસિક ટાઈટલ જીતી છે.બીજી ઑગસ્ટે ૧૭ વર્ષની તન્વી શર્મા તાઈપેઈ ઓપનનું ટાઈટલ જીતનારી સૌથી યંગેસ્ટ ખેલાડી બની હતી. સપ્તાહ બાદ અશ્મિતા ચલીહાએ હૅન શી સામેની મૅચમાં પ્રથમ ગેમ ૧૪-૨૧થી હારી ગયા પછી જોરદાર કમબૅક કરીને બાકીની બન્ને ગેમ ૨૧-૧૪, ૨૧-૧૪થી જીતી લીધી હતી. આ મૅચ ૫૩ મિનિટ સુધી ચાલી હતી.અશ્મિતા ચલીહા આસામની છે. બે વર્ષ પહેલાં તેને ઘૂંટણમાં ખૂબ દુખાવો થયો હતો અને પછીથી તેણે સર્જરી કરાવવી પડી હતી જેને કારણે તેની કરીઅર ખોરવાઈ ગઈ હતી. મહિલા બૅડમિન્ટનમાં તેની ૫૦મી રૅન્ક છે અને તેણે ૩૫મા ક્રમની હૅન શીને પરાજિત કરીને મોટી સિદ્ધિ મેળવી છે.

# માધુરી દીક્ષિતે મુંબઈના પોશ જુહૂ વિસ્તારમાં વધુ એક ફ્લેટ વેચ્યો



મુંબઈ,

બોલિવુડની અભિનેત્રી માધુરી દીક્ષિત અને તેમના પતિ ડૉ. શ્રીરામ માધવ નેનેએ મુંબઈના પ્રાઈમ લોકેશન ગણાતા જુહૂ વિસ્તારમાં આવેલો પોતાનો એક આલીશાન એપાર્ટમેન્ટ રૂપિયા ૪.૪૦ કરોડમાં વેચી દીધો છે. વર્ષ ૨૦૧૨માં દંપતીએ આ ફ્લેટ રૂપિયા ૧.૯૪ કરોડમાં ખરીદ્યો હતો, જેની સરખામણીએ તેમને લગભગ ૧૪ વર્ષના સમયગાળા બાદ ૧૨૭ ટકાથી વધુનો નફો મળ્યો છે. અત્યારે આ મુદ્દે ચર્ચા થઈ રહી છે. પ્રોપર્ટી રજીસ્ટ્રેશન દસ્તાવેજો અનુસાર, આ ડીલ ૩ જુલાઈ, ૨૦૨૬ના રોજ રજીસ્ટર થઈ હતી. નવા ખરીદદાર સચિન શેખર શેટ્ટીએ આ પ્રોપર્ટી માટે રૂપિયા ૨૬.૪૦ લાખની સ્ટેમ્પ ડ્યુટી અને રૂપિયા ૩૦,૦૦૦ની રજીસ્ટ્રેશન ફી ચૂકવી હોવાનું પણ પ્રકાશમાં આવ્યું છે.

જુહૂના પ્રાઈમ લોકેશનમાં આવેલો છે એપાર્ટમેન્ટઆ ફ્લેટ જુહૂ વિલે પાર્લે ડેવલપમેન્ટ (ત્નફ્ઁઢ) સ્કીમના મિલિટરી રોડ પર આવેલી 'ધ દીપ વર્ષા કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડ'ના 'આઈરિસ પાર્ક' બિલ્ડિંગના નીચલા માળે આવેલો છે. દસ્તાવેજો પ્રમાણે આ ફ્લેટનો કાર્પેટ એરિયા ૭૭૪ ચોરસ ફૂટ છે. નોંધનીય છે કે, આ એપાર્ટમેન્ટ સાથે જોડાયેલી સ્ટિલ્ટ પાર્કિંગની જગ્યાને માધુરી દીક્ષિતે ૧૫ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ એક અન્ય ખરીદદારને અલગથી વેચી દીધી હતી.

૮ મહિનામાં માધુરી દીક્ષિતે આ ત્રીજી પ્રોપર્ટી વેચી છેલ્લા ૮ મહિના દરમિયાન માધુરી દીક્ષિતે મુંબઈમાં પ્રોપર્ટી વેચી હોય તેવો આ ત્રીજો કિસ્સો છે. આ પહેલા ડિસેમ્બર ૨૦૨૫માં દંપતીએ આ જ બિલ્ડિંગમાં આવેલો ૭૮૦.૧૩ ચોરસ ફૂટનો બીજો એક ફ્લેટ રુપિયા ૩.૯૦ કરોડમાં વેચ્યો હતો. જે તેમણે ૧૩ વર્ષ અગાઉ રૂપિયા ૧.૯૫ કરોડમાં ખરીદ્યો હતો. તે પછી જૂન ૨૦૨૬માં અંધેરી વેસ્ટના ઓશિવારામાં આવેલા મોર્યા લેન્ડમાર્ક" બિલ્ડિંગમાં ૧,૫૯૪.૨૪ ચોરસ ફૂટનો કોમર્શિયલ ઓફિસ સ્પેસ રૂપિયા ૪.૮૫ કરોડમાં 'ફ્રેમ્સ પ્રોડક્શન કંપની પ્રાઈવેટ લિમિટેડ'ને વેચ્યો હતો. આ ઓફિસ તેમણે ૧૮ વર્ષ પહેલાં માત્ર રૂપિયા ૫૨.૫ લાખમાં ખરીદી હતી. આ ઓફિસ વેચીને અભિનેત્રીએ ૮૨૪% નફો મેળવ્યો હતો. મુંબઈનો જુહૂ વિસ્તાર બોલિવૂડ સેલેબ્સ માટે હંમેશા પ્રથમ પસંદગી રહ્યો છે. અમિતાભ બચ્ચન અને વરુણ ધવન જેવા સુપરસ્ટાર્સ સહિત અનેક મોટા પ્રોડ્યુસર્સ અને ડિરેક્ટર્સ આ વિસ્તારમાં રહે છે. જુહૂ વિસ્તાર ઘણો મોંઘો વિસ્તાર મનાય છે.

# 'ખૂન પસીના'ના શૂટિંગ દરમિયાન અમિતાભ બચ્ચને કેમ લીધું હતું વાઘ સાથે લડવાનું જોખમ



મુંબઈ,

બોલીવૂડના મહાનાયક અમિતાભ બચ્ચન એ પોતાના કરિયરના શરૂઆતના દિવસોમાં અનેક જોખમી અને ખતરનાક એક્શન સીન્સ કર્યા છે. તે જમાનામાં આજ જેવી સુરક્ષા ટેકનોલોજી કે બોડી ડબલ માટે અત્યાધુનિક સુવિધાઓ નહોતી, છતાં 'બિગ બી' જાતે જ આ સીન્સ ભજવતા હતા. ફિલ્મ 'ખૂન પસીના' (Khoon Pasina) ના શૂટિંગ દરમિયાન પણ એક આવી જ ચોંકાવનારી ઘટના બની હતી, જ્યાં અમિતાભ બચ્ચને કેમેરા સામે અસલી વાઘ (Tiger) નો સામનો કર્યો હતો.

પ્રખ્યાત એક્શન માસ્ટર મોહન બગ્ગડે તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં ખુલાસો કર્યો છે કે કેવી રીતે પુત્ર અભિષેક બચ્ચનના જન્મે અમિતાભ બચ્ચનને આ ખતરનાક સીન કરવાનો અદ્ભુત આત્મવિશ્વાસ આપ્યો હતો.

એક્શન ડાયરેક્ટર વીરૂ દેવગનની ટીમમાં સામેલ મોહન બગ્ગડે જણાવ્યું કે, શરૂઆતમાં આ વાઘ સાથેનો સ્ટંટ એક અન્ય વિદેશી કે પ્રોફેશનલ સ્ટંટમેન કરવાનો હતો. પરંતુ તેનો રંગ સાવ શ્યામ હોવાથી તે સ્ક્રીન પર અમિતાભ સાથે મેચ થતો નહોતો. આથી વીરૂ દેવગને મોહન બગ્ગડને આ સ્ટંટ કરવા કહ્યું.

# વિશ્વ સિંહ દિવસ નિમિત્તે યાદોના વિશ્વમાં

ગિર અને સિંહો સાથેનો મારો નાતો ચાર દાયકાથી પણ જૂનો છે. ગિર અને સિંહો મારી સમગ્ર ચેતનામાં વણાઈ ગયાં છે. મારી નસોમાં ફરી રહ્યાં છે અને હૃદયમાં ધબકી રહ્યાં છે. ગિર તથા સિંહોને મેં અસંખ્ય વાર જોયા છે, માણ્યા છે. દરેક ઋતુમાં મેં ગિરની છટા જોઈ છે- વહેલી સવારે, ભર બપોરે, સમી સાંજે. સમગ્ર ગિર ઈકો સિસ્ટમનો જાણે હું એક અભિન્ન હિસ્સો બની ગયો છું. જેટલી વાર જાઉં તેટલી વાર નવી તાજગી, નવી ઊર્જા અનુભવું છું. જઈને પાછો આવું ત્યાં તો ફરી જવાની તાલાવેલી થાય છે. ગિર જાણે મારી રાહ જોઈ રહ્યું હોય, મને બોલાવતું હોય તેવું લાગ્યા કરતું હોય છે. એટલે તો મેં ગિર વિષેની મારી એક કૉફી ટેબલ બુકનું નામ "કૉલ ઑફ ધ ગિર" રાખ્યું નહિ હોયને! ગિર અને સિંહો વિષે મારા મનોજગતના ભાવો અને અનભૂતિનું વર્ણન કરવા શબ્દો જાણે ઓછા પડતા હોય તેમ લાગે છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અં | ળ | સા | અં | ડી | ણ | કા | ગં | ર | ઉ | ઐ | મા |
| પ્રા | મા | ણિ | ક | કા | ગ | બા | ળ | કા | બૂ | ક્ષ | ભ |
| દ | ક્રો | ર | પ્ર | દ | ન | દ | અઃ | લ | ર | મ | ધ |
| અ | લા | પ્ર | ક | કુ | સ | કા | લા | રો | રો | ધ | ર |
| ધ | કુ | મા | બ | ઔ | ગ | ભ | ભ | રી | ણ | ચા | ક્ષ |
| ળો | અ | રા | કા | કા | ફ | બા | દ | બા | કી | ફ | મા |
| ગી | બ | ભો | ર | લ | ર | ત | ળ | હિ | ડો | દ | ગ |
| ર | ભા | તી | ગ | ળ | જ | ચી | ર | આ | પ્ર | અં | વા |
| કા | આ | શિ | મ | કા | અ | લી | સા | સા | લ | લા | બ |
| જ | લ | હિ | ણે | મ | ગં | પ્ર | દ | ક | ગ | અ | હા |
| મા | મા | સા | જ | ગ | ર | ર | મા | સા | દ | બિ | સ |
| ક | મ | રો | ઊ | અ | શિ | અ | મ | દ | દ | શિ | બ |

**શબ્દ શોધો:** **પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા**

પહેલી વાર લગભગ ૧૯૮૭માં સાસણમાં જ્યારે મેં પગ મૂક્યો હતો, ત્યારે એશિયાઈ સિંહોની સંખ્યા ૨૦૦ની આસપાસ હતી. તે સમયે સાસણ અને ગિરનાં અન્ય ગામડાં જંગલનો જ એક ભાગ હોય એવું લાગતું હતું. નાનાં, રળિયામણાં અને પરમ શાંતિનો અનુભવ કરાવનાર ગામો હતાં. દરેક સિંહનું દર્શન આહલાદક લાગતું હતું. દરેક સિંહબાળ નવી આશા જન્માવતું હતું.

આજે જ્યારે બૃહદ ગિરના વિશાળ ભૂ-ભાગમાં સિંહો વિચરતા થયા છે, ત્યારે ગર્વની સાથે સંતોષની લાગણી થાય છે. ૮૯૧ એ કોઈ નાની સંખ્યા નથી. માત્ર ભારતમાં જ નહિ પણ વૈશ્વિક ધોરણે પણ વન્યજીવ સંરક્ષણની આ સૌથી સફળ ગૌરવ ગાથા છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની દૂરંદેશી અને સતત તથા સક્રિય માર્ગદર્શનનું આ પરિણામ છે તેવું કહેવામાં સહેજ પણ અતિશયોક્તિ નથી. અલબત્ત, એટલો જ શ્રેય વનવિભાગના અધિકારીઓ, કર્મચારીઓ, સિંહ પ્રેમી નિષ્ણાતો, પશુચિકિત્સકો, સ્થાનિક ગ્રામજનો અને સમાજનાં વિવિધ ક્ષેત્રોમાંથી આવતા અનેક નિષ્ઠાવાન લોકોની અથાગ કામગીરીને ફાળે પણ જાય છે.

ગિર અને સિંહના વર્તમાન અને ભવિષ્યને સુરક્ષિત રાખવા માટે ગુજરાત વન વિભાગના મોટા અધિકારીઓથી લઈને જેને ફ્રન્ટ લાઈન સોલ્જર કહી શકાય તેવા ગાર્ડ્સ અને ટ્રેકર્સ સહિત વ્યાપક ગિર અને સિંહ પ્રેમીઓ તથા સ્થાનિક લોકોની નિષ્ઠાનો હું વર્ષોથી સાક્ષી રહ્યો છું. ગિર અને સિંહોની મુશ્કેલીઓના નિવારણ માટે આ સૌ કર્મવીરોની સાથે મેં પણ વ્યક્તિગત રીતે તથા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના કોર્પોરેટ વડા તરીકે પહેલ કરી છે.



- પરિમલ નથવાણી

ખુલ્લા કૂવાઓમાં અને રેલવે ટ્રેક પર અકસ્માતે સિંહ ઈજાગ્રસ્ત ન થાય કે મૃત્યુ ન પામે તેવી સઘન કાળજી રાખવાનાં પગલાં લેવામાં વિનમ્ર પ્રદાન આપ્યું છે. ૨૮૨૮ જેટલા ખુલ્લા કૂવાઓ પર પેરાપેટ કઠેડા બાંધાવી દીધા છે. સિંહો રેલવે લાઈન પર ન ચડી જાય તે માટે તેમની અવર-જવરના અનેક માર્ગો પર જાળીદાર ફેન્સિંગ કરવાની તથા ટ્રેનોની ગતિ નિયંત્રિત કરવા અંગેનાં પગલાં લેવાય તે માટે મેં સતત પ્રયત્નશીલ રહી સક્રિયતા દાખવી છે.

આવાં કાર્યોમાં સહભાગી બનવાની મને તક સાંપડી તેનો મને આનંદ છે. ગિર અને સિંહોના પ્રશ્નો વખતોવખત સંસદ સહિત વિવિધ સરકારી, બિનસરકારી મંચો પર ઊઠાવ્યા છે. બેબિઓસિસ્ કે કેનાઈન ડિસ્ટેમ્પર વાઈરસ ગ્રસ્ત સિંહોની સારવાર તથા આ વાઈરસ ન પ્રસરે તે માટે અમારા વનતારાના નિષ્ણાતોને તાબડતોબ તેડાવી તેમની મદદ લીધી છે. સિંહોની આંતરિક વર્ચસ્વની ઘાતક લડાઈમાં ઘવાયેલા સિંહ દ્વય જય-વીરુને બચાવવા પણ આ રીતે ભરપૂર પ્રયાસો કર્યા હતા. જો કે સિંહોની આ દંતકથારૂપ જોડીને નહિ બચાવી શકવાનો વસવસો મને જીવનપર્યંત રહેવાનો. હાલમાં સિંહની વસ્તી ધરાવતા વિસ્તારોમાં નાના મોટા ઘણા રિસોર્ટ / હોમ સ્ટે ખૂલી ગયા છે અને જેના લીધે ધ્વનિ અને પ્રકાશનું પ્રદૂષણ ખુબજ વધી ગયું છે જે સિંહ અને વન્ય જીવો માટે નુકશાન કર્તા છે. મે તે રોકવા માટે સરકાર શ્રીને અપીલ કરી છે અને આગળ પણ કરતો રહીશ.

જો કે આજનું ગિર ચાર દાયકા પહેલાંના ગિરથી ઘણું અલગ છે. સિંહોએ બદલાતી પરિસ્થિતિને સ્વીકારી છે, પરંતુ તેમની આસપાસનું પર્યાવરણ તેનાથી પણ વધુ ઝડપે બદલાઈ રહ્યું છે. આજે વધુને વધુ સિંહો અભયારણ્યની બહારના નાનાં-નાનાં આરક્ષિત જંગલોના ટુકડાઓમાં, ગાંડાબાવળની કાંટમાં, માનવ વસાહતોની નજીક આવેલાં નદી-નાળાંની ઝાડીઓમાં તેમજ ખેતી અને ઔદ્યોગિક વિસ્તારોમાં વિચરણ કરે છે. આ તેમની અદ્ભુત અનુકૂલન ક્ષમતાનું પ્રતીક છે, તાજેતરમાં જ આપણે જોયું કે સિંહોએ જાતે જ બરડાને પોતાના બીજા રહેઠાણ તરીકે પસંદ કર્યું છે. સિંહોને સુરક્ષિત વન્યજીવ કોરિડોર, પૂરતો કુદરતી શિકાર, માનવ પજવણીથી મુક્ત જીવન અને લાંબા ગાળે ટકી રહે તેવા પરસ્પર જોડાયેલા કુદરતી આવાસોની જરૂર છે.

આ ચાર દાયકાઓ દરમ્યાન ગિર અને સિંહો સાથેના મારા ભાવનાત્મક જોડાણ અને લગાવમાં ઉત્તરોત્તર વધારો જ થતો ગયો છે. ગિર અને સિંહ એક-બીજાનાં પૂરક છે. વિશ્વ સિંહ દિવસ નિમિત્તે આપણે સૌ માનવોએ કમ સે કમ એક એવો સંકલ્પ તો લેવો જોઈએ કે આપણે ગિરને ગંદું કે પ્રદૂષિત ન કરીએ અને સિંહોને પજવીએ કે નડીએ નહીં.

**(રાજ્ય સભા સાંસદ પરિમલ નથવાણી એક ઉત્કૃષ્ટ સિંહપ્રેમી છે અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના કૉર્પોરેટ અફેર્સ વિભાગના ડાયરેક્ટર છે.)**

# રાજકોટમાં ૧૩ ઑગસ્ટે શહેરના તમામ વોર્ડમાં ભાજપની તિરંગા યાત્રા યોજાશે

## દરેક વોર્ડમાં રાષ્ટ્રભક્તિનો માહોલ સર્જવા ભાજપ કાર્યાલય ખાતે મળી મહત્વપૂર્ણ બેઠક મળી

રાજકોટ,રાજકોટ શહેર ભાજપ કાર્યાલય ખાતે 'હર ઘર તિરંગા' અંતર્ગત તિરંગા યાત્રાના આયોજન તેમજ રાજકોટ મહાનગરના હોદ્દેદારોની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં શહેરના તમામ વોર્ડમાં તિરંગા યાત્રા યોજી રાષ્ટ્રભક્તિનો માહોલ સર્જવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

દેશભક્તિના આ મહાપર્વને વધુ ભવ્ય અને જનભાગીદારીપૂર્ણ બનાવવા માટે રાજકોટ શહેરના તમામ વોર્ડમાં તિરંગા યાત્રા યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ સાથે રાજકોટ શહેરના દરેક ઘરમાં પરિવારના નાના બાળકોના હસ્તે તિરંગો લહેરાવવામાં આવે તેવું આયોજન પણ કરવામાં આવશે. આ અભિયાન દ્વારા દરેક ભારતીયના મનમાં રાષ્ટ્રીય ધ્વજ પ્રત્યે ગૌરવ, માન અને આદરની ભાવનાને વધુ મજબૂત કરવાનો પ્રયાસ કરવામાં આવશે.




બેઠકમાં ઉપસ્થિત ભાજપના આગેવાનો અને કાર્યકર્તાઓને સંબોધતા શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવેએ જણાવ્યું હતું કે તિરંગો માત્ર રાષ્ટ્રધ્વજ નથી, પરંતુ દરેક ભારતીયના ગૌરવ, સંઘર્ષ અને અનંત શૌર્યનું પ્રતીક છે. તિરંગાને કેન્દ્રમાં રાખીને દેશભક્તિ, એકતા અને રાષ્ટ્રપ્રેમની ભાવનાને જન-જન સુધી પહોંચાડવાનો આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ છે. તેમણે રાજકોટ શહેરના નાગરિકોને પણ અભિયાનમાં ઉત્સાહપૂર્વક જોડાવા અપીલ કરી હતી.

આગામી ૧૩ ઑગસ્ટે સવારે શહેરના તમામ વોર્ડમાં તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવશે. શહેરના દરેક વોર્ડ અને મુખ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં નાગરિકો, ભાજપના કાર્યકરો તથા વિવિધ સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ આ યાત્રામાં જોડાશે. યાત્રા દરમિયાન દેશભક્તિના ગીતો અને સૂત્રોચ્ચાર સાથે રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવશે.

આ તિરંગા યાત્રામાં સમાજના પ્રબુદ્ધ નાગરિકો, નિવૃત્ત સૈનિકો, સુરક્ષા કર્મચારીઓ, વિવિધ ક્ષેત્રના નામાંકિત વ્યક્તિઓ, સામાજિક સંગઠનો, યુવા સંગઠનો તેમજ મહિલા સંગઠનોને પણ જોડવામાં આવશે. શાળા તથા મહાવિદ્યાલયોના વિદ્યાર્થીઓને પણ યાત્રામાં વ્યાપક રીતે જોડવાનો પ્રયાસ કરવામાં આવશે.

બેઠકમાં રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે, ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, મહામંત્રી વલ્લભભાઈ ધડિયા, લલિતભાઈ વાડોદરિયા, યોગેનસિંહ જાડેજા, મેયર નૈલેશભાઈ શુક્લ, ડેપ્યુટી મેયર દર્શિતાબેન વશાણી, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સહિત રાજકોટ શહેર સંગઠનના હોદ્દેદારો, ભાજપના ચૂંટાયેલા કોર્પોરેટરો, શિક્ષણ સમિતિના હોદ્દેદારો તેમજ શહેરના વિવિધ સંગઠનના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટમાં ૧૩ ઑગસ્ટે યોજાનારી તિરંગા યાત્રા દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાં રાષ્ટ્રધ્વજ સાથે દેશભક્તિનો માહોલ સર્જાય અને 'હર ઘર તિરંગા'નો સંદેશ જન-જન સુધી પહોંચે તે માટે ભાજપ સંગઠન દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

# રાજકોટના જન્માષ્ટમી લોકમેળામાં દરરોજ સાંજે ચાર કલાક સાંસ્કૃતિક કાર્યક્રમોની જમાવટ થશે

## લોકડાયરો, લોકનૃત્ય, રાસ - ગરબા સહિતના કાર્યક્રમો માટે કલાકારો પાસેથી મંગાવાતી અરજીઓ મંગાવાઈ



રાજકોટ, રાજકોટ કલેક્ટર તંત્ર અને લોકમેળા અમલીકરણ સમિતિ દ્વારા શહેરના રેસકોર્ષ ગ્રાઉન્ડમાં આગામી તા.૨ થી ૬ સપ્ટેમ્બર દરમિયાન શહેરના રેસકોર્ષ ગ્રાઉન્ડમાં આયોજિત કરાયેલા ભાતીગળ લોકમેળા દરમિયાન દરરોજ સાંજના ૪ થી ૮ કલાક સુધી સાંસ્કૃતિક કાર્યક્રમોની જમાવટ થનાર છે.

આ ઉપરાંત નામાંકિત લોક કલાકારો પણ લોકસાહિત્યનો રસથાળ પીરસશે. લોકમેળાના સ્ટોલ-પ્લોટની ડ્રો-હરરાજીની કામગીરી પૂર્ણ થયા બાદ વહીવટીતંત્ર દ્વારા તૈયારીઓને ગતિ આપવામાં આવી રહી છે.

દરમિયાન જિલ્લા યુવા વિકાસ અધિકારી એચ.વી. દિહોરાએ જણાવ્યું હતું કે લોકમેળા દરમિયાન દરરોજ સાંજના યોજાનારા સાંસ્કૃતિક કાર્યક્રમો જેમાં લોકડાયરો, લોકનૃત્ય, રાસ, પ્રાચીન-અર્વાચીન ગરબા, સોલો, કરાઓકે ગ્રુપ શાસ્ત્રીય નૃત્ય ગ્રુપ, સેમી ક્લાસીકલ, વાદ્યવૃંદ, યોગા ગ્રુપ તેમજ જીમનાસ્ટીક ગ્રુપ જેવા કાર્યક્રમો આપવા ઈચ્છતા કલાકારો અને ગ્રુપો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે.

પસંદગી પામેલા કલાકારોને લોકમેળા દરમિયાન સ્ટેજ પર કાર્યક્રમ ફાળવવામાં આવશે. લોકમેળામાં સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવા ઈચ્છતા કલાકારો કે ગ્રુપોએ સંપૂર્ણ વિગતો સાથેનું નિયત નમુનાનું અરજી ફોર્મ, જરૂરી આધાર પુરાવા સાથે જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી રાજકોટ ગ્રામ્ય ૫/૫ બહુમાળી ભવન, રાજકોટ ખાતે તા.૧૭ના બપોરના ૧૨ વાગ્યા સુધીમાં જમા કરાવી દેવા તાકિદ કરવામાં આવી છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે લોકમેળાના સ્ટોલ-પ્લોટની આગામી સપ્તાહમાં ફાળવણી કરી દેવામાં આવનાર છે. આ ઉપરાંત લોકમેળાના નામાભિધાન માટે ૨૦૦ એન્ટ્રી શોર્ટ લીસ્ટ કરાયા બાદ હવે આગામી ટુંક સમયમાં જ આકર્ષક નામ પણ જાહેર કરી દેવામાં આવનાર છે.

# રાજકોટ વોર્ડ નં. ૪ ભાજપનાં પૂર્વ મહામંત્રી રણછોડ ઉધરેજા સાથીઓ સાથે કોંગ્રેસમાં જોડાયા

## કોંગ્રેસ ઓબીસી વિભાગના ચેરમેન ડો. મહેશ રાજપૂતે કોંગ્રેસનો ખેસ પહેરાવી તમામને આવકાર્યા

રાજકોટ,

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં યશસ્વી પ્રમુખ અમિત ચાવડાના સુદ્રઢ અને ગતિશીલ નેતૃત્વ, ગુજરાત કોંગ્રેસ રાજ્યની જનતાના અવાજ બનીને સતત સંઘર્ષ કરી રહી છે. ભાજપ શાસિત સરકારના ભ્રષ્ટાચાર, કૌભાંડો અને જનવિરોધી નિર્ણયો સામે કોંગ્રેસ પક્ષ રસ્તા પર ઉતરીને લડાઈ લડી રહ્યો છે.



આ જ શ્રેણીમાં, સમગ્ર ગુજરાતમાં ઓબીસી સમાજના હક અને અધિકારો માટે જનજાગૃતિ અભિયાન ચલાવી રહેલા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ઓબીસી વિભાગના ચેરમેન ડો. મહેશ રાજપૂતે રાજકોટમાં ભાજપના ગઢમાં મોટુ ગાબડુ પાડીને કોંગ્રેસના પંજાને વધુ મજબૂત બનાવ્યો છે. શહે ઠાકોર સેના પ્રમુખ અને ભાજપ વોર્ડ નં.૪ના પૂર્વ મહામંત્રી રણછોડભાઈ દુધરેજાને કોંગ્રેસનો ખેસ પહેરાવી આવકાર્યા હતા.

ભાજપના પૂર્વ મહામંત્રી, પ્રભાવશાળી ઓબીસી નેતા, રાજકોટ ઠાકોર સેના પ્રમુખ અને રાજકોટ મહાનગરપાલિકાના ભાજપના કોર્પોરેટર કંકુબેન ઉધરેજાના દિયર રણછોડભાઈ ઉધરેજાએ પોતાના સમર્થકો સાથે ભાજપને અલવિદા કરીને કોંગ્રેસમાં વિધિવત પ્રવેશ કર્યો છે. આ પ્રવેશ માત્ર એક વ્યક્તિનો પક્ષપલટો નથી પરંતુ ભાજપની આંતરિક નારાજગી અને સંગઠનાત્મક નિષ્ફળતાનું પ્રતિબિંબ છે તેમ ડો. મહેશભાઈ રાજપૂતે જણાવ્યું છે.

# રાજકોટ સિવિલ હોસ્પીટલમાં થેલેસેમિયા મેજર બાળકોને અપાતી દવા-ઈન્જેંક્શન ખતમ: સેવાભાવી સંગઠનોની રજૂઆત

## એક કાર્યકરે ચાર્લી ચેપ્લીનનો લૂક ધારણ કરી અલગ અલગ બેનર્સ સાથે આરએમઓને આવેદન પાઠવ્યું

રાજકોટ:રાજકોટ સિવિલ હોસ્પિટલમાં થેલેસેમિયા મેજર બાળકોને લોહીની સાથે આપવામાં આવતાં વધારાના તત્વોનેે ઘટાડવા માટે કેલ્ફેર નામની દવા આપવામાં આવે છે, જે બાળકો માટે ખુબ જરૂરી છે. પરંતુ ઘણા સમયથી આ દવા સિવિલમાં ખતમ થઈ ગઈ હોઈ તેમજ બાળકોને જરૂરી ડેસ્ફ કરાલ ઈન્જેક્?શન પણ હાલમાં ન હોઈ જુદા જુદા સેવાભાવી સંગઠનો દ્વારા તબિબી અધિક્ષકને આ અંગે આવેદન પાઠવી રજૂઆત કરવામાં આવી છે.




જેમાંજણાવાયુંછેકેથેલેસેમિક બાળકોનેદર ૧૫ દિવસેલોહી ચડાવવુંપડે છે. સામાન્ય બ્લડ ચડાવાય તો તેનું રીએક્શનઆવેછે, જેથીબાળકની હાલત ખરાબ થઈ જાય છે. આ માટે સિવિલને દાતાઓ તરફથી બ્લડ ફિલ્ટર માટેનું એલઆર મશીન અપાયું છે. પરંતુ મહિનાઓથી મશીન ધુળ ખાય છે. એલઆર રક્ત એકત્ર કરવાની બેગ પણ સિવિલમાં ઉપલબ્ધ નથી. એલઆર બોટલ ન હોય તો ફિલ્ટર સેટ રાખવો જોઈએ તે પણ બાળકોમાં રિએક્શન રોકવામાં મદદરૂપ થાય છે. પરંતુ મહિનાઓથી ફિલ્ટર સેટ પણ સિવિલમાં ઉપલબ્ધ નથી. થેલેસેમિક દર્દીઓ, બાળકોને પડતી મુશ્કેલીઓ તાકીદે નિવારવા રજૂઆત કરી માંગણી કરવામાં આવી હતી. રજૂઆત કરનારા પૈકીના એક કાર્યકર ચાર્લીચેપ્લીનનો લૂક ધારણ કર્યો હતો અને કાર્યકરોએ પણ અલગ અલગ સ્લોગન સાથેના બેનર હાથમાં રાખ્યા હતાં.

# ન્યુઝીલેન્ડનાં વડાપ્રધાન ક્રિસ્ટોફર લક્ષને ભગવત્ ગીતા આપી સન્માનિત કરતા ધમેન્દ્ર બાબરીયા

ધોરાજી

ન્યુઝીલેન્ડ નાં ઓકલેન્ડ શહેર માં એક કાયેકમ દરમિયાન ન્યૂઝીલેન્ડ નાં વડાપ્રધાન ક્રિસ્ટોફર લક્ષને ધોરાજી નાં ધમેન્દ્ર બાબરીયા એ અંગ્રેજીમા લખાયેલ ભગવત્ ગીતા આપી ને સન્માનિત કરાયા અને સુભેક્ષા મુલાકાત લીધી હતી આતકે ધમેન્દ્ર બાબરીયા એ ક્રિસ્ટોફર લક્ષને જણાવેલ કે આપે ભારત સાથે હ્રછ કરારથી ભારત અને ન્યૂઝીલેન્ડ વેપારમાં વૃદ્ધિ થશે અને ન્યૂઝીલેન્ડ માં અભ્યાસ માટે વિધાર્થીઓ ને વિઝા નિયમો હળવાં કરાયા અને વિદ્યાથીઓ ને વધુ કલાકો કામ કરવા મળશે અને ભારત સાથે વેપાર કરાર થી ભારત અને ન્યૂઝીલેન્ડ નાગરિકો




ને મોટો ફાયદો થશે અને ભારતીય લોકો ને અને ન્યૂઝીલેન્ડ નાં લોકને વધુ રોજગારી મળશે અને વડાપ્રધાન ક્રિસ્ટોફર લક્ષને જ્યારે ભારત ના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ન્યૂઝીલેન્ડ પધારેલા ત્યારે પોતાના પ્રવચનમાં ક્રિસ્ટોફર લક્ષને જણાવેલ કે ૨૧ મી સદીનું ભાગ્ય ભારત નક્કી કરશે આ વાતથી પ્રેરીત અને ભારતીય લોકો દુધ માં સાંકર ભળે તેમ હરેક ક્ષેત્રમાં ન્યૂઝીલેન્ડ માં ભારતીય લોકો જોડાયા છે આતકે ન્યૂઝીલેન્ડ વડાપ્રધાન ક્રિસ્ટોફર લક્ષને જણાવેલ કે સમગ્ર વિશ્વમાં ન્યુઝીલેન્ડ સૈથી સેફ દેશોમાં ૨ ક્રમે આવે છે આ તકે ધર્મેન્દ્ર બાબરીયા એ ધોરાજી ની સરકારી હોસ્પિટલ ખાતે માનવ સેવા યુવક મંડળ દ્વારા ચક્ષુદાન, દેહદાન અને સ્કીન ડોનેશન અને જુદી જુદી સેવા કિયા પ્રવુતિઓ અંગે માહિતગાર કર્યા હતા આતકે ખાસ ન્યુઝીલેન્ડ નાં ગુજરાતી સમાજના સેવા ભાવી ડો, સુરેશભાઈ બલર અને ન્યૂઝીલેન્ડ વૈષ્ણવ સમાજ નાં પ્રમુખ વિનયભાઈ મહેતા અને સામાજિક અગ્રણી સ્વપ્નીલભાઈ શાહ સહિત ના એ ન્યુઝીલેન્ડ નાં વડાપ્રધાન ક્રિસ્ટોફર લક્ષન સાથે સુભેક્ષા મુલાકાત કરી વડાપ્રધાન ક્રિસ્ટોફર લક્ષન ને સંમાનતી કરી તેઓની સેવાઓ ને બિરદાવી હતી અને છેલ્લે સૌ મીત્રો એ વડાપ્રધાન ક્રિસ્ટોફર લક્ષને ગુજરાત પધારવા આમંત્રણ આપ્યું હતું

# લોધિકાના ચાંદલી, રાવકી, સાંગણવાના ૫ અરજદારોને આવાસ યોજનાનો લાભ

## જિ.પ.ના પૂર્વ સભ્ય મોહનભાઈ અને મોહિત દાફડાની રજૂઆતને સફળતા મળી

રાજકોટ,

રાજકોટ જિલ્લા પંચાયતની સામાજીક ન્યાય સમિતિના પૂર્વ ચેરમેન ચીભડા સ્થિત મોહનભાઈ દાફડા તથા રાજકોટ જિલ્લા યુવા ભાજપના ઉપપ્રમુખ મોહિત દાફડાના પ્રયાસોથી લોધિકા પંથકના ગામોમાં લાભાર્થીઓને મળવાપાત્ર સહાય મળી છે.



મોહનભાઈ અને મોહિત દાફડાએ જણાવ્યો મુજબ રાજ્ય સરકાર ની ડો. આંબેડકર આવાસ યોજના અંતર્ગત લોધિકા તાલુકા ચાંદલી, રાવકી, સાંગણવા ના ૧૦૦ ચો. વાર ૫ અરજદારના પ્લોટ મંજુર કરાવ્યા તેમજ હવે તેમને પ્રથમ હપ્તાનો હુકમ અપાયો છે. લાભાર્થીઓમાં ભીખાભાઈ મેઘાભાઈ પરમાર ગામ- ચાંદલી, બગડા મગનભાઈ વાલાભાઈ ગામ- ચાંદલી, બગડા જયેશભાઈ કેશુભાઈ ગામ-રાવકી, ખીમસૂરિયા ખોડાભાઈ દુદાભાઈ ગામ- સાંગણવા અને દવેરા ચંદ્રેશભાઈ કેશવભાઈ ગામ-સાંગણવાનો સમાવેશ થાય છે.

# રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે ૧૦૦ સપ્તાહના 'નશામુક્ત યુવા ફોર વિકસિત ભારત' અભિયાન અંતર્ગત જાગૃતિ સેમિનાર યોજાયો

રાજકોટ,

દેશવ્યાપી ૧૦૦ સપ્તાહ સુધી ચાલનારા 'નશામુક્ત યુવા ફોર વિકસિત ભારત' અભિયાન અંતર્ગત રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે બંદીવાનો માટે વિશેષ નશા મુક્ત જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારત સરકારના યુવા અને રમત ગમત મંત્રાલય તથા સૂફી ઈસ્લામિક બોર્ડના સંયુક્ત સહયોગથી યોજાયેલા આ સેમિનારમાં જેલના કેદીઓને નશા મુક્ત જીવનશૈલી અપનાવવા પ્રેરણા આપવામાં આવી હતી.




જેલ અને સુધારાત્મક વહીવટના પીએસઆઈ/ડીજીપી ડો. કે.એલ.એન. રાવના આદેશાનુસાર, નાયબ પોલીસ મહાનિરીક્ષક (જેલ) ડો. ગિરીશ પંડ્યાના નેતૃત્વ હેઠળ અને જેલ અધિક્ષક વી.પી. ગોહીલના માર્ગદર્શનમાં આ કલ્યાણકારી કાર્યક્રમનું આયોજન કરાયું હતું. કાર્યક્રમમાં આદેશ આશ્રમ ખીરસરાના પ.પૂ. જ્યોતિર્નાથજી મહારાજ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ વાઈસ ચાન્સેલર કમલેશભાઈ જોષીપુરા તેમજ રક્ષા વિશેષજ્ઞ હિરેનભાઈ કોટેક ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત રાજ્ય વકફ ટ્રિબ્યુનલના પૂર્વ સભ્ય જજ, સૂફી ઈસ્લામિક બોર્ડના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ અનવર હુસૈન શેખ, એડવોકેટ અમન શેખ, એડવોકેટ નિધીકા ઝવેરી તથા બ્રહ્માકુમારીઝના જ્યોત્સનાબેન ખાસ હાજર રહ્યા હતા.

# રાજકોટમાં આઈ.સી.ડી.એસ. વિભાગ દ્વારા સ્તનપાન દિવસની ઉજવણી

રાજકોટ,

રાજકોટ મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરઅ સી. કે. નંદાણી આઈ.સી.ડી.એસ. ના ચેરમેન કેતનભાઈ ઠુંમર, વાઈસ ચેરમેન અલ્પાબેન દવે તેમજ પ્રોગ્રામ ઓફીસર શારદાબેન દેસાઈના માર્ગદર્શન હેઠળ રાજકોટ મ્હાનગર પાલિકાના આઈ.સી.ડી.એસ. વિભાગ દ્વારા''વિશ્વ સ્તનપાન દિવસ''ની ઉજવણી કરવામાં આવેલ.



વોર્ડ નંબર ૦૨ અને ૦૭ મા ''વિશ્વ સ્તાનપાન દિવસની ઉજવણી દરમિયાન રામનાથપરા આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસર તોરલબેન શાહ દ્વારા વિશ્વ સ્તનપાન સપ્તાહ વિષે માર્ગદર્શન આપેલ. અને બાળ વિકાસ અધિકારી પુજાબેન જોશી દ્વારા અતીકુપોષિત બાળકોને પોષણ યુક્ત આહાર વિષે માર્ગદર્શન આપેલ. આંગણવાડીના બાળકોનો કેમ્પ કરીને આરોગ્ય તપાસ કરવામાં આવેલ. પ્રોટિન યુક્ત કીટ આપવામાં આવેલ તેમજ બાળકોના વાલીઓને ''થેરાપેટીક પાઉડર'' બનાવવાની રેસીપી શિખવવામા આવેલ તેમજ બાળકોને ''થેરાપેટીક પાઉડર'' આપવામાં આવેલ અને ખોરાકમાં એમનો ઉપયોગ કરવા માટેનુ સુચન આપવામાં આવેલ.

આ સાથે રાજકોટ કોર્પોરેશનના સેન્ટ્રલ ઝોનના રેડ ક્રોસ સેજામાં અતિ કુપોષિત બાળકોનો કેમ્પ યોજવામાં આવેલ. આ કેમ્પમાં મુખ્ય સેવિકાશ્રી ઝરણાબેન, તળપ્તિબેન દવે, ભારતીબેન દુધરેજીયા અને ટીમ ઉપસ્થિત રહેલ. અતિ કુપોપોષિત બાળકોને મુખ્ય સેવિકા ઝરણાબેન મીતેશભાઈ વ્યાસ તરફથી પ્રોટીન પાઉડર અને થેરાપિક ફૂડ આપવામાં આવેલ. માતૃશકતિ અને બાલ શક્તિથી થતા ફાયદા વિશે સમજ આપેલ. ટીમ દ્વારા બાળકોના હેલ્થ ચેકઅપ કરેલ અને વજન, ઊંચાઈ કરવામાં આવેલ અને જરૂરી દવા આપવામાં આવેલ.

# આસામમાં પૂરની સ્થિતિએ ૧૦૦ લોકોનો ભોગ લીધો

## પૂરના કારણે અત્યાર સુધીમાં ૬૦ પુરૂષો, ૨૩ મહિલાઓ અને ૧૮ બાળકોએ જીવ ગુમાવ્યો : સરકાર દ્વારા રાહત અને બચાવ કામગીરી



ગુવાહાટી

આસામમાં ભારે વરસાદના કારણે પૂરની સ્થિતિ સર્જાઈ છે. અત્યારે પણ આસામની હાલત વધારે ચિંતાજનક હોવાનું જાણવા મળ્યું છે. સરકાર દ્વારા બચાર અને રાહત કામગીરી કરવામાં આવી રહી છે. મોટી સંખ્યામાં લોકો આસામના લોકોની મદદ કરવા માટે પણ આગળ આવી રહ્યાં છે. આ દરેક સમાચાર વચ્ચે ચિંતાની વાત એ છે કે, પુરની સ્થિતિના કારણે આસામમાં અત્યાર સુધીમાં રાજયના અલગ અલગ જિલ્લાઓમાં કુલ મળીને ૧૦૦ લોકોના મોત થઈ ગયાં છે. અત્યારે પણ અનેક જિલ્લા પૂરગ્રસ્ત હોવાનું જાણવા મળ્યું છે.મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે ભયાનક પૂરના કારણે રાજયના અનેક વિસ્તારો ગંભીર રૂપે પ્રભાવિત થયાં છે. આ પૂરના કારણે અત્યાર સુધીમાં ૬૦ પુરૂષો, ૨૩ મહિલાઓ અને ૧૮ બાળકોનું મોત થયું છે. આ મૃતકોના પરિવાર પ્રત્યે સરકારે સંવેદનાઓ પણ જાહેર કરી છે. સૌથી વધારે મોત શિવસાગર જિલ્લામાં થયાં છે. તંત્ર દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે શિવસાગર જિલ્લામાં અત્યાર સુધીમાં ૪૯ લોકોના મોત આ પૂરના કારણે થયાં છે.

મૃતકોની વાત કરવામાં આવે તો, શિવસાગર જિલ્લામાં સૌથી વધારે ૪૯ મોત થયાં છે. તે પછી સૌથી વધારે પ્રભાવિત કછાર જિલ્લામાં ૨૨ લોકોના મોત થયાં છે. આ સાથે કરીમગંજમાં નવ લોકોના મોત, ગોલાઘાટ જિલ્લામાં આઠ લોકોના મોત થયા છે. એટલું જ નહીં પરંતુ ધેમાજી, નગાંવ, ઉદારગુડી, સોનિતપુર અને કાર્વી આંગલોન જિલ્લામાં પણ પૂરના કારણે તારાજી સર્જાઈ છે. સૂત્રોના જણાવ્યાં પ્રમાણે માત્ર જોરહાટ જિલ્લામાં જ ૩૦૪ ગામ પૂરથી પ્રભાવિત થયાં છે. પૂરના કારણે આસામમાં કૃષિ ક્ષેત્રમામાં મોટું નુકસાન થયું છે. અનેક જિલ્લાઓમાં પશુઓના મોત થયા હોવાના પણ અહેવાલો મળ્યાં છે. હજી પણ રાજયના અનેક જિલ્લાઓ પૂરથી પ્રભાવિત છે. જ્યાં તંત્ર દ્વારા રાહત અને બચાવ કામગીરી કરવામાં આવી રહી છે. સરકારે તમામ જિલ્લા તંત્રને આ મામલે નજર રાખવા અને લોકોની મદદ કરવા માટેના આદેશ આપી દીધા છે. અન્ય રાજ્યોના લોકો પણ અહીં મદદ માટે આવી રહ્યાં છે.

# નીટ વિરોધ પ્રદર્શનમાં જેન-ઝીને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ થયો

## ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપવા પર આપ્યું નિવેદન

ભુવનેશ્વર

ભાજપના નેતા અને સંબલપુરના સાંસદ ધર્મેન્દ્ર પ્રધાને શિક્ષણ મંત્રી પદ પરથી રાજીનામું આપવા અંગે ભુવનેશ્વરમાં જીએમ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોને સંબોધતા તેમણે એક મોટું નિવેદન આપ્યું છે કે "જેન ઝી અમારા બાળકો છે. નીટ પેપર લીકના વિરોધ પ્રદર્શન દરમિયાન કેટલાક લોકોએ તેમને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો. તે સમયે મારી પાસે કોઈ અંગત સમસ્યા નહોતી." જેના કારણે તેમને કેન્દ્રીય શિક્ષણ મંત્રી પદેથી રાજીનામું આપવું પડ્યું હતું. તેમને પોતાના સંબોધન દરમિયાન પૂર્વ શિક્ષણ મંત્રીએ



ઓડિશાના પૂર્વ મુખ્યમંત્રી અને બીજુ જનતા દળના અધ્યક્ષ નવીન પટનાયક પર પણ નિશાન સાધ્યું. NEET પેપર લીક વિવાદ બાદ વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન, સરકારની જવાબદારી અને પરીક્ષા વ્યવસ્થાને લઈને દેશભરમાં ચર્ચા ચાલી રહી છે. આવી સ્થિતિમાં ધર્મેન્દ્ર પ્રધાનનું આ નિવેદન ફરી એકવાર યુવાનોના આંદોલન અને શિક્ષણ વ્યવસ્થાને લઈને રાજકીય ચર્ચાને વેગ આપી શકે છે. વધુ માં તેમને જણાવ્યું હતું કે ભારતમાં દર વર્ષે આશરે બે કરોડ બાળકો જન્મે છે અને વિતેલા ૧૦ વર્ષમાં ૨૦ કરોડ બાળકો જન્મ્યા છે. આ યુવાનો ભારતને 'વિશ્વ ગુરુ' બનાવશે. મારા માટે શિક્ષણ મંત્રીનું પદ ક્યારેય મહત્વનું નહોતું." તેમણે જાતે જ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો સંપર્ક કરીને રાજીનામાની રજૂઆત કરી હોવાનું પણ સ્પષ્ટ કર્યું હતું.

# કેનેડાએ માત્ર છ મહિનામાં જ ૩૩૨૩ ભારતીયોને પરત કર્યા

## ભારતીયો ને હવે કડક ઈમિગ્રેશન નીતિને કારણે ડિપોર્ટનો સામનો કરવો પડી શકે

કેનેડા

કેનેડાએ ૨૦૨૬ના પહેલા ૬ મહિનામાં છેલ્લા ૬ વર્ષ નો રેકોર્ડ તોડતા ૩૨૨૩ ભારતીયોને ડિપોર્ટ કર્યા છે, અને બીજા ભારતીયો ને કડક ઈમિગ્રેશન નીતિને કારણે ડિપોર્ટનો સામનો કરવો પડી શકે છે.

કેનેડા બોર્ડર સર્વિસીઝ એજન્સી (CBSA)ના ડેટા મુજબ ૨૦૨૫ના આખા વર્ષમાં ડિપોર્ટ કરાયેલા ૩,૭૭૯ ભારતીયોના ૮૮ ટકાએ પહોંચી ચૂકી હતી .

૨૦૨૬ના પહેલા છ મહિનામાં કેનેડામાંથી દૂર કરવામાં આવેલા લોકોમાં ભારતીયો સૌથી મોટી રાષ્ટ્રીયતા તરીકે ઉભરી આવ્યા હતા અને ૧,૫૭૩ ડિપોર્ટ સાથે મેક્સિકનોને પાછળ છોડી દીધા હતા. છેલ્લા પાંચ વર્ષમાં કેનેડામાંથી મેક્સિકોના લોકોને સૌથી વધુ ડિપોર્ટ કરવામાં આવ્યા છે.

CBSAના જણાવેલ આંકડા અનુસાર ,૨૦૨૧ માં ૬૦૩, ૨૦૨૨માં ૭૮૬, ૨૦૨૩માં ૧૧૩૨ અને ૨૦૨૪માં ૨૦૦૪ ભારતીયોને કેનેડામાંથી ડિપોર્ટ કરવામાં આવ્યા હતા. ઝમ્જીછ ડિપોર્ટના કારણોનો અલગ ડેટાબેઝ રાખે છે પરંતુ તેમાં દેશવાર વિગતો નથી.

CBSA દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં થયેલા સરેરાશ ડિપોર્ટેશનમાં મેક્સિકો ટોચ પર આવે છે અને ભારતીયો બીજા નંબરે આવે છે.

# ઝારખંડ ભરતી પરીક્ષામાં ગેરરીતિ મામલે કમિશનના ત્રણ સભ્યોએ આપ્યું રાજીનામુ

## રાજીનામુ આપનાર ત્રણ સભ્યોની સીઆઈડી કરશે પૂછપરછ

રાંચી

ઝારખંડમાં વિદ્યાર્થીઓ JPSC અને JSSC ભરતી પરીક્ષાઓમાં કથિત અનિયમિતતાઓ સામે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. ત્યારે ઝારખંડ પબ્લિક સર્વિસ કમિશનના ત્રણ સભ્યો અજીતા ભટ્ટાચાર્ય, અનિમા હંસદા અને જમાલ અહેમદ - એ રાજીનામું આપી દીધું છે. જેને રાજ્યપાલ સંતોષ કુમાર ગંગવારે તેમના બધા રાજીનામા સ્વીકારી લીધા છે. તેમજ સીઆઈડી સોમવારથી તેમની પૂછપરછ શરૂ કરશે.ઝારખંડ લોકભવન દ્વારા જાહેર કરાયેલી માહિતી અનુસાર રાજયપાલે રાજય સરકારની ભલામણના આધારે આ નિર્ણય લીધો છે.આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે ઝારખંડમાં વિદ્યાર્થીઓ JPSC અને ત્નજીજીઝ ભરતી પરીક્ષાઓમાં કથિત ગેરરીતિ અંગે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. વિદ્યાર્થી સંગઠનો પરીક્ષા પ્રક્રિયામાં સુધારા અને કથિત ગેરરીતિની તપાસ સહિત અનેક માંગણીઓ ઉઠાવી રહ્યા છે.

આ ઉપરાંત મળતી માહિતી મુજબ સીઆઈડીની ટીમ ત્રણેય સભ્યોની તબક્કાવાર પૂછપરછ કરશે. જેમાં સોમવારે ડૉ. અજિતા ભટ્ટાચાર્ય, મંગળવારે ડૉ. અનિમા હંસદા અને બુધવારે ડૉ. જમાલ અહેમદની પૂછપરછ કરશે. જો જરૂરી હોય તો ત્રણેયને ફરીથી સમન્સ પાઠવવામાં આવી શકે છે.

આ પૂર્વે તપાસ એજન્સીએ JPSCના ભૂતપૂર્વ અધ્યક્ષ અને ભૂતપૂર્વ મુખ્ય સચિવ એલ. ખિયાંગટેની ચાર રાઉન્ડમાં પૂછપરછ કરી ચૂકી છે. આ દરમિયાન તેમને પરીક્ષા પ્રક્રિયા અને કમિશન દ્વારા લેવામાં આવેલા નિર્ણયો અંગે ઘણા મહત્વપૂર્ણ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા.આ ઉપરાંત ૧૪મી JPSC સિવિલ સર્વિસીસ પ્રિલિમિનરી પરીક્ષાની આસપાસ કથિત ગેરરીતિઓ અંગે CID એ તેની તપાસ વધુ તીવ્ર બનાવી છે. જેમાં મુખ્ય સચિવ કાર્યાલયમાં કમ્પ્યુટર ઓપરેટર ધર્મેન્દ્ર કુમાર અને કન્ડક્ટિંગ એજન્સી TSR ડેટા પ્રોસેસિંગ પ્રાઈવેટ લિમિટેડના એકાઉન્ટન્ટ રક્ષક સિંહની પૂછપરછ ચાલુ રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પૂછપરછ અને તપાસ દરમિયાન મળેલા લીડ્સના આધારે આગામી દિવસોમાં વધુ ધરપકડ થઈ શકે છે.

# શિપરોકેટ લિમિટેડનો ipo ૧૨ ઓગસ્ટના રોજ ખુલશે



ઓફરની પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂા. ૯૨ થી રૂા. ૯૭ રાખવામાં આવી છે બિડ લઘુતમ ૧૫૪ ઈક્વિટી શેર અને પછી ૧૫૪ ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાશે.ઈશ્યુ ૧૨ ઓગસ્ટ ના રોજ ખુલશે અને ૧૪ ઓગષ્ટ ના રોજ બંધ થશે.

# મિલ્કી મિસ્ટ ડેરી ફૂડ લિમિટેડ નો ipo ૧૧ ઓગસ્ટના રોજ ખૂલશે




મિલ્કી મિસ્ટ ડેરી ફૂડ લિમિટેડ નો ipo ૧૧ ઓગસ્ટના રોજ ખુલી રહ્યો છે ઓફરની પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂા. ૧૩૩થી રૂા. ૧૪૦ રાખવામાં આવી છે બિડ લઘુતમ ૧૦૭ ઈક્વિટી શેર અને પછી ૧૦૭ ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાશે.ઈશ્યુ ૧૧ ઓગસ્ટ ના રોજ ખુલશે અને ૧૩ ઓગષ્ટ ના રોજ બંધ થશે.

# મહાકાલ મંદિરમાં દર્શન કરીને ઘરે પરત ફરી રહેલા ૬ લોકોના અકસ્માતમાં મોત

## મધ્યપ્રદેશના ધાર- ઉજ્જૈન હાઈવે પર પંચકવસા ગામ નજીક ગમખ્વાર અકસ્માત સર્જાયો

ધાર,

મધ્યપ્રદેશના ધાર-ઉજ્જૈન હાઈવે પર પંચકવસા ગામ નજીક વાગ્યે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. રસ્તાની ખોટી બાજુએ જઈ રહેલ એક કન્ટેનર ટ્રક એક ઈકો કાર સાથે અથડાઈ હતી. અકસ્માતની ઘટનામાં ગુજરાતના વડોદરાના છ યુવાનોના મોત નીપજ્યા છે અને ૧ ગંભીર રીતે ઘાયલ થયો હતો. આ ૬ યુવકો ઉજ્જૈનમાં મહાકાલ મંદિરના દર્શન કરીને કારમાં ગુજરાત પરત ફરી રહ્યા હતા. અકસ્માત બાદ ટ્રકચાલક ઘટનાસ્થળેથી ભાગી ગયો હતો.

આ ટક્કર એટલી ગંભીર હતી કે કાર ખરાબ રીતે ક્ષતિગ્રસ્ત થઈ ગઈ હતી, અને તેમાં સવાર તમામ ૬ લોકોના મોત થયા હતા. અકસ્માતની જાણ થતાં જ પોલીસ અને સ્થાનિક લોકો ઘટનાસ્થળે દોડી ગયા હતા, અને રાહત અને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી.

સ્થાનિક ગ્રામજનો અને પોલીસે સાથે મળીને કારનો કાચ તોડીને ભારે પ્રયાસ બાદ મૃતક યુવકોના મૃતદેહોને બહાર કાઢ્યા હતા. જેમાં ઘટનામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત યુવાનને વાહનમાંથી બહાર કાઢીને તાત્કાલિક એમ્બ્યુલન્સ દ્વારા બદનાવરના સિવિલ હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો. એક ઘાયલ વ્યક્તિને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. પોલીસે મૃતકોની ઓળખ કરી લીધી છે અને ગુજરાતમાં તેમના પરિવારોને અકસ્માત અંગે જાણ કરી દીધી છે.

જ્યારે મૃતકોના મૃતદેહોને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલના મોકલવામાં આવ્યા હતા અને ભાગી ગયેલા ટ્રક ચાલક સામે ફરિયાદ નોંધી તેની શોધખોળ કરવામાં આવી રહી છે.

# હલીશહરમાં મમતા બેનર્જીના કાફલા પર ઉશ્કેરાયેલી ભીડે કર્યો હિંસક હુમલો

## પોલીસની હાજરીમાં જ આક્રમક ટોળાએ અચાનક તેમના વાહન પર પથ્થરો અને પગરખાંથી હુમલો કર્યો

કલકતા

પશ્ચિમ બંગાળના ઉત્તર ૨૪ પરગણા જિલ્લાના હલીશહરમાં પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીના કાફલા પર ઉશ્કેરાયેલી ભીડે એ હુમલો કર્યો હતો. કાફલો તૃણમૂલ કોંગ્રેસ (સ્ઝ) ના એક મૃત કાર્યકરના ઘરે જઈ રહ્યો હતો ત્યારે ગુસ્સે ભરાયેલા ટોળાએ તેને વચ્ચે જ રોકી દીધો અને હુમલો કર્યો હતો અને પ્રદર્શનકારીઓએ તેમની ગાડીને ચારેય તરફથી ઘેરી લીધી હતી, અને તેના પર કાદવ, પાણીની બોટલો તેમજ જૂતા-ચંપલ ફેંક્યા હતા તથા મમતા બેનરજી સામે સૂત્રોચ્ચાર પણ કર્યા હતા.

ત્યાની બગડતી પરિસ્થિતિ બગડતી જોઈને, પોલીસ દળ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયું અને કડક સુરક્ષા હેઠળ પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીને આ વિસ્તારમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢવામાં



આવ્યા અને સુરક્ષા ઘેરાબંધીની અંદર મમતા બેનર્જીના કાફલાને વિસ્તારની બહાર લઈ ગયા.

પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીએ જણાવ્યું હતું કે પોલીસની હાજરીમાં જ આક્રમક ટોળાએ અચાનક તેમના વાહન પર પથ્થરો અને પગરખાંથી હુમલો કર્યો. જોકે, તે સમયે કારની બારીઓ બંધ હતી, જેના કારણે પથ્થરો તેમને વાગ્યા નહીં નહીંતર માથું ફૂટ ગયું હોત.

# મોલબાયો ડાયગનોસ્ટીક લિમિટેડનો ipo આજથી ખૂલશે



મોલબાયો ડાયગનોસ્ટિક લિમિટેડ નો ipo આજથી ખુલી ગયો છે ઓફરની પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂા. ૭૬૮થી રૂા. ૮૦૭રાખવામાં આવી છે બિડ લઘુતમ ૧૮ ઈક્વિટી શેર અને પછી ૧૮ ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાશે.ઈશ્યુ ૧૨ ઓગસ્ટ ના રોજ બંધ થશે.

# દિલ્હીમાં વરસાદના કારણે યમુના નદીના જળસ્તરમાં નોંધપાત્ર વધારો થયો



નવી દિલ્હી

ચોમાસાની ઋતુમાં દેશના વિવિધ રાજયોમાં વરસાદ ની તરજીઓ સર્જી છે. દેશના અનેક ભાગોમાં ભારે વરસાદ થવાની સંભાવના છે. રાજધાની દિલ્હીમાં છેલ્લા કેટલાક દિવસોથી વરસાદ પડી રહ્યો છે અને આ ભારે વરસાદના કારણે યમુના નદીનું જળસ્તર પણ ઝડપથી વધી રહ્યું છે આ સ્થિતિને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા સતર્કતા રાખવામાં આવી રહી છે. બીજી તરફ, ભારતીય હવામાન વિભાગ અનુસાર, બંગાળની ખાડીમાં સક્રિય થયેલા ઓછા દબાણના ક્ષેત્ર અને પશ્ચિમ તરફ આગળ વધી રહેલી સિસ્ટમને લીધે આગામી દિવસોમાં દેશના અનેક ભાગોમાં વરસાદનું જોર યથાવત રહેશે. દક્ષિણ ભારતમાં પણ ચોમાસું પૂરજોશમાં સક્રિય છે. હવામાન વિભાગે ઓડિશા અને છત્તીસગઢમાં ભારે વરસાદની સંભાવનાને પગલે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. આ ઉપરાંત હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને જમ્મુ-કાશ્મીર જેવા પર્વતીય વિસ્તારોમાં પણ ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે.

# 'જો ખેલેગા, વહીં ખીલેગા': ૩૯ ચેમ્પિયન્સની વચ્ચે PM મોદી

## કોમનવેલ્થ ગેમ્સના મેડલિસ્ટ્સને મળ્યા વડાપ્રધાન; ચોથા સ્થાને રહ્યું હતું ભારત

નવીદિલ્હી,

સ્કોટલેન્ડના ગ્લાસગો શહેરમાં યોજાયેલી કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬માં ભારતીય ખેલાડીઓનું શાનદાર પ્રદર્શન જોવા મળ્યું હતું, જેમાં ભારતીય એથલીટ્સે ૩૯ મેડલ જીતવામાં સફળતા મેળવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૯ ઓગસ્ટે પીએમ આવાસ પર આ વખતે કોમનવેલ્થ ગેમ્સમાં મેડલ જીતનાર તમામ મેડલિસ્ટ સાથે મુલાકાત કરી હતી, તેમજ તેઓની ઝળહળતી સિદ્ધિ બદલ ખેલાડીઓને શુભકામનાઓ પાઠવી હતી.

તેઓએ આ મુલાકાતની એક રીલ પણ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ



પર શેર કરી છે. જેમાં તેણે કહ્યું જો રમશે તે જ ખિલશે. ભારતીય દળે આ વખતે કોમનવેલ્થ ગેમ્સમાં ૧૩ ગોલ્ડ મેડલ, ૧૭ સિલ્વર અને ૯ બ્રોન્ઝ મેડલ જીતવામાં સફળતા મેળવી છે. જેના જોરે ભારતે મેડલ ટેલીમાં ચોથા નંબરે રહીને સ્પર્ધા પૂર્ણ કરી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે કોમનવેલ્થ ગેમ્સમાં મેડલ જીતનાર ભારતીય ખેલાડીઓ સાથે મુલાકાત કરી. તેમણે પોતાના ઈન્સ્ટાગ્રામ પર ખેલાડીઓ સાથે એક રીલ શેર કરી. ૩૨ સેકન્ડની આ રીલમાં તેઓ ગોલ્ડ મેડલિસ્ટ બોક્સર સાક્ષી ચૌધરી અને અન્ય ખેલાડીઓ સાથે જોવા મળ્યા. આમાં વડાપ્રધાને કહ્યું- 'જો ખેલેગા, વહીં ખીલેગા.'

ભારતના ૩૯ મેડલોમાં સૌથી મોટો ફાળો બોક્સિંગનો રહ્યો. બોક્સર્સે ૭ ગોલ્ડ અને ૩ સિલ્વર સહિત કુલ ૧૦ મેડલ જીત્યા. એટલે કે દર ચારમાંથી એક મેડલ બોક્સિંગમાંથી આવ્યો. એથ્લેટિક્સમાં ૧૦ મેડલ આવ્યા, પરંતુ તેમાં ગોલ્ડ મળ્યો નહીં. વેઈટલિફ્ટિંગમાંથી ૮, પેરા એથ્લેટિક્સમાંથી ૬, જુડોમાંથી ૪ અને પેરા પાવરલિફ્ટિંગમાંથી ૧ મેડલ મળ્યો. કુલ મળીને ૩૯માંથી ૩૭ મેડલ માત્ર પાંચ રમતોમાંથી આવ્યા.

# ધૂત ટ્રાન્સમિશન લિમિટેડ નો ipo આજથી ખૂલશે




ધૂત ટ્રાન્સમિશન લિમિટેડ નો ipo આજથી ખુલી ગયો છે ઓફરની પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂા. ૮૨૯થી રૂા. ૮૭૧ રાખવામાં આવી છે બિડ લઘુતમ ૧૭ ઈક્વિટી શેર અને પછી ૧૭ ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાશે.ઈશ્યુ ૧૨ ઓગસ્ટ ના રોજ બંધ થશે.

# ચાંદીપુરાનો હાહાકારઃ રિપોર્ટમાં વિલંબ વચ્ચે વધુ એક 'શંકાસ્પદ' બાળકનું મોત




રાજકોટઃ રાજ્યમાં બાળભક્ષી ચાંદીપુરા વાયરસનો હાહાકાર યથાવત રહ્યો છે. અત્યાર સુધીમાં ૨૨ ભૂલકાંને ભરખી જનાર ઘાતક રોગનો તોડ મળ્યો નથી ત્યાં વધુ એક બાળકનો જીવ લીધો છે. જેમાં આજે ધ્રોલ પંથકનાં બાળકે રાજકોટમાં અંતિમ શ્વાસ લીધા હતા. ગંભીર બાબત એ છે કે, જામનગર જિલ્લાનાં છઠ્ઠા બાળકે ચાંદીપુરાનો રિપોર્ટ આવ્યા પહેલા જીવ ગુમાવ્યો છે. વળી, પહેલાનાં પાંચ મૃત્યુ બાદ નેગેટીવ રીપોર્ટ આવ્યા હતા એટલે જીવલેણ બની રહેલા ચાંદીપુરા જેવા ઘાતક રોગ અંગે રહસ્ય સર્જાયું છે.

જામનગર જિલ્લામાં ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ કેસે ફરી એકવાર કાળો કહેર વર્તાવ્યો છે. ધ્રોલ તાલુકાના ડાંગરા સીમ વિસ્તારમાંથી ચાંદીપુરાના શંકાસ્પદ લક્ષણો સાથે રાજકોટની સરકારી હોસ્પિટલમાં ખસેડાયેલા ૬ વર્ષીય માસૂમ બાળકનું સારવાર દરમિયાન મોત થયું હતું. તબીબી વિજ્ઞાન અને અદ્યતન સ્વાસ્થ્ય સેવાઓની ગુલબાંગો વચ્ચે આજે વધુ એક માસુમ બાળકનું મોત નીપજ્યા બાદ પણ હજુ સુધી ચાંદીપુરા વાયરસના સેમ્પલનો રિપોર્ટ આવ્યો નથી, જે સરકાર અને આરોગ્ય તંત્ર આ મુદ્દે ગંભીર હોવા સામે મોટો સવાલ ઉભો છે. કારણ કે, રાજકોટમાં એઈમ્સ અને જામનગરમાં ગ્લોબલ ટ્રેડિશનલ મેડિસિન સેન્ટર જેવી વિશ્વકક્ષાની આરોગ્ય સંસ્થા હજુ કાગળ ઉપર છે. ઝુંપડાં કે કાચા મકાનોમાં રહેતા ગરીબ અને શ્રમિક વર્ગનાં સંતાનોને જ ચાંદીપુરા વાયરસ ઝપટમાં લેતો હોવાથી હજુ સુધી વેક્સિન શોધવી તો દૂર રહી, સમયસર રિપોર્ટ પણ મળતા નથી.

તબીબી સૂત્રોના જણાવ્યા અનુસાર હાલ જામનગરની જી.જી. હોસ્પિટલમાં ત્રણ શંકાસ્પદ બાળદર્દીઓ સારવાર હેઠળ છે. જેમાં કાલાવડ પંથકમાંથી શંકાસ્પદ લક્ષણો સાથે લાવવામાં આવેલા બે વર્ષીય માસૂમ બાળકનો પણ સમાવેશ થાય છે. એક બાળક અત્યંત નાજુક સ્થિતિમાં વેન્ટિલેટર પર જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યું છે. એ જ રીતે રાજકોટ સિવિલ હોસ્પિટલનાં બાળરોગ વિભાગમાં પણ બે બાળકો સારવાર લઈ રહ્યા છે.

આરોગ્ય વિભાગ દ્વારા હંમેશની જેમ સંબંધિત વિસ્તારોમાં સર્વેલન્સ અને તકેદારીના માત્ર કાગળ પર દાવા કરવામાં આવી રહ્યા છે. લોકોને ગભરાઈ જવાના બદલે સાવચેતી રાખવા અને બાળકોમાં તાવ, ઝાડા, ઊલટી કે બેભાન થવા જેવા લક્ષણો જણાય તો તાત્કાલિક ડોક્ટર પાસે લઈ જવા સલાહ અપાઈ રહી છે.

## બાળકીને બચાવવાની વાહવાહી લૂંટનાર તબીબો મોત મુદ્દે મૌન

રાજકોટ સિવિલ હોસ્પિટલનાં બાળરોગ વિભાગમાં બે દિવસ પહેલા ફક્ત ત્રણ મહિનાની ચાંદીપુરાગ્રસ્ત બાળકીને સઘન સારવાર આપીને બચાવી લેવામાં આવ્યાની તબીબોએ મોટે-મોટેથી બૂમો પાડીને વાહવાહી લૂંટી હતી, પણ આજે એક બાળકનું મૃત્યુ નીપજતાં જવાબદારી ખંખેરી મૌન સેવી લીધું હતું.

આરોગ્ય વિભાગ દ્વારા સર્વેલન્સ અને તકેદારીના કાગળ પર દાવા

આરોગ્ય વિભાગ દ્વારા હંમેશની જેમ સંબંધિત વિસ્તારોમાં સર્વેલન્સ અને તકેદારીના માત્ર કાગળ પર દાવા કરવામાં આવી રહ્યા છે. લોકોને ગભરાઈ જવાના બદલે સાવચેતી રાખવા અને બાળકોમાં તાવ, ઝાડા, ઊલટી કે બેભાન થવા જેવા લક્ષણો જણાય તો તાત્કાલિક ડોક્ટર પાસે લઈ જવા સલાહ અપાઈ રહી છે.

# જેતપુરની આલ્ફા સ્કૂલમાં શિક્ષકની હાજરીમાં જ વિદ્યાર્થીઓ બાખડ્યા, ધીંગાણું: એકે કડું મારી માથું ફોડી નાખ્યું!

## ચાલુ ક્લાસમાં સાતમા ધોરણના વિદ્યાર્થીઓ વચ્ચે છૂટા હાથની મારામારી: લોહીલુહાણ હાલતમાં વિદ્યાર્થીને સરકારી હોસ્પિટલ ખસેડાયો





જેતપુર:જેતપુર શહેરમાં અમરનગર રોડ પર આવેલી 'આલ્ફા ઈંગ્લીશ સ્કૂલ'માં આજે એક એવી ચોંકાવનારી અને શરમજનક ઘટના બની છે, જેણે શાળા સંચાલકો અને શિક્ષકોની ભૂમિકા પર ગંભીર સવાલો ઉભા કર્યા છે. ચાલુ ક્લાસમાં, શિક્ષકની હાજરીમાં જ બે વિદ્યાર્થીઓ વચ્ચે છૂટા હાથની મારામારી થઈ હતી અને એક વિદ્યાર્થીએ ઉશ્કેરાઈને બીજા વિદ્યાર્થીના માથામાં કડું મારી દેતા તેનું માથું ફાટી ગયું હતું. આ ઘટના બાદ શાળામાં ભારે હોબાળો મચી ગયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, આલ્ફા સ્કૂલમાં ધોરણ ૭માં અભ્યાસ કરતા આર્યન સંજયભાઈ મેર નામના વિદ્યાર્થી સાથે આ ઘટના બની હતી. સવારના સમયે જયારે ક્લાસમાં શિક્ષકનો પિરિયડ ચાલુ હતો, ત્યારે કોઈ બાબતે બે વિદ્યાર્થીઓ વચ્ચે બોલાચાલી થઈ હતી. વાત એટલી હદે વણસી ગઈ કે એક વિદ્યાર્થીએ ઉશ્કેરાઈને બીજા વિધાર્થી આર્યન મેર પર હુમલો કરી દીધો અને પોતાના હાથમાં પહેરેલું કડું આર્યનના માથામાં જોરથી મારી દીધું. આ હુમલાને કારણે આર્યનને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી અને શર્ટ આખો લોહીલુહાણ થઈ ગયો.

આશ્ચર્યની વાત એ છે કે, આ આખી ઘટના ક્લાસરૂમમાં હાજર શિક્ષક સાહેબની નજર સામે જ બની હતી. તેમ છતાં તેઓએ વિદ્યાર્થીઓને રોકવાનો કે છોડાવવાનો કોઈ જ પ્રયાસ કર્યો ન હતો. શાળાના સીસીટીવી ફૂટેજમાં પણ સ્પષ્ટ દેખાય છે કે શિક્ષક ક્લાસમાં બિન્દાસ અભ્યાસ કરાવી રહ્યા છે અને વિદ્યાર્થીઓ મારામારી કરી રહ્યા છે.

આર્યનના પિતા સંજયભાઈ મેર અને માતા વિજયાબેને રોષપૂર્વક જણાવ્યું હતું કે, અમને સવારે ૧૦ વાગ્યે શાળામાંથી ફોન આવ્યો કે તમારા દીકરાને વાગ્યું છે. અમે દોડીને ગયા તો જોયું કે અમારો દીકરો લોહીલુહાણ હાલતમાં હતો. અમે શિક્ષક અને સંચાલકોને પૂછ્યું કે આવું કેમ બન્યું? તો તેઓ પહેલા તો ગોળ-ગોળ જવાબો આપવા લાગ્યા અને કહ્યું કે રિસેસમાં બન્યું હશે. પણ જયારે અમે સીસીટીવી ફૂટેજ જોયા ત્યારે ખબર પડી કે આ તો ચાલુ ક્લાસમાં, શિક્ષકની હાજરીમાં જ બન્યું છે. છતાં શિક્ષકે કોઈ જવાબદારી દાખવી નહીં.

વાલીઓએ સવાલ ઉઠાવ્યો છે કે, જો ચાલુ ક્લાસમાં શિક્ષકની હાજરીમાં જ અમારા બાળકો સુરક્ષિત ન હોય, તો પછી અમે તેમને શાળાએ શું કામ મોકલીએ? આજે કડું માર્યું છે, કાલે કોઈ છરી લઈને આવશે તો શું થશે?

ઘાયલ વિદ્યાર્થી આર્યનને તાત્કાલિક સારવાર માટે જેતપુરની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી.

આલ્ફા સ્કૂલના સંચાલકો અને શિક્ષકોની આ ઘોર બેદરકારીએ વાલીઓમાં ભારે રોષ જન્માવ્યો છે. શિક્ષણજગતમાં પણ આ ઘટનાને લઈને ફિટકાર વરસી રહ્યો છે. હવે જોવું એ રહ્યું કે શિક્ષણ વિભાગ આ ગંભીર બેદરકારી દાખવનાર શાળા સંચાલકો અને જવાબદાર શિક્ષક સામે કેવા કડક પગલાં લે છે.

# રૂ.૧૫.૦૧ લાખની છેતરપિંડીના ગુનામાં સુરતના આરોપીને ઝડપી પાડતી વિરપુર પોલીસ

## બાયોફ્યુઅલનો રૂ.૪૬.૨૪ લાખનો માલ લઈ બાકી નીકળતી રકમ પરત ન આપ્યાનો આક્ષેપ



રાજકોટ: પ્રાપ્ત વિગત અનુસાર રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં નોંધાયેલા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૩૧૬(૫) તથા ૩૧૮(૪) મુજબના ગુનામાં વિરપુર પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીને ઝડપી પાડી નોંધપાત્ર કામગીરી કરી છે.

રાજકોટ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લીપ્ત રાય ના માર્ગદર્શન હેઠળ રાજકોટ ગ્રામ્ય જિલ્લાના પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર તથા જેતપુર વિભાગ, જેતપુરના નાયબ પોલીસ અધિક્ષક આર.એ. ડોડીયાના માર્ગદર્શન હેઠળ વિરપુર પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં. ૧૧૨૧૩૦૦૧૨૬૦૨૨૭/૨૦૨૬થી ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૩૧૬(૫), ૩૧૮(૪) મુજબ ગુનો નોંધાયો હતો. ગુનાના આરોપીને ઝડપી પાડવા ઉચ્ચ અધિકારીઓ દ્વારા સૂચના આપવામાં આવતા તપાસ હાથ ધરી હતી,

પોલીસની વિગતો મુજબ આ ગુનાનો આરોપી બ્રીજેશભાઈ મનહરભાઈ કાપડીયા, સુરત ખાતે રહે છે અને જય અલખધણી એન્ટરપ્રાઈઝ નામની પેઢીનો માલિક છે. આરોપીએ ફરિયાદીને વિશ્વાસમાં લઈ ફરિયાદીના કારખાનામાં બનાવવામાં આવેલ કુલ રૂ.૪૬,૨૪,૩૧૨ની કિંમતનો બાયોફ્યુઅલનો માલ લીધો હતો.

આ માલના વ્યવહાર પેટે આરોપીએ અલગ-અલગ સમયે ફરિયાદીના ખાતામાં કેટલીક રકમ જમા કરાવી હતી. ત્યારબાદ કુલ વ્યવહારમાંથી રૂ.૧૫,૦૧,૯૫૮ની રકમ બાકી નીકળતી હતી. ફરિયાદી દ્વારા વારંવાર મોબાઈલ ફોન મારફતે બાકી રકમની ઉઘરાણી કરવામાં આવી હોવા છતાં આરોપીએ રકમ પરત ન આપ્યાનો આક્ષેપ છે.આરોપીએ ફરિયાદીની બાકી રકમનો અંગત ઉપયોગ કરી પરત ન આપતાં ફરિયાદીએ વિરપુર પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો. જેના આધારે ઉપરોક્ત ગુનો નોંધવામાં આવ્યો હતો.

ગુનો નોંધાયા બાદ વિરપુર પોલીસ દ્વારા માનવ તથા ટેકનિકલ સોર્સની મદદથી આરોપીની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન પોલીસને આરોપી અંગે મહત્વની માહિતી મળતાં ગણતરીના કલાકોમાં જ બ્રીજેશભાઈ મનહરભાઈ કાપડીયા, રહે. સુરત, શેડ નં. બી-૨૫, ગ્રાઉન્ડ ફ્લોર, દેવ કેમ્પસ, કોસમાડા રોડ, તા.જી. સુરત.વાળાને ઝડપી પાડવામાં આવ્યો હતો.પકડાયેલા આરોપી વિરુદ્ધ વિરપુર પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.પોલીસના જણાવ્યા મુજબ પકડાયેલા આરોપીનો અગાઉનો ગુનાહિત ઈતિહાસ પણ સામે આવ્યો છે. આરોપી વિરુદ્ધ ધોરાજી સિટી પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૧૩૦ ૧૦૨૬૦૨૬૨/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૬(૨) મુજબનો ગુનો નોંધાયેલ હોવાનું પોલીસ દ્વારા જણાવાયું છે.વિરપુર પોલીસ સ્ટેશનના PI એસ.જી. રાઠોડ દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવી છે કે, કોઈ અજાણી વ્યક્તિ વેપારી કે અન્ય વ્યવસાયિક તરીકે ઓળખ આપી લોભ-લાલચ, વધુ નફાની લાલચ કે અન્ય કોઈ પ્રલોભન આપી નાણાકીય વ્યવહાર કરવા જણાવે ત્યારે સંપૂર્ણ ખરાઈ કર્યા વિના નાણાં આપવાનું ટાળવું.અજાણી વ્યક્તિ સાથે નાણાકીય વ્યવહાર કરતા પહેલાં તેની ઓળખ, સરનામું તથા વ્યવસાયની સંપૂર્ણ ખરાઈ કરી જરૂરી સાવચેતી રાખવી. કોઈ વ્યક્તિ સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાય તો તાત્કાલિક નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી પોલીસને જાણ કરવા પણ અપીલ કરવામાં આવી છે.

# ૧૨ પાસ મુન્નાભાઈ MBBS ઝડપાયો

## ગોંડલ રોડ પર શિવ ક્લિનિક સીલ, ૧૫ વર્ષ કમ્પાઉન્ડર તરીકે ફરજ બાદ પોતે જ ડોક્ટર બની ગયો!



રાજકોટ:રાજકોટ શહેરમાં લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતો વધુ એક નકલી ડોક્ટર પોલીસના હાથે ઝડપાઈ ગયો છે. શહેરના ગોંડલ રોડ પર આવેલા 'શિવ ક્લિનિક'માં કોઈપણ જાતની તબીબી ડિગ્રી વગર પ્રેક્ટિસ કરતા ૩૨ વર્ષીય ધવલ ચૌહાણ નામના શખ્સને માલવિયાનગર પોલીસે દરોડો પાડી પકડી પાડ્યો છે. આરોપી અગાઉ ૧૫ વર્ષ સુધી અલગ-અલગ હોસ્પિટલોમાં કમ્પાઉન્ડર તરીકે નોકરી કર્યા બાદ પોતે જ 'ડોક્ટર' બનીને ક્લિનિક શરૂ કરી દીધું હોવાનો ખુલાસો થયો છે.

માલવિયાનગર પોલીસ મથકની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, ગોંડલ રોડ પર આવેલી જય ખોડિયાર સોસાયટી મેઈન રોડ પર, PGVCL પાવર હાઉસ બાજુમાં 'શિવ ક્લિનિક' ખાતે એક શખ્સ ડિગ્રી વગર ગેરકાયદેસર રીતે તબીબી પ્રેક્ટિસ કરી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે તા. ૮ ઓગસ્ટના રોજ સાંજના સમયે ક્લિનિક પર દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન ક્લિનિક ચલાવતા યુવકની પૂછપરછ કરતાં તેણે પોતાનું નામ ધવલ સુરેશભાઈ ચૌહાણ (ઉં.વ. ૩૨) બતાવ્યું હતું.

પોલીસે ધવલ ચૌહાણ પાસે તબીબી પ્રેક્ટિસ કરવા માટેના જરૂરી મેડિકલ ડિગ્રી સર્ટિફિકેટ કે રજિસ્ટ્રેશન માગ્યા હતા. જોકે, તેની પાસે કોઈ પણ પ્રકારની ડિગ્રી ન હોવાનું સામે આવ્યું હતું. આથી પોલીસે તેની ધરપકડ કરી ક્લિનિકમાંથી એલોપેથિક દવાઓ, તબીબી સાધનો અને ઈંજેકશનો સહિત કુલ ૧૬,૪૮૪નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

પોલીસની કડક પૂછપરછમાં આરોપીએ કબૂલાત કરી હતી કે, તેણે અગાઉ ૧૫ થી ૧૭ વર્ષ સુધી રાજકોટ શહેરની વિવિધ હોસ્પિટલોમાં કમ્પાઉન્ડર તરીકે કામ કર્યું હતું. કમ્પાઉન્ડર તરીકેનો અનુભવ મેળવ્યા બાદ છેલ્લા છ મહિનાથી તેણે ગોંડલ રોડ પર પોતે જ 'ડોક્ટર' બનીને ગેરકાયદેસર રીતે ક્લિનિક ખોલી દર્દીઓને દવાઓ આપવાનું શરૂ કર્યું હતું. પોલીસે નકલી તબીબ સામે મેડિકલ પ્રેક્ટિશ્નર એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટના લોધીકામાંથી ૧૫ વર્ષીય કિશોર ગુમ

## ફર્નિચરના કારખાનામાંથી રહસ્યમય રીતે લાપતા, અજાણ્યા શખ્સ સામે અપહરણનો ગુનો



રાજકોટ:રાજકોટ ગ્રામ્યના લોધીકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પાળ ગામની સીમમાં આવેલા હરીકૃષ્ણ ફર્નિશિંગના કારખાનામાંથી ૧૫ વર્ષીય કિશોર અચાનક ગુમ થઈ ગયો હતો. પરિવારજનો અને કારખાનાના સંચાલક દ્વારા શોધખોળ કરવા છતાં કિશોરનો પત્તો ન મળતાં લોધીકા પોલીસે અજાણ્યા શખ્સ સામે અપહરણનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

મૂળ ઉત્તર પ્રદેશના અને હાલ સુરતમાં રહેતા સલીમ મુસ્તાકીન ખાને પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. તેઓ પોતાના ૧૫ વર્ષીય ભત્રીજા મોહમદ ફીરોજ તબરેજ આલમને ફર્નિચરનું કામ શીખવવા અને મજૂરી માટે રાજકોટના પાળ ગામની સીમમાં નવા ૧૫૦ ફૂટ રિંગ રોડ નજીક આવેલા હરીકૃષ્ણ ફર્નિશિંગના કારખાનામાં લાવ્યા હતા.

ફરિયાદ મુજબ, ૩ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ સવારે આશરે ૮ વાગ્યે મોહમદ ફીરોજ કારખાનામાંથી અચાનક ગુમ થઈ ગયો હતો. પરિવારજનો તેમજ કારખાનાના શેઠ જયેશભાઈએ આસપાસના વિસ્તારો ઉપરાંત સુરત અને ઉત્તર પ્રદેશમાં પણ શોધખોળ કરી હતી, પરંતુ કિશોરનો કોઈ પત્તો મળ્યો નહોતો.

ગુમ થયેલા કિશોરનું નામ મોહમદ ફીરોજ તબરેજ આલમ છે અને તેની ઉંમર ૧૫ વર્ષ ૨ મહિના છે. તેની ઊંચાઈ આશરે ૬ ફૂટ છે અને બાંધો પાતળો છે. ચહેરો લંબગોળ છે તથા જમણી આંખની નીચે કાળા ચાંઠાનું નિશાન છે. ગુમ થયો ત્યારે તેણે ભુખરા રંગનું લીલા-ગુલાબી ડિઝાઈનવાળું શર્ટ અને બ્લુ રંગનું પેન્ટ પહેર્યું હતું.સગીર ભત્રીજાને કોઈ અજાણ્યો શખ્સ કાયદેસરના વાલીપણામાંથી લલચાવી-ફોસલાવી લઈ ગયો હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી છે. આ આધારે સલીમ ખાને લોધીકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. લોધીકા પોલીસે BNSની કલમ ૧૩૭(૨) હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ મામલે જીૈં ઈન્દ્રજીતસિંહ સરવૈયાની દેખરેખ હેઠળ તપાસ ચાલી રહી છે.

# રાજકોટ મનપાના ૪૮૭ પ્લોટ ઉપર ભૂમાફિયાઓનો કબજો



રાજકોટ:રાજકોટ શહેરમાં જેમ જેમ ટીપી સ્કીમો મંજૂર થવા લાગી તેમ તેમ મહાનગરપાલિકાને અલગ અલગ હેતુ માટેના પ્લોટ ફાળવવામાં આવ્યા છે. છેલ્લા ૨૫ વર્ષ દરમિયાન અલગ અલગ વોર્ડમાંથી મહાપાલિકાને ૧૬૨૪ પ્લોટ પ્રાપ્ત થયા છે.

જેમા ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેમજ બગીચાઓ, આવાસ યોજનાઓ અને વેચાણના હેતુ માટેના પ્લોટનો સમાવેશ થાય છે, પરંતુ જરૂરિયાત મુજબના પ્રોજેક્ટ તૈયાર કરવા માટે મંજૂરી મળેલ ન હોય તેમજ અમુક વિસ્તારોમાં હાલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂરિયાત ન હોય આ પ્રકારના અનેક પ્લોટ નધણિયાતી હાલતમાં હોવાથી બાહુબલીઓ અને રાજકીય મળતિયાઓએ કબજો કરી લેતા ૪૮૭ પ્લોટ મનપાના ચોપડે બોલે છે, પરંતુ સ્થળ ઉપર ગાયબ થઈ ગયાનું ટીપી વિભાગમાંથી જાણવા મળ્યું છે.

મનપાના ટાઉનપ્લાનિંગ વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ ૨૫ વર્ષ દરમિયાન અનેક પ્લોટ પરથી દબાણો હટાવવામાં તંત્ર નિષ્ફળ નિવડ્યું છે. નવા ભળેલા વિસ્તારોમાં તેમજ સેન્ટ્રલ ઝોનના અમુક વોર્ડમાં આજે પણ સાર્વજનિક તેમજ અલગ અલગ હેતુ માટે ફાળવેલા પ્લોટ ઉપર દબાણો કરી દબાણકર્તા દ્વારા ભાડા ઉઘરાવવામાં આવી રહ્યા છે અને દબાણકર્તાઓ રાજકીય વગ ધરાવતા હોવાથી તેમની વિરુદ્ધ કોઈ કાર્યવાહી કરવાની હિંમત અધિકારીઓ કરી શકતા નથી.

મનપાને મળેલા ૧૬૨૪ પ્લોટ પૈકી ૩૦ ટકા પ્લોટ પર આજે પણ દબાણો હોવાનું જાણવા છતાં ટીઆરપી ગેમ ઝોન દુર્ઘટના બાદ ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા છેલ્લા બે વર્ષ દરમિયાન ૯૦૦થી વધુ દબાણકર્તાને નોટિસ આપી અનેક દબાણોનું ડિમોલિશન કરવામાં આવ્યું હતું, પરંતુ આ ડિમોલિશનમાં એક પણ સાર્વજનિક પ્લોટ કે મનપાના અલગ અલગ હેતુના પ્લોટ પર થયેલા દબાણો દૂર કરવામાં આવ્યા નથી.

ફક્ત સૂચિતના બાંધકામો અને રોડ પહોળા કરવા માટે નડતર રૂપ થતા બાંધકામોનું તેમજ ધાર્મિક બાંધકામોનું ડિમોલિશન કરવામાં આવ્યું છે.જ્યારે ભૂમાફિયા સામે કોઈ કાર્યવાહી કરાતી નથી.

શહેરમાં કોઈ સ્થળે ગરેકાયદેસર બાંધકામ થતું હોય તેની જાણકારી એક જાગૃત નાગરિક દ્વારા ટીપી વિભાગના ઉચ્ચ અધિકારીઓ તેમજ મનપાના સ્ટે.ચેરમેન સહિતના પદાધિકારીઓને આધાર પુરાવા સાથે આપવામાં આવે ત્યારે આ પ્રકારના બાંધકામનું ડિમોલિશન કરવાના બદલે અધિકારીઓ સાથે મિલીભગત કરી પદાધિકારીઓ દ્વારા આવા ગેરકાયદેસર બાંધકામોને છાવરવામાં આવી રહ્યા છે. એવી જ રીતે અધિકારીઓના ધ્યાનમાં આ પ્રકારના બાંધકામોના માલિકો પાસેથી મોટો તોડ કરવામાં આવતો હોવાની ફરિયાદો આવી છે. આથી ટીપી વિભાગ હોય કે પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ ગેરકાયદેસર બાંધકામો રોકવાના બદલે તેને વેગ આપી રહ્યા હોય તેવી સ્થિતિ આજે શહેરમાં જોવા મળી રહી છે.

# "બ્રાન્ડેડ કપડાં પહેરવાથી ઉચ્ચ જ્ઞાતિનો નહીં થઈ જાય" કહી તરુણને ઢોરમાર માર્યો

રાજકોટ:અન્ય એક બનાવમાં પિતા કમલેશભાઈ વાઘેલાએ પ્રદ્યુમનનગર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમનો ૧૬ વર્ષનો પુત્ર વિરરાજ તા. ૭ ઓગસ્ટના રોજ બાલભવન પાસે ચાની દુકાને હતો. તે સમયે તેની સાથે અભ્યાસ કરતા આદિત્યસિંહ અને પુષ્પરાજસિંહ જાડેજા સહિત ૧૦ શખ્સો ત્યાં આવી પહોંચ્યા હતા. "તું બ્રાન્ડેડ કપડાં અને બૂટ કેમ પહેરે છે? તેનાથી તું ઉચ્ચ જ્ઞાતિનો નથી થઈ જવાનો" તેમ કહી જ્ઞાતિ પ્રત્યે હડધૂત કર્યો હતો. ત્યારબાદ એક અજાણ્યા શખ્સે હાથના કડા વડે માથામાં માર મારતાં તરુણને ઉલટીઓ થઈ હતી અને લોહી નીકળવા લાગતાં તેને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો. પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ ચલાવી રહી છે.

# નાયબ મામલતદારનું માર્ગ અકસ્માતમાં મોતઃ જસદણ-વિંછીયા રોડ પર કાર ડિવાઈડર સાથે અથડાઈ



રાજકોટ:જસદણ-વિંછીયા રોડ પર જલારામ જીન નજીક એક ગંભીર માર્ગ અકસ્માતમાં નાયબ મામલતદારનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, સાળંગપુરથી પરત ફરી રહેલી એક કાર જસદણ-વિંછીયા રોડ પર જલારામ જીન પાસેથી પસાર થઈ રહી હતી. તે સમયે કોઈ અગમ્ય કારણોસર કાર ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતમાં કાર ચાલક સંજયભાઈ મોહનભાઈ વડાલીયા (ઉંમર ૩૪, રહે. તાલાળા)નું ઘટનાસ્થળે જ અવસાન થયું હતું. તેઓ નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા હતા.

અકસ્માતની જાણ થતાં આસપાસના લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા. જસદણ પોલીસને જાણ કરાતા પોલીસ ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી હતી અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે જસદણ સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો. જસદણ પોલીસે અકસ્માત કયા સંજોગોમાં અને કેવી રીતે સર્જાયો તે અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# હાઈકોર્ટની અપીલ પાછી ખેંચવા દબાણ કરી વૃદ્ધા પર કાચની બોટલથી હુમલો

રાજકોટ:પ્રદ્યુમનનગર પોલીસ મથક વિસ્તારમાં આવેલા ભિસ્તીવાડ શેરી નંબર ૨માં રહેતા ૬૨ વર્ષીય મહિલા તા. ૯ ઓગસ્ટના રોજ રાત્રે પોતાના ઘર પાસે ઉભા હતા ત્યારે રુદ્ર ગઢવી અને સોયબ ગોરી નામના બે શખસો બાઈક પર આવ્યા હતા. રુદ્ર ગઢવીએ મહિલાને રિયાજ દલ અને રાજા ઉર્ફે શાહરુખ જુણેજા વિરુદ્ધ હાઈકોર્ટમાં કરેલી અપીલ પરત ખેંચી લેવા ધમકી આપી હતી. મહિલાએ વિરોધ કરતાં ઉશ્કેરાયેલા રુદ્ર ગઢવીએ તૂટેલી કાચની બોટલ મહિલાના જમણા હાથે મારી ઈજા પહોંચાડી હતી અને સોયબ ગોરીએ કાચની બોટલો ઘર તરફ ફેંકી હતી. મહિલાનો પુત્ર આવી જતાં બંને નાસી ગયા હતા. ઈજાગ્રસ્ત વૃદ્ધાને સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા, જયાં સારવાર બાદ પ્રદ્યુમનનગર પોલીસે ગુનો નોંધી બંને આરોપીઓને ઝડપી લીધા છે.